CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૫ એપ્રિલ ૨૦૨૫, શનિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર સુદ ૮ | અંક : ૨૭૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# શેરબજારમાં હાહાકાર, સેન્સેક્સમાં ૯૩૧ પોઈન્ટનો કડાકો નોંધાયો

## સેન્સેક્સ ૯૩૦.૬૭ પોઈન્ટ અથવા ૧.૨૨ ટકા ઘટીને ૭૫,૩૬૪.૬૯ પર બંધ : નિફ્ટી ૩૪૫.૬૫ પોઈન્ટ ઘટીને ૨૨,૯૦૪.૪૫ પર બંધ થયા

। (એજન્સી) મુંબઈ, તા.૪ ।

ડોનાલ્ડ ટ્રમ્પે ટૂંક સમયમાં ફાર્મા પર ટેરિફ લાદવાની ધમકી પણ આપી છે. તેમણે કહ્યું કે ટૂંક સમયમાં ફાર્મા પર અભૂતપૂર્વ ટેરિફ લાદવામાં આવશે. ટ્રમ્પની જાહેરાતને કારણે નિફ્ટી ફાર્મા ઈન્ડેક્સ લગભગ ૪% ઘટ્યો છે. આજે મેટલ શેરોમાં સૌથી વધુ ઉછાળો જોવા મળ્યો. બજારમાં વેચવાલી જોવા મળી રહી છે. બેંક નિફ્ટી નીચલા સ્તરથી લગભગ ૩૦૦ પોઈન્ટ સુધરીને ૫૧૮૦૦ ને પાર કરી ગયો. નિફ્ટી ૨૩૦૦૦ ની નીચે સરકી ગયો છે. ડોનાલ્ડ ટ્રમ્પે ટૂંક સમયમાં ફાર્મા પર ટેરિફ લાદવાની ધમકી પણ આપી છે. તેમણે કહ્યું કે ટૂંક સમયમાં ફાર્મા પર અભૂત પૂર્વ ટેરિફ લાદવામાં આવશે. ટ્રમ્પની જાહેરાતને કારણે નિફ્ટી ફાર્મા ઈન્ડેક્સ લગભગ ૪% ઘટ્યો છે. આજે મેટલ શેરોમાં સૌથી વધુ ઉછાળો જોવા મળ્યો. સેન્સેક્સ-નિફ્ટી ભારે ઘટાડા સાથે બંધ થયા. મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં ભારે વેચવાલી જોવા મળી. FMCG સિવાય, મ્જીઈ ના તમામ ક્ષેત્ર સૂચકાંકોમાં ઘટાડો થયો. મેટલ, ફાર્મા, ઓઈલ અને ગેસ ઈન્ડેક્સમાં સૌથી વધુ ઘટાડો થયો. આઈટી, રિયલ્ટી, પીએસઈ શેરોમાં વેચવાલી જોવા મળી. નિફ્ટી બેંક થોડા ઘટાડા સાથે બંધ થયો. ટ્રેડિંગના અંતે, સેન્સેક્સ ૯૩૦.૬૭ પોઈન્ટ અથવા ૧.૨૨ ટકા ઘટીને ૭૫,૩૬૪.૬૯ પર બંધ થયો. બીજી તરફ, નિફ્ટી ૩૪૫.૬૫ પોઈન્ટ અથવા ૧.૪૯ ટકા ઘટીને ૨૨,૯૦૪.૪૫ પર બંધ થયો. નિફ્ટીમાં ટાટા સ્ટીલ, હિન્ડાલ્કો ઈન્ડસ્ટ્રીઝ, ઓએનજીસી, ટાટા મોટર્સ, સિપ્લા ટોચના ઘટાડાકર્તા હતા. જ્યારે નિફ્ટીના શેરમાં બજાજ ફાઈનાન્સ, ટાટા કન્ઝ્યુમર, એચડીએફસી બેંક, એક્સિસ બેંક અને શ્રીરામ ફાઈનાન્સ સૌથી વધુ વધ્યા હતા. ક્ષેત્રીય



મોરચે, મેટલ ઈન્ડેક્સ ૫ ટકા, ફાર્મા ઈન્ડેક્સ ૪ ટકા અને રિયલ્ટી ઈન્ડેક્સ ૩ ટકાથી વધુ ઘટીને બંધ થયા. બીજી તરફ, ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સ ૩% ના ઘટાડા સાથે બંધ થયો, પાવર, કન્ઝ્યુમર ડ્યુરેબલ, મીડિયા, આઈટી ઈન્ડેક્સ ૨% થી વધુ ઘટાડા સાથે બંધ થયો. શુક્રવાર, ૪ એપ્રિલના રોજ પર્લ ગ્લોબલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના શેર ૧૮% ઘટ્યા હતા. દિવસ દરમિયાન બીએસઈ પર શેર ૨૦ ટકા ઘટ્યો હતો અને રૂ ૧,૦૦૯.૯૫ ના નીચલા પ્રાઈસ બેન્ડને સ્પર્શ્યો હતો. પણ સર્કિટ કામ ન કર્યું. ગુરુવારે આ શેર ૭ ટકા ઘટ્યો હતો. ટ્રમ્પ ટેરિફની અસર બેઝ મેટલ્સ અને ક્રૂડ પર સ્પષ્ટપણે દેખાય છે. તાંબુ ૩ અઠવાડિયાથી નીચે અને ઝીંક ૯ મહિનાથી નીચે સરકી ગયું છે. દરમિયાન, ગઈકાલે ૬% ઘટ્યા બાદ આજે બ્રેન્ટ ૪% ઘટીને ટ્રેડ થઈ રહ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં બેઝ મેટલ્સના ભાવમાં ઘટાડો થયો છે. તાંબાના ભાવ ૩ અઠવાડિયાના નીચલા સ્તરે પહોંચી ગયા છે. શેરબજાર કડડભૂસ થતાં સૌથી વધુ નુકસાન સ્મોલકેપ ના રોકાણકારોને થયું છે. સ્મોલકેપ ઈન્ડેક્સ આજે ૧૭૮૯.૦૫ પોઈન્ટથી વધુ ગગડ્યો હતો. સ્મોલકેપ શેર્સમાં આજે ૨૦ ટકા સુધીનું ગાબડું જોવા મળ્યું હતું. બીએસઈ સ્મોલકેપમાં સામેલ માત્ર ૫૭ શેર જ સુધર્યા હતા. જ્યારે ૯૧૮ રેડઝોનમાં બંધ રહ્યા હતાં. મિડકેપ ઈન્ડેક્સ પણ ૧૪૦૦થી વધુ પોઈન્ટ તૂટ્યો હતો. ગ્લોબલ ટ્રેડ વૉરનો ભયઃ ટ્રમ્પના નવા ટેરિફ બાદ ચીન અને કેનેડાએ જવાબી કાર્યવાહી હાથ ધરી છે. જેનાથી વૈશ્વિક સ્તરે ટ્રેડ વૉરની ભીતિ વધી છે. ભારતે હજી સુધી આ મુદ્દે કોઈ સ્પષ્ટતા આપી નથી. ટ્રમ્પના ટેરિફથી મંદી વધવાની શક્યતાને ધ્યાનમાં લેતાં રોકાણકારો હાલ સાવચેત બન્યા છે. સેક્ટોરલ પ્રેશરઃ ફાર્મા સ્ટોક્સ, આઈટી શેર અને ઓટો શેર પર પ્રેશર જોવા મળ્યું છે. એનર્જી ઈન્ડેક્સ ૩.૯૪ ટકા, હેલ્થકેપ ૩.૩૯ ટકા, આઈટી ૩.૭૭ ટકા, ઓટો ૨.૯૫ ટકા, કેપિટલ ગુડ્સ ૪.૩૩ ટકા, મેટલ ૬.૪૩ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૪.૨૨ ટકા, પાવર ૩.૨૬ ટકા, રિયાલ્ટી ઈન્ડેક્સ ૪.૧૫ ટકા તૂટ્યો છે. આ તમામ સેક્ટર્સ પર ટ્રમ્પના ટેરિફની અસર થવાની છે.



### વક્ફ બિલ સંશોધન બિલને સંસદની મંજૂરી તે એક ઐતિહાસિક ક્ષણ

। નવી દિલ્હી, તા.૪ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદમાં વક્ફ સંશોધન બિલ પાસ થવા પર ખુશી વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે આ પગલું સામાજિક-આર્થિક ન્યાય, પારદર્શિતા અને સર્વસમાવેશક વિકાસ તરફના સામૂહિક પ્રયાસમાં એક મહત્ત્વપૂર્ણ ક્ષણ છે. વડા પ્રધાને કહ્યું કે આ ખાસ કરીને એવા લોકો માટે મદદરૂપ થશે જેઓ લાંબા સમયથી હાંસિયામાં ધકેલાઈ ગયા છે, જેમણે અવાજ ઉઠાવવા અને તક બંનેથી વંચિત રાખવામાં આવ્યા છે. મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં કહ્યું કે વર્ષોથી વક્ફ પ્રણાલી પારદર્શિતા અને જવાબદારીની ઉણપનો પર્યાય બની ગઈ છે. જેના કારણે ખાસ કરીને મુસ્લિમ મહિલાઓ, ગરીબ મુસ્લિમો અને પસમંદા મુસ્લિમોના હિતોને નુકસાન થઈ રહ્યું છે.



### વક્ફ બિલ પાસ થતા વક્ફ સંપત્તિઓ પર એક્શનમાં આવી યોગી સરકાર

। લખનૌ, તા.૪ ।

વક્ફ એમ્બેડ બિલ પાસ થતાંની સાથે જ યોગી સરકારે વક્ફ બોર્ડ દ્વારા ગેરકાયદે જાહેર કરેલી મિલકતો સામે કડક વલણ અપનાવવાનું શરૂ કરી દીધું છે. સરકારે તમામ જિલ્લા મેજિસ્ટ્રેટને એવી વક્ફ મિલકતોને ઓળખવા માટે ઝુંબેશ ચલાવવા સૂચના આપી છે કે જેની રેવન્યુ રેકોર્ડમાં નોંધ નથી અને જે નિયમો વિરુદ્ધ વક્ફ તરીકે જાહેર કરવામાં આવી છે. આ મિલકતોની ઓળખ કરીને વધુ જપ્તીની કાર્યવાહી કરવામાં આવશે. મહેસૂલ વિભાગના જણાવ્યા અનુસાર, યુપીમાં વક્ફ બોર્ડ દ્વારા દાવો કરવામાં આવેલી મોટાભાગની મિલકતોનો કોઈ સત્તાવાર રેકોર્ડ નથી. રેવન્યુ રેકોર્ડ મુજબ સુન્ની વક્ફ બોર્ડની માત્ર ૨,૫૩૩ મિલકતો નોંધાયેલી છે. જ્યારે શિયા વક્ફ બોર્ડની માત્ર ૪૩૦ મિલકતો સત્તાવાર રીતે નોંધાયેલી છે. જ્યારે વક્ફ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા આંકડા આના કરતા ઘણા વધારે છે.

**હવે રાષ્ટ્રપતિને મોકલાશે** । વક્ફ સુધારા કાયદો બનવા માટે હવે એક જ ડગલું રહી ગયું છે

# રાજ્યસભામાં પણ વક્ફ બિલ પાસ, તરફેણમાં ૧૨૮ તો વિરોધમાં ૯૫ વોટ

**યુપીએ સરકાર હોત તો ભગવાન કૃષ્ણની નગરી બેટ દ્વારકા, બદ્રીનાથ મંદિર વક્ફના થઈ ગયા હોત : ભાજપ**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

વક્ફ સુધારા બિલ ૨૦૨૫ ને લોકસભામાં મંજૂરી મળ્યા બાદ આખરે મોડી રાતે લાંબી ચર્ચા બાદ રાજ્યસભામાં પણ પાસ કરી દેવામાં આવ્યું. બિલની તરફેણમાં ૧૨૮ વોટ જ્યાએ ૯૫ સભ્યોએ વિરોધમાં વોટિંગ કર્યું હતું. વક્ફ સુધારા કાયદો બનવા માટે હવે એક જ ડગલું રહી ગયું છે. આ બિલને હવે રાષ્ટ્રપતિને મોકલાશે જ્યાંથી મંજૂરી મળતાં જ વક્ફ કાયદો બની જશે.

વિપક્ષ અને મુસ્લિમ પર્સનલ લો બોર્ડે વક્ફ સુધારા બિલ મુસ્લિમ વિરોધી હોવા અંગે આખા દેશમાં ભારે હોબાળો મચાવ્યો હતો. જોકે, આ બિલ ગુરુવારે રાજ્યસભામાં પણ મોડી રાતે પસાર થઈ ગયું હતું. લોકસભામાં લગભગ ૧૪ કલાક લાંબી ચર્ચા પછી આ બિલ પસાર થઈ ગયું હતું.




એ જ રીતે રાજ્યસભામાં ગુરુવારે આ બિલ પર મોડી રાત સુધી મેરેથોન ચર્ચા ચાલી હતી. વિપક્ષે આ બિલના સુધારાને મુસ્લિમ વિરોધી ગણાવ્યા હતા જ્યારે કેન્દ્ર સરકારે વક્ફ બોર્ડના કામકાજમાં પારદર્શિતા અને જવાબદારી લાવવાના આશયથી બિલમાં સુધારા કરાયા હોવાનો દાવો કર્યો હતો. રાજ્યસભામાં પસાર થવાની સાથે આ બિલને મંજૂરી માટે હવે રાષ્ટ્રપતિ સમક્ષ મોકલાશે. ત્યાર પછી આ બિલ કાયદો બની જશે. બજેટ સત્ર શુક્રવારે પૂરું થવાનું છે ત્યારે તેના આગલા દિવસે ગુરુવારે લઘુમતી બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ વક્ફ સુધારા બિલ બપોરે ૧ વાગ્યે રાજ્યસભામાં રજૂ કર્યું હતું. આ બિલ રજૂ કરતા તેમણે કહ્યું કે વ્યાપક ચર્ચા પછી તૈયાર કરાયેલા બિલને જેપીસી પાસે મોકલાયું હતું. વક્ફ અંગે જેપીસીએ જેટલું કામ કર્યું, તેટલું કામ કોઈપણ કમિટિએ કર્યું નથી. આ બિલમાં જે ફેરફારો થયા છે તે પારદર્શિતા, જવાબદારી અને એક્યુરસીને ધ્યાનમાં રાખી કરાયા છે. અમે કોઈની ધાર્મિક ભાવનાને નુકસાન પહોંચાડવા માગતા નથી. વક્ફ કોઈની સંપત્તિ પર સીધો કબજો નહીં કરી શકે. સંપત્તિના દાવા માટે દસ્તાવેજ જરૂરી છે. સંપત્તિનું રજિસ્ટ્રેશન જરૂરી છે. આદિવાસી વિસ્તારોમાં કોઈ પ્રોપર્ટીને વક્ફ જાહેર નહીં કરી શકાય.

**કોંગ્રેસને મંજુર નથી વક્ફ બોર્ડ બિલ!**

# બંને ગૃહોમાં પાસ થયેલા 'વક્ફ બિલ'ને સુપ્રીમ કોર્ટમાં પડકારશે કોંગ્રેસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

લોકસભા બાદ વકફ બોર્ડ (સુધારા) બિલ ૨૦૨૫ રાજ્યસભા દ્વારા પણ પસાર કરવામાં આવ્યું છે. જો કે કોંગ્રેસ આ વાત સ્વીકારતી નથી. દેશની સૌથી જૂની પાર્ટીનું કહેવું છે કે બહુ જલ્દી તે તેની સામે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરશે અને તેની બંધારણીય માન્યતાને પડકારશે. પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ જયરામ રમેશે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ દ્વારા આ માહિતી આપી છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, અમે માનીએ છીએ અને ભારતીય બંધારણમાં સમાવિષ્ટ સિદ્ધાંતો, જોગવાઈઓ અને પ્રથાઓ પર મોદી સરકારના તમામ હુમલાઓનો વિરોધ કરતા રહીશું. આ દરમિયાન જયરામ રમેશે એ પણ કહ્યું કે કોંગ્રેસ નાગરિકતા (સુધારા) અધિનિયમ, ૨૦૧૯ને સુપ્રીમ કોર્ટમાં પડકારી રહી છે. આ સિવાય કોંગ્રેસે RTI એક્ટ, ૨૦૦૫માં કરાયેલા સુધારાને પણ ૨૦૧૯માં સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. તેમણે કહ્યું કે, કોંગ્રેસે ચૂંટણી નિયમો



(૨૦૨૪)માં કરાયેલા સુધારાની માન્યતાને સુપ્રીમ કોર્ટમાં પડકારી છે. રમેશે એ પણ ધ્યાન દોર્યું કે કોંગ્રેસે ૧૯૯૧ના પ્લેસિસ ઓફ વર્શીપ એક્ટની ભાવના અને પત્રને જાળવી રાખવા માટે સુપ્રીમ કોર્ટમાં હસ્તક્ષેપ કર્યો છે. આ બિલ ગુરુવારે લોકસભા દ્વારા પસાર કરવામાં આવ્યું હતું. આ પછી તેને રાજ્યસભામાંથી પણ મંજૂરી મળી ગઈ છે. અગાઉ, રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ વકફ બિલને મુસ્લિમો વિરુદ્ધ ગણાવ્યું હતું અને આરોપ લગાવ્યો હતો કે આ બિલ લઘુમતીઓને નષ્ટ કરવા માટે લાવવામાં આવ્યું છે.

**બે લાખ ઘરોમાં વીજળી ડૂલ, ૬ના મોત**

# અમેરિકામાં ભારે વરસાદ સાથે વાવાઝોડાએ તબાહી મચાવી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૪ ।

અમેરિકાના સાઉથ અને મીડવેસ્ટ વિસ્તારમાં જોરદાર પવન અને વરસાદ સાથે ડઝનબંધ ટોર્નેડો ત્રાટકતાં છનાં મોત થયા છે અને ઘણાં લોકોને ઈજા થઈ હતી. વાવાઝોડાને કારણે બે લાખ ઘરોમાંથી વીજળી ગુલ થઈ ગઈ હતી અને સંખ્યાબંધ ઘરોના છાપરાં હવામાં ઉડી ગયા હતા. અનેક કાર્સ પણ વાવાઝોડાંમાં ગડથોલિયા ખાતી દેખાઈ હતી. આરાકાન્સાસ, ઈલિનોય, ઈન્ડિયાના, મિસુરી અને મિસિસિપી પર ડઝનબંધ ટોર્નેડો અને વાવાઝોડું ત્રાટકવાની ચેતવણી જારી કરવામાં આવી હતી. આગામી ચાર દિવસમાં સાઉથ અને મીડ વેસ્ટ ઈલાકામાં ભારે બાર ઈંચ જેટલો વરસાદ થવાની અને પૂરના પાણી ફરી વળવાની આગાહી નેશનલ વેધર સર્વિસ દ્વારા કરવામાં આવી છે. ત્રીસ વર્ષના



ઈતિહાસમાં ફૂંકયેલું આ અભૂતપૂર્વ વાવાઝોડું છે તેમ સ્થાનિકોએ જણાવ્યું હતું. નેશનલ વેધર સર્વિસ સાથે કામ કરતીં હવામાનશાસ્ત્રી ચેલી અમીને જણાવ્યું હતું કે આરાકાન્સાસમાં બ્લિથવિલેમાં ટોર્નેડો ઈમરજન્સી જાહેર કરવામાં આવી હતી. ટોર્નેડોને કારણે ધૂળની ડમરીઓ ૨૦૦૦૦ ફૂટની ઉંચાઈ સુધી ફુંકાઈ હતી. સાંજે આરાકાન્સાસમાં હેરિસબર્ગ ખાતે પણ ટોર્નેડો ત્રાટક્યો હતો.

**મૃતકોમાં મોટાભાગનાં બાળકો અને મહિલાઓ સામેલ**

# ગાઝા પર ઇઝરાયેલે કરેલા ભીષણ હુમલામાં ૫૫ પેલેસ્ટેનિયનનાં મોત

। (અજન્સી) દેઇર અલ-બલાહ, તા.૪ ।

બે મહિનાના યુદ્ધવિરામ પછી ઈઝરાયેલે ગાઝા પટ્ટીમાં તેના હુમલા વધારી દીધા છે. ઈઝરાયેલે આખી રાત ગાઝા પટ્ટી પર કરેલા હુમલામાં ઓછામાં ઓછા ૫૫ પેલેસ્ટેનિયન નાગરિકો માર્યા ગયા હતા. ખાન યુનિસના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ૧૪ લોકોના મૃતદેહ નાસિર હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા.

આમાંથી નવ એક જ પરિવારના છે. મૃતકોમાં પાંચ બાળકો અને ચાર મહિલાઓનો સમાવેશ થાય છે.હોસ્પિટલના અધિકારીઓના જણાવ્યા અનુસાર ખાન યુનિસ નજીક યુરોપિયન હોસ્પિટલમાં ૧થી



૭ વર્ષના પાંચ બાળકો અને એક ગર્ભવતી મહિલા સહિત અન્ય ૧૯ લોકોના મૃતદેહ લઈ જવામાં આવ્યા હતા. આ ઉપરાંત ૨૧ મૃતદેહોને ગાઝા શહેરની અહલી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જેમાં સાત બાળકો સામેલ છે. ઈઝરાયેલી હુમલાના એક દિવસ પહેલા વરિષ્ઠ સરકારી અધિકારીઓએ કહ્યું હતું કે ઈઝરાયેલ ગાઝાના મોટા વિસ્તારો પર કબજો કરશે.

આ પછી પેલેસ્ટાઈન પ્રદેશમાં એક નવો સુરક્ષા કોરિડોર સ્થાપિત કરવામાં આવશે. જ્યાં સુધી આતંકવાદી જૂથ હમાસ પોતાના શસ્ત્રો ન મૂકે અને બાકીના બંધકોને મુક્ત ન કરે ત્યાં સુધી તે ૧૮ મહિનાથી ચાલતું યુદ્ધ આગળ પણ ચાલુ રહેશે. આ ઉપરાંત ઈઝરાયેલે એક મહિના માટે ખોરાક, બળતણ અને માનવતાવાદી સહાયની તમામ આયાત પર પ્રતિબંધ મૂક્યો છે, જેના કારણે પુરવઠો ઓછો થઈ જતાં નાગરિકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

**ધીરેન્દ્ર શાસ્ત્રીએ ભૂમિપૂજન કર્યું**

# બાગેશ્વર ધામ (ગઢા)માં બનશે પ્રથમ હિન્દુ ગામ

। (એજન્સી) ભોપાલ, તા. ૪ ।

બાગેશ્વર ધામના પીઠાધીશ્વર પંડિત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીએ હિંદુ એકતા યાત્રા પછી દેશના પ્રથમ હિન્દુ ગામનો પાયો નાખ્યો છે. આ ગામ આગામી બે વર્ષમાં તૈયાર થઈ જશે. ધીરેન્દ્ર શાસ્ત્રીએ વૈદિક મંત્રોના જાપ સાથે ભૂમિપૂજન કરીને આ ગામનો શિલાન્યાસ કર્યો હતો. આ પ્રસંગે તેમણે કન્યા પૂજા પણ કરી હતી અને કહ્યું હતું કે હિન્દુ રાષ્ટ્રનું સ્વપ્ન હિન્દુ ઘરથી જ શરૂ થાય છે. જ્યારે હિંદુ પરિવારો, હિંદુ સમાજ અને હિંદુ ગામોની રચના થશે, ત્યારે જ હિંદુ તાલુકા, હિંદુ જિલ્લો અને હિંદુ રાજ્યનું સ્વપ્ન સાકાર થશે. તેમણે કહ્યું કે આ માત્ર એક ગામ નથી, પરંતુ હિન્દુ રાષ્ટ્રનો પાયો છે. તેને વાસ્તવિકતા



બનાવવા માટે આપણે બધાએ સાથે આવવું પડશે. બાગેશ્વર ધામ (ગઢા)માં બનાવવામાં આવનાર આ હિન્દુ ગામમાં લગભગ ૧,૦૦૦ પરિવારો વસવાટ કરશે. બાગેશ્વર ધામ જનસેવા સમિતિ સનાતન ધર્મ પ્રેમીઓને જમીન આપશે, જેના પર ઈમારતો બાંધવામાં આવશે. પહેલા જ દિવસે બે પરિવારો અહીં સ્થાયી થવા સંમત થયા અને કાગળની કાર્યવાહી પૂર્ણ કરી.

**બોલીવુડમાં શોકનો માહોલ**

# ભારત કુમારના હુલામણા નામથી પ્રસિદ્ધ અભિનેતા મનોજ કુમારનું નિધન

। (એજન્સી) મુંબઈ, તા.૪ ।

ભારતીય ફિલ્મ દિગ્દર્શક અને પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત અભિનેતા મનોજ કુમારનું નિધન થયું છે. આ અભિનેતાએ ૮૭ વર્ષની ઉંમરે દુનિયાને અલવિદા કહ્યું. તેમની દેશભક્તિની ફિલ્મોએ દરેકના હૃદયમાં ખાસ સ્થાન બનાવ્યું હતું. 'ભારત કુમાર' ના હુલામણા નામથી ઓળખાતા મનોજ કુમારે શુક્રવારે કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. ભારતીય સિનેમા જગતમાં અમૂલ્ય યોગદાન બદલ બોલિવૂડ હંમેશા તેમને યાદ રાખશે.મનોજ કુમારને ભારતીય સિનેમામાં તેમના યોગદાન બદલ વર્ષ ૧૯૯૨માં પદ્મશ્રી અને વર્ષ ૨૦૧૫માં દાદાસાહેબ ફાળકે એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. તેમની દેશભક્તિની ફિલ્મો ઉપરાંત તેઓ હરિયાલી ઔર રાસ્તા, હિમાલય કી ગોદ મેં', 'દો બદન', 'પત્થર કે સનમ', 'નીલ કમલ' અને 'ક્રાંતિ' જેવી અનેક ફિલ્મોમાં અભિનય કર્યો હતો.

**ટ્રમ્પે ટ્રેડવોરની શરૂઆત કરાવી**

# અમેરિકા પર ૩૪ ટકા ટેરિફની ચીનની જાહેરાત

। (એજન્સી) બેઈજીંગ, તા.૪ ।

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બીજી એપ્રિલે દુનિયાભરના દેશો પર વિવિધ ટેરિફની જાહેરાત કરતાંની સાથે વેપાર યુદ્ધની શરૂઆત થઈ ગઈ છે. દુનિયાના મોટા ભાગના દેશોએ ટેરિફનો વિરોધ કર્યો છે તથા જવાબ આપવાની તૈયારી દર્શાવી છે. એવામાં હવે ચીને પણ અમેરિકા પર ટેરિફની જાહેરાત કરી છે. ચીને આજે અમેરિકાની પ્રોડક્ટ્સ પર ૩૪ ટકા ટેરિફ લગાવવાની જાહેરાત કરી છે. ચીનના નાણાં વિભાગે કહ્યું છે કે અમેરિકાની સરકારે ચીની સામાન પર ટેરિફ લગાવતો છે જે આંતરરસહતરિય વેપાર નિયમોની વિરુદ્ધ છે અને અમારા અધિકારોનું હનન છે. આ પ્રકારની



દાદાગીરી અમેરિકાના હિતોને જ નુકસાન પહોંચાડશે તથા સાથે સાથે વૈશ્વિક આર્થિક વિકાસ અને સપ્લાય ચેન સામે ખતરો ઊભો કરશે.' ચીને અગાઉ અમેરિકાને અપીલ કરી હતી કે જે પણ મતભેદ હોય તેમનું વાતચીતના માધ્યમથી સમાધાન લાવવું જોઈએ. અમેરિકાને વળતો જવાબ આપવા ચીને ૩૪ ટકા ટેરિફની સાથે નિકાસ પર નિયંત્રણની પણ જાહેરાત કરી છે.

CMYK

## શિક્ષણ બોર્ડના નિયમોનું પાલન કર્યા વિના ચલાવતા શાળાઓની માન્યતા રદ

। (એજન્સી) સુરત, તા.૪ ।

સુરતમાં વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં કરતી શાળાઓ સામે સુરત શિક્ષણાધિકારીએ મોટી કાર્યવાહી કરી છે. નિયમોનો ભંગ કરતી ૫૫ શાળાઓની માન્યતાઓ રદ કરવામાં આવી છે. વિદ્યાર્થીનું ભવિષ્ય ન બગડે તે ધ્યાનમાં રાખીને રદ કરાયેલ શાળાના વિદ્યાર્થીઓને અન્ય શાળામાં ટ્રાન્સફર કરવામાં આવશે. જેના માટે, એક ખાસ તપાસ સમિતિની રચના કરવામાં આવી છે, જે શાળાઓની વિગતવાર તપાસ કરશે અને રિપોર્ટ રજૂ કરશે. રિપોર્ટના આધારે, DEO પ્રાથમિક શિક્ષણ નિયામકને માન્યતા રદ કરવા માટે ભલામણ કરશે. આગામી દિવસોમાં અન્ય શાળાઓનું પણ નિરીક્ષણ કરવામાં આવશે અને તે મુજબ આગળ કાર્યવાહી કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે. વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડા કરતી કોઈપણ પ્રકારની અનિયમિતતા સહન કરવામાં આવશે નહીં. શાળા-શિક્ષણને લઈ નિયમોનું ઉલ્લંઘન કરતી શાળાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. શહેરની કેટલીક શાળાઓ શિક્ષણ બોર્ડના નિયમોનું પાલન કર્યા વિના કાર્યરત હોવાની વિગતોની જાણ DEO ને થતાં સખ્ત કાર્યવાહી કરવામાં આવી છે. કેટલીક શાળાઓએ એક જ નામ સાથે બે અલગ અલગ સ્થળોએ કામ શરૂ કર્યું છે, જ્યારે કેટલીક શાળાઓએ પરવાનગી વિના પોતાનું સ્થાન બદલ્યું છે. કેટલાક સ્થાપકો ફાયર સેફ્ટી અને બિલ્ડિંગ યુટિલિટી સર્ટિફિકેટ વિના શાળાઓ ચલાવી રહ્યા છે. શિક્ષણ બોર્ડ દ્વારા નક્કી કરાયેલા ધોરણો મુજબ રમતના મેદાનો અને મૂળભૂત ભૌતિક સુવિધાઓ જેવી પૂરતી માળખાગત સુવિધાઓની કોઈ જોગવાઈ નથી. છેલ્લા કેટલાક વર્ષોથી, કેટલીક શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ ઓછી છે.ત્રણ મહિના અગાઉ સુરત શહેરમાં વિદ્યાર્થીઓના શિક્ષણનું જાણે કોઈ મોલ ન હોય તેમ એક પછી એક શાળાઓ ખુલી રહી હોવાનું સામે આવ્યું હતું, શિક્ષણ વિભાગ ડમી શાળાઓ સામે કાર્યવાહી કરવા સખ્ત બન્યું હતું. ડમી શાળાઓ પણ કથળતા શિક્ષણ માટે જવાબદાર ગણાતી હોય છે ત્યારે આવા દૂષણને અટકાવવા શિક્ષણ વિભાગ વધુ સજાગ બન્યું છે.

### બાળ મજૂરોને કામે રખાયા હતા

# પોલીસે ડીસાના ગોડાઉનમાં ફટાકડા ની ફેક્ટરી ધમધમતી હોવાનું સ્વીકાર્યુ

### ગોડાઉનમાં થયેલા બ્લાસ્ટમાં મૃત્યુ થયેલી બે વ્યક્તિના માત્ર માનવ અંગોના અવશેષ મળ્યા છે

। (એજન્સી) ડીસા, તા.૪ ।

ડીસાના ગોડાઉનમાં થયેલા બ્લાસ્ટમાં થયેલા ૨૧ શ્રમિકના મોતને મામલે આરોપીઓ ખૂબચંદ સિંધી અને તેના પુત્રને ગુરૂવારે (ત્રીજી એપ્રિલ) ડીસા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. તપાસ અધિકારીએ આરોપીના પોલીસ કસ્ટડીના રિમાન્ડ માટે કારણો દર્શાવતું સોગંદનામુ રજૂ કરી ૧૦ દિવસના રિમાન્ડ માંગ્યા હતા. જ્યારે કોર્ટ દ્વારા ૧૧મી એપ્રિલ સુધીના રિમાન્ડ મંજૂર કરાતા પિતા-પુત્રને પોલીસ કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા અંતે રિમાન્ડના કારણોમાં સ્વીકારવામાં આવ્યું છે કે, ગોડાઉનમાંથી ગુનાવાળી જગ્યાના પંચનામા દરમિયાન જે ૨૪ આર્ટિકલ્સ મળી આવ્યા. તેમાં જ્વલનશીલ પદાર્થના નમુનાઓ એફએસએલની સૂચના મુજબ કબજે કરાયા છે. તે ફટાકડા બનાવવાનો કાચો માલ આ કામના આરોપીઓ ક્યાંથી અને કેવી રીતે લાવ્યા, તેમાં અન્ય કોની સંડોવણી છે તેની તપાસ ચાલી રહી છે. ગોડાઉનમાંથી ફટાકડા બનાવવાનું મટિરિયલ રો મટિરિયલ મળી આવ્યું હતું.

રો મટિરિયલ ક્યાંથી અને કોના દ્વારા મેળવાતું હતું તેના અંગે આરોપીઓએ હજુ મોંઢા પર તાળા લગાવ્યા છે. બ્લાસ્ટમાં મૃત્યુ પામેલામાં નાના બાળકોનો પણ સમાવેશ થાય છે. આરોપીઓ દ્વારા બાળકો પાસે બાળ મજૂરી કરાવાતા હતા કે, કેમ તે દિશામાં પણ પૂછપરછ ચાલી રહી છે. આ ઉપરાંત દીપક ટ્રેડર્સમાં પિતા-પુત્ર સિવાય અન્ય કોઈ ભાગીદાર હતા કે કેમ તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. આ ગુનામાં સંડોવાયેલા આરોપીઓ ગુનો કર્યા બાદ પાલનપુર થઈ સાબરકાંઠા ગયા તે દરમિયાન કોને મળ્યા તેની પણ હાલમાં તપાસ ચાલી રહી છે. આ પ્રકારના ૧૬ જેટલા મુદ્દાઓ રજૂ કરી સરકાર દ્વારા ૧૦ દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવી હતી. જેમાં કોર્ટે દ્વારા આગામી ૧૧મી એપ્રિલના બપોરના ૧૧:૩૦ કલાક સુધીના રિમાન્ડ મંજૂર કરાવમાં આવ્યા છે.

જે બાદ તપાસ અમલદારે બંને આરોપીઓનો કબજો સંભાળી તેઓને પોતાની કસ્ટડીમાં લીધા હતા. આ મામલે સાપરાધ મનુષ્યવધ તેમજ અન્ય ગુનાની ફરિયાદ દાખલ કરવામાં આવી છે, જેમાં ૧૦ વર્ષથી વધુની સજાની જોગવાઈ છે. આ કેસમાં સરકાર તરફે ડીસાના ગ્રામ્ય મામલતદાર બારોટ ફરિયાદી બન્યા છે.ગોડાઉનમાં થયેલા બ્લાસ્ટમાં મૃત્યુ થયેલી બે વ્યક્તિના માત્ર માનવ અંગોના અવશેષ મળ્યા છે.

### માત્ર યુવકો નહીં પરંતુ યુવતીઓના પર્સમાં પણ ઇ-સિગારેટ મળી રહે છે

# અમદાવાદના મોટા ભાગના કાફેમાં ઇ-સિગારેટનું ચલણ

### કાલુપુર પોલીસ મથક નજીકથી મોનિટરિંગ સેલે દરોડા પાડીને ઇ-સિગારેટનો જથ્થો ઝડપી લીધો હતો

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

સ્ટેટ મોનિટરિંગ સેલના અધિકારીઓએ કાલુપુરની અરિહંત ગિફ્ટ એન્ડ કિચન શોપ માં દરોડા પાડીને ૯ લાખ રૂપિયાની પ્રતિબંધિત ઈ-સિગારેટનો જથ્થો ઝડપી લીધો હતો. ઈ-સિગારેટ સાથે ઝડપાયેલા ત્રણ સપ્લાયરો અમદાવાદના તમામ પોશ વિસ્તારા મોટા પાન પાર્લરો પર સપ્લાય કરતા હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવી રહ્યું છે. શહેરમાં હુક્કાબાર બંધ થતાં હવે કાફેની આડમાં ચાલતા ગોરખધંધાના સેન્ટરો પર ઈ-સિગારેટનું ચલણ ખૂબ જ વધી ગયું છે. યુવાનો તો ઠીક પણ યુવતીઓના પર્સમાં પણ ઈ-સિગારેટ જોવા મળી રહી છે. હવે મોટા ભાગના કાફે પોલીસ અધિકારીઓની ભાગીદારી કે રહેમનજર હેઠળ ચાલતા હોવાથી ત્યાં સ્થાનિક પોલીસ પગલાં લઈ શકતી નથી તેવી ચર્ચા પણ લોકમુખે સાંભળવા મળી રહી છે. કાલુપુર ઈ-સિગારેટ કેસની તટસ્થ તપાસ થાય તો ચોક્કસ મોટા ખુલાસા થવાની સંભાવના છે.કાલુપુર પોલીસ મથક નજીકથી મોનિટરિંગ સેલે દરોડા પાડીને ઈ-સિગારેટનો જથ્થો ઝડપી લીધો હતો. આ જથ્થા સાથે મનોજ, ભરતજી અને રાકેશ નામના ત્રણ યુવકો ઝડપ ાયા હતા. પ્રાથમિક પૂછપરછમાં જ તેમણે કબૂલાત કરી કે સેટેલાઈટ, જજીસ બંગ્લોઝ રોડ, સરગાસણ, પીડીપીયુ રોડ ગાંધીનગર તથા કોટ વિસ્તારના પાનના ગલ્લાઓ પર તેઓ ઈ-સિગારેટ સપ્લાય કરતા હતા. તેમણે જે તે વિસ્તારના ફેમસ પાનના ગલ્લાઓના નામ સાથેની વિગતો પોલીસને આપી છે, જે દિશામાં સ્થાનિક પોલીસ તપાસ કરી રહી છે. અરિહંતના ત્રણ સંચાલકો ઝડપાયા પરંતુ કાલુપુરની ઘણી શોપમાં પ્રતિબંધિત ઈ-સિગારેટનો વેપલો ચાલી રહ્યો છે. જો કે હવે પોલીસે ઈ-સિગારેટનું સર્ચ શરૂ કર્યું છે.થોડા સમય પહેલાં જ પોલીસે સરખેજના હુક્કાબાર પર દરોડા પાડીને મોટા પ્રમાણમાં ફ્લેવર અને હુક્કા કબજે લીધા હતા, જેની તપાસ ચાલી રહી છે. ત્યારે જ સિંધુ ભવન રોડ પરના એક કાફેમાં લાંબા સમયથી હુક્કાબાર ચાલી રહ્યો છે.

### અમરેલીમાં બદલાતા હવામાનની અસર

## દુધાળા ગામની પ્રખ્યાત કેસર કેરીના પાક પર અસર

। (એજન્સી) અમરેલી, તા.૪ ।

અમરેલી જીલ્લાના ધારી તાલુકાનું દુધાળા ગામ આમતો કેસર કેરી માટે પ્રસિદ્ધ છે. દુધાળા ગામની કેસર કેરીની ડિમાન્ડ ગુજરાત જ પૂરતી સિમીત નથી પરંતુ વિદેશમાં પણ માગ છે.મોટાભાગે દુધાળા ગામના પ્રગતિશિલ ખેડૂતો દ્વારા ખાસ અલગ અલગ જાતના આંબાનું વાવેતર કરીને મબલખ ઉપજ મેળવતા હોય છે પરંતુ હાલ બદલાતા હવામાનના કારણે દુધાળા ગામની કેરીના પાક પર અસર જોવા મળી છે. પ્રતિકૂળ વાતાવરણને લઈને આંબામાં જે ફાલ આવેલો હતો તે ખરવા લાગતા કેરી પકવતા ખેડૂતોની સ્થિતિ દયનીય બની છે. અમરેલી જિલ્લાના ધારી ગીર એટલે કેરીનો ગઢ ગણાય છે. કેસર કેરીઓ ધારી ગીરની પ્રચલિત છે પણ હાલ હવામાન વિપ રીત હોવાથી ખેડૂતોની આશાઓ ઠગારી નીવડે તેવી સ્થિતિનું નિર્માણ ધારી ગીરના ગામડાઓમાં જોવા મળી રહ્યું છે. ગીર પંથકમાં અગાઉ પુષ્કળ પ્રમાણમાં આંબે મોર ખીલ્યા હતા પણ નાની નાની કેરીઓ પણ આંબા પર જોવા મળતી હતી. પણ થોડા દિવસથી વાતાવરણ ચેન્જ થતાં આંબેથી કેરીઓ ખરી પડતા આંબા સાવ કેરીઓ વિનાના થઈ ગયા હોય તેવું જોવા મળી રહ્યું છે. વાતાવરણમાં બદલાવ થવાથી આંબામાં કેરી સ્વરૂપે ફળ બેસવાના હતા તે ફળ આંબાના મોરના સ્વરૂપમાં જ પડીને જમીનદોસ્ત થવા લાગ્યા. પરિણામે ખેડૂતો દ્વારા દવા ખાતર તેમજ પાણીથી સિંચીને જે આંબામાં મબલક પાક મેળવવાની આશા રાખી હતી તે નિષ્ફળ ગઈ હોય તેમ દેખાઈ રહ્યું છે.

## તાપીમાં હોસ્ટેલમાં રહેતી ૧૬ વર્ષીય સગીરાનું શંકાસ્પદ મોત થતા ચકચાર

। (એજન્સી) તાપી, તા.૪ ।

તાપી જિલ્લાના છેવાડે આવેલા નિઝર તાલુકાના નિઝર મોડલ સ્કૂલ ખાતે ધોરણ ૧૧ મા અભ્યાસ કરતી સગીરાનું શંકાસ્પદ મોત થતા ચકચાર મચી જવા પામી છે, ઘટના બાળા પરિવારના માથે આભ તૂટ્યું પડ્યું છે. આ સમગ્ર ઘટનામાં ગૃહોમાતા પાસેથી મળતી માહિતી મુજબ આ દીકરીએ બપોરનું જમ્યા બાદ આશરે ત્રણ વાગ્યાના અરસામાં તેને અચાનક વોમિટ થવા લાગી હતી અને ચક્કર આવવા લાગ્યા હતા, ત્યારબાદ તાત્કાલિક ધોરણે તેમણે ૧૦૮ બોલાવીને આ સગીરાને પ્રથમ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ ગયા હતા.

### દિવ્યાંગો માટે ૧૨૫૧ જગ્યા પર ભરતી

# ગુજરાતના પંચાયત વિભાગમાં દિવ્યાંગો માટે ભરતીની જાહેરાત

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા પંચાયત સેવા વર્ગ-૩ સંવર્ગની 'ફક્ત દિવ્યાંગ ઉમેદાવારો' માટેની ખાસ ભરતીની જાહેરાત કરવામાં આવી છે. પંચાયત સેવા પસંદગી મંડળે PwBD માટે સીધી ભરતીની સ્પેશિયલ રિક્રુટમેન્ટ ડ્રાઈવ શરૂ કરી છે, ત્યારે રાજ્યભરમાં અલગ-અલગ પોસ્ટ માટે કુલ ૧૨૫૧ જગ્યા પર ભરતીની જાહેરાત કરવામાં આવી છે. જેમાં આગામી ૧૫ એપ્રિલથી ૧૫ મે, ૨૦૨૫ દરમિયાન ભરતીના ફોર્મ ઓનલાઈન ભરવાના રહેશે. ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળે 'ફક્ત દિવ્યાંગ ઉમેદાવારો' માટે ૧૨૫૧ જગ્યા પર ખાસ ભરતીની જાહેરાત કરી છે. જેમાં લેબોરેટરી ટેક્નિશિયનની ૪૩, સ્ટાફ નર્સની ૩૬, વિસ્તરણ અધિકારી (ખેતી)ની ૧૨, પશુધન નિરીક્ષકની ૨૩, આંકડા મદદનીશની ૧૮, જુનીયર ફાર્માસિસ્ટની ૪૩, વિસ્તરણ અધિકારી (સહકાર, ગ્રેડ-૨)ની ૦૮, સંશોધન મદદનીશની ૦૫, મુખ્ય સેવિકાની ૨૦, ગ્રામ સેવકની ૧૨૫, ગ્રામ પંચાયત મંત્રીની ૨૩૮ જગ્યા સહિત અલગ-અલગ પોસ્ટ માટે કુલ ૧૨૫૧ જગ્યા પર સીધી ભરતી કરાશે. દિવ્યાંગ ઉમેદવારોએ ojas.guja®a.gov.in પર ૧૫ એપ્રિલ, ૨૦૨૫થી ૧૫ મે, ૨૦૨૫ દરમિયાન ઓનલાઈન અરજી કરવાની રહેશે.

## નવા નિયમ સાથે મંજુર થયું સ્ટેમ્પ ડ્યુટી સુધારા બિલ

। (એજન્સી) ગાંધીનગર, તા.૪ ।

સ્ટેમ્પ ડ્યુટીમાં સુધારા બિલને રાજ્યપાલ દ્વારા મંજુરી મળી ગઈ છે. તાજેતરમાં ગુજરાત વિધાનસભામાં 'ધ ગુજરાત સ્ટેમ્પ એમેન્ડમેન્ટ બિલ ૨૦૨૫' રજૂ કરવામાં આવ્યું હતું. સુધારા બિલમાં સૌથી મોટા અપડેટ એ છે કે, તેમાં દંડની રકમ ૨૦૦ રૂપિયાથી વધારીને ૧ લાખ કરવામાં આવી છે. સ્ટેમ્પ ડ્યુટી સુધારા બિલ (સ્ટેમ્પ ડ્યૂટી એમેન્ડમેન્ટ બિલ) ને તાજેતરમાં ગૃહમાં રજૂ કરવામાં આવ્યું હતું. જે અનુસાર, ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ની કલમ ૬૨-ક (૩) સાથે કલમ ૯-એની જોગવાઈનું પાલન ન કરનાર અથવા સ્ટેમ્પ ડ્યૂટી વસૂલીને સરકારમાં જમા કરાવવામાં નિષ્ફળ જનાર કે સ્ટેમ્પ ડ્યૂટી સંદર્ભે ખોટી માહિતી આપનારની દંડની રકમમાં વધારો કરવામાં આવ્યો છે. જેમાં દંડની રકમ હાલના ૨૦૦ થી વધારીને ૧ લાખ કરવામાં આવી છે. આ રીતે કરવામાં આવતો દંડ ઓછામાં ઓછો ૧૦ હજાર રૂપિયા તો કરવો જ પડશે તેવી જોગવાઈ નવા સૂચિત સુધારા ખરડામાં દાખલ કરવામાં આવી છે. કલમ ૬૨-ક ની ૧, ૨, ૩ માં કરવામાં આવેલી નવી જોગવાઈ પ્રમાણે કેટલાક કિસ્સાઓમાં આ દંડની રકમ ૨૦૦ થી વધારીને ૫૦ હજાર રૂપિયા પણ કરી દેવામાં આવી છે. તેમજ ઓછામાં ઓછી પેનલ્ટી ૧૦ હજાર કરી દેવાની ખરડામાં જોગવાઈ કરવામાં આવી છે. દંડની જંગી રકમ રાખીને તે રકમમાં ઘટાડો કરવાની કલેક્ટરને સલાહ આપવામાં આવી હતી.

### સામૂહિક આપઘાતની ઘટનાથી સમગ્ર પંથકમાં અરેરાટી

# આર્થિક સંકડામણથી કંટાળી માતાનો ચાર સંતાનો સાથે સામૂહિક આપઘાત

। (એજન્સી) જામનગર, તા.૪ ।

ધ્રોલ તાલુકાના સુમરા ગામમાં રહેતાં પરિવારની મહિલાએ આર્થિક સંકડામણથી કંટાળીને પાંચ સંતાનો પૈકી ચાર સંતાનોને સાથે લઈ કૂવામાં ઝંપલાવી સામૂહિક આપ ઘાતની ઘટનાથી સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ ગઈ છે.

પરિવારમાં સાસુની બીમારી અને પાંચ બાળકોના ઉછેરની ચિંતામાં જનેતાએ ચાર સંતાનો સાથે કૂવામાં ઝંપલાવી આપઘાત કર્યાના બનાવ બાદ એક સાથે પરિવારના પાંચ સભ્યોની અંતિમ યાત્રાએ લોકોના હૃદયને હચમચાવી દીધા હતાં. મળતી વિગત મુજબ, જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના સુમરા ગામમાં રહેતાં જીવાભાઈ ટોરીયા નામનો યુવાન તેની પત્ની અને પરિવાર સાથે જીવનનિર્વાણ કરતો હતો દરમિયાન યુવાનની પત્ની ભાનુબેન જીવાભાઈ ટોરીયા (ઉ.વ.૩૨) નામની મહિલાએ ગઈકાલે ગુરૂવારે સવારના સમયે ઘરેથી છોકરાઓને લેવા જવાનું કહીને નિકળ્યા બાદ મહિલા તથા તેના સંતાનોનો પતો ન લાગતા પતિ સહિતના પરિવારજનોએ માતા અને ચાર સંતાનોની શોધખોળ આરંભી હતી. ત્યારે મહિલાનો કોઈ પતો ન લાગતા મહિલા ચાર સંતાનો સાથે સ્મશાન તરફ જતી હોવાનું જણાતા પરિવારના સભ્યોએ તપાસ હાથ ધરતા સ્મશાન નજીક કૂવામાં એક બાળકનો મૃતદેહ તરતો હોવાનું નજરે પડતા ગ્રામજનો એકઠા થઈ ગયા હતાં અને ત્યારબાદ કૂવામાં શોધખોળ કરતા કૂવામાંથી ભાનુબેન જીવાભાઈ ટોરીયા (ઉ.વ.૩૨) તથા આયુષ જીવાભાઈ ટોરીયા (ઉ.વ.૧૦), આજુબેન જીવાભાઈ ટોરીયા (ઉ.વ.૮), આનંદીબેન જીવાભાઈ ટોરીયા (ઉ.વ.૬) અને ઋત્વિક જીવાભાઈ ટોરીયા (ઉ.વ.૪) નામના પાંચ વ્યક્તિઓના મૃતદેહ મળી આવતા ગ્રામજનો હચમચી ઉઠયા હતા.

ત્યારબાદ ગામના કુવામાંથી માતા અને બે પુત્રો તથા બે પુત્રી સહિત એક સાથે પાંચ પાંચ વ્યક્તિઓના મૃતદેહ મળી આવ્યાની જાણ પોલીસમાં કરવામાં આવી હતી. જેના આધારે ગ્રામ્ય ડીવાયએસપી આર બી દેવધાના નેજા હેઠળ પીઆઈ એચ.વી. રાઠોડ તથા સ્ટાફ તાત્કાલિક સ્થળ પર દોડી ગયો હતો અને સ્થળ પરથી માતા અને બે પુત્રો તથા બે પુત્રી સહિત પાંચ વ્યક્તિઓના મૃતદેહનો કબ્જો સંભાળી પીએમ માટે મોકલી આગળની તપાસ આરંભી હતી.

સામૂહિક આપઘાતની ઘટનાની વિગતો મુજબ જીવાભાઈ ટોરીયાને ૩૦ ઘેટા હોવાનું જાણવા મળ્યું હતું તેમજ જીવાભાઈની માતાને બીમારી હોય અને બીમારીનો ખર્ચ તથા પાંચ-પાંચ સંતાનો અને પરિવારની જવાબદારી નિભાવવામાં આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો.

# ડાક વિભાગની પહેલ: નવરાત્રીમાં દિકરીઓ માટે માત્ર રૂ.૨૫૦માં ખોલાવો સુકન્યા સમૃદ્ધિ ખાતું અને બનાવો તેમનું ભવિષ્ય સુરક્ષિત

### ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના ડાકઘરોમાં દિકરીઓ માટે ખોલ્યા ૪.૬૭ લાખ સુકન્યા સમૃદ્ધિ ખાતા, ૭૧૧ ગામ બન્યા સંપૂર્ણ સુકન્યા સમૃદ્ધિ ગામ : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

। અમદાવાદ ।

નવરાત્રીનો તહેવાર સ્ત્રી શક્તિની આરાધનાને સમર્પિત છે. આ પ્રસંગે સમાજમાં કન્યાઓની પૂજા કરવાની પરંપરા છે. જો કન્યા સશક્ત થશે તો સમાજ પણ સશક્ત બનશે. આ સંદર્ભમાં, ડાક વિભાગે 'સમૃદ્ધ સુકન્યા-સમૃદ્ધ સમાજ' ની પહેલ હેઠળ નવરાત્રિ દરમિયાન 'સુકન્યા સમૃદ્ધિ યોજના' ના ખાતા ખોલવાની પહેલ કરી છે.

ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે 'સુકન્યા સમૃદ્ધિ યોજના' કન્યાઓના સશક્તિકરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. આવી સ્થિતિમાં, નવરાત્રી દરમિયાન દિકરીઓ માટે સુકન્યા સમૃદ્ધિ ખાતું ખોલીને એક નવી પહેલ કરી શકાય છે. આ યોજના હેઠળ, ૧૦ વર્ષ સુધીની દિકરીઓ માટે પોસ્ટ ઓફિસમાં ફક્ત રૂ.૨૫૦ ચૂકવીને ખાતું ખોલાવી શકાય છે. તેમાં ૮.૨% વ્યાજ છે, જે કોઈપણ



નાની બચત યોજના કરતાં વધુ છે. આ ખાતું દિકરીઓના શિક્ષણ અને લગ્ન માટે વરદાન સમાન છે. આમાં, એક નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછા રૂા.૨૫૦ અને વધુમાં વધુ રૂા.૧.૫ લાખ જમા કરાવી શકાય છે. આ યોજનામાં ખાતું ખોલાવ્યા પછી, ફક્ત ૧૫ વર્ષ માટે રકમજમા કરાવવાની જરૂર છે. દિકરી ૧૮ વર્ષની થાય ત્યારે જમા કરાયેલી રકમના ૫૦ % ઉપાડી શકાય છે અને ખાતું ખોલ્યાની તારીખથી ૨૧ વર્ષ પૂર્ણ થયા પછી આખી રકમ ઉપાડી શકાય છે. હાલમાં વ્યાજ દર ૮.૨ ટકા છે અને જમા રકમ પર આવકવેરા મુક્તિની જોગવાઈ પણ છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે માહિતી આપી કે ઉત્તર ગુજરાત પરિક્ષેત્રની પોસ્ટ ઓફિસોમાં ૪.૬૭ લાખથી વધુ સુકન્યા સમૃદ્ધિ યોજના ખાતા ખોલવામાં આવ્યા છે, જ્યારે સમગ્ર ગુજરાત પરિમંડલમાં દિકરીઓના ૧૫.૭૨ લાખથી વધુ સુકન્યા સમૃદ્ધિ ખાતા ખોલવામાં આવ્યા છે. દિકરીઓને આ યોજનાનો લાભ પહોંચાડવા માટે ગામડાઓમાં "ડાક ચોપાલ" અને વિવિધ શાળાઓમાં વિશેષ અભિયાનો ચલાવવામાં આવી રહ્યા છે, જેથી દરેક લાયકાત ધરાવતી દિકરીને આ યોજનાનો લાભ મળી શકે. ઉત્તર ગુજરાતના ૭૧૧ ગામોને સંપૂર્ણ સુકન્યા સમૃદ્ધિ ગ્રામ બનાવવામાં આવ્યા છે. આ ગામડાઓમાં, ૧૦ વર્ષ સુધીની બધી પાત્ર કન્યાઓના સુકન્યા ખાતા પોસ્ટ ઓફિસમાં ખોલવામાં આવ્યા છે. એટલું જ નહીં, જો આ ગામડાઓમાં કોઈ પણ ઘરમાં દિકરીનો જન્મ થાય છે, તો પોસ્ટમેન તરત જ સુકન્યા ખાતું ખોલાવવા માટેની કામગીરી હાથધરે છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કેકે યાદવે જણાવ્યું કે સુકન્યા સમૃદ્ધિ યોજના માત્ર રોકાણનું માધ્યમ નથી પરંતુ તે દિકરીઓના ઉજ્જ્વળ અને સમૃદ્ધ ભવિષ્ય સાથે પણ જોડાયેલી છે. આ યોજનાના આર્થિક તેમજ સામાજિક પરિમાણો મહત્વપૂર્ણ છે. આમાં જમા કરાયેલી રકમ સંપૂર્ણપણે દિકરીઓ માટે હશે, જે તેમના શિક્ષણ, કારકિર્દી અને લગ્ન માટે ઉપયોગી થશે. આ યોજના ભવિષ્યમાં દિકરીઓને સશક્ત બનાવીને મહિલા સશક્તિકરણ અને આત્મનિર્ભર ભારતને પણ પ્રોત્સાહન આપશે.

સહાયક નિર્દેશક શ્રી રિતુલ ગાંધીએ માહિતી આપી કે સુકન્યા સમૃદ્ધિ ખાતું ખોલાવવા માટે, બાળકીના જન્મ પ્રમાણ પત્ર અને આધાર કાર્ડની નકલ, તેના માતા અથવા પિતાના આધાર કાર્ડ અને પાન કાર્ડની નકલ અને બે ફોટોગ્રાફસ સાથે નજીકના પોસ્ટ ઓફિસનો સંપર્ક કરી શકાય છે. આ ખાતામાં આવકવેરા કલમ 80C હેઠળ ૧.૫ લાખ રૂપિયા સુધીની આવકવેરા મુક્તિની જોગવાઈ પણ છે.

ઉલ્લેખનીય છે કે નવરાત્રિ દરમિયાન દિકરીઓનું વિશેષ મહત્વ હોય છે. આ અવસરે કન્યા પૂજન માટે દિકરીઓને આમંત્રિત કરી ભેટ આપવાની પરંપરા છે. નવરાત્રિ દરમ્યાન ૧૦ વર્ષ સુધીની દિકરીઓ માટે "સુકન્યા સમૃદ્ધિ ખાતું" ખોલાવી, કન્યા પૂજન કરી શકાય છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### રાહુલ ગાંધીના પીએ તરીકેની ઓળખ આપીને છેતરપિંડી



। (એજન્સી) પટના, તા.૪ ।

બિહારમાં ગુનાહિત ઘટનાઓ અટકવાના કોઈ સંકેત દેખાઈ રહી નથી. રાજ્યના અલગ-અલગ જગ્યાએથી દરરોજ લૂંટ, ફાયરિંગ, હત્યા, ચોરી, છેતરપિંડી, બળાત્કાર વગેરેના સમાચારો બહાર આવતા રહે છે. આ શ્રેણીમાં રાજધાની પટનામાંથી વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા PAના નામે છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. પક્ષમાં ટિકિટ અને હોદ્દા અપાવવાના નામે કરોડો રૂપિયાના નેતાઓ અને કાર્યકરોને છેતરવાનું કામ ગુંડાઓ દ્વારા કરવામાં આવી રહ્યું છે. જોકે, ઘટના બાદ પાર્ટીના કાર્યકરોએ ગાંધી મેદાન પોલીસ સ્ટેશનને જાણ કરી હતી. માહિતીના આધારે, ગાંધી મેદાન પોલીસ સ્ટેશને મોટી કાર્યવાહી કરી અને ગાંધી મેદાન પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક્ઝિબિશન રોડ પરથી એક દુષ્ટ ઠગની ધરપકડ કરી. જેનું નામ રજત કુમાર છે. સાથે જ મુખ્ય આરોપી ગેંગસ્ટર ગૌરવ કુમાર તકનો લાભ ઉઠાવીને ફરાર થઈ ગયો છે. ધરપકડ કરાયેલા દુષ્ટ ઠગ રજત કુમારે પોલીસ પૂછપરછ દરમિયાન જણાવ્યું હતું કે તે રાહુલ ગાંધીના પીએ તરીકે બતાવીને નેતાઓ અને કાર્યકરોને ફોન કરીને છેતરપિંડી કરતો હતો.

### ક્લાસમેટ સાથે રહેવા પોતાના જ ત્રણ બાળકોની હત્યા કરી



। (એજન્સી) સાંગારેડી, તા.૪ ।

તેલંગાણાના સાંગારેડીમાં એક વધુ ખતરનાક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેમાં એક મહિલાએ પોતાના ત્રણ બાળકોની હત્યા કરી નાખી છે. તેણે બાળકોની હત્યા કરી હતી જેથી તે તેના એક સમયના ક્લાસમેટ શિવા સાથે રહી શકે. બંને ૯મા અને ૧૦મા ધોરણમાં સાથે ભણ્યા હતા અને થોડા સમય પહેલા મળ્યા હતા. પોલીસે આ કેસમાં ૩૦ વર્ષીય મહિલા રજિતા અને તેના પ્રેમી સુરુ શિવકુમારની ધરપકડ કરી છે. આ કેસમાં પોલીસે જે ખુલાસો કર્યો છે તે બધાને ચોંકાવનારો છે. પોલીસનું કહેવું છે કે શિવકુમાર અને રજિતા થોડા મહિના પહેલા ધોરણ ૧૦ની બેચના રિયુનિયનમાં મળ્યા હતા. પોલીસનું કહેવું છે કે રજિતાના લગ્ન ૨૦૧૩માં ચેન્નૈયા સાથે થયા હતા. ૩૦ વર્ષની રાજિતાની સરખામણીમાં ચેન્નૈયા મોટો છે અને ૫૦ વર્ષનો છે. એવું માનવામાં આવે છે.

### ૯ કિલો ડ્રગ્સ સાથે એરપોર્ટ પર નિકોલસ કિર્ટન ઝડપાયો



। (એજન્સી) બાર્બાડોસ, તા.૪ ।

હાલ IPL 2025 ચાલી રહ્યું છે, એવામાં બાર્બાડોસથી મોટા સમાચાર સામે આવ્યા છે કે કેનેડા ટીમના સ્ટાર બેટર નિકોલસ કિર્ટનની પોલીસે ધરપકડ કરી લીધી છે. નિકોલસ બાર્બાડોસના ગ્રાન્ટલી એડમ્સ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પકડાયો હતો અને તેની પાસેથી ૯ કિલો ડ્રગ્સ (કેનાબીસ) મળી આવ્યું હતું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, નિકોલસ ૨૦ પાઉન્ડ (લગભગ ૯ કિલો) ગાંજો લઈ જઈ રહ્યો હતો. મળતી માહિતી મુજબ, કેનેડામાં ૫૭ ગ્રામ સુધી ગાંજો રાખવો ગુનો માનવામાં આવતો નથી, પરંતુ તેને જાહેરમાં લઈ જવાની મંજૂરી પણ નથી. નિકોલસ પાસે લિમીટ કરતા ૧૬૦ ગણો વધુ ગાંજો હોવાનું જાણવા મળ્યું હતું, જેના કારણે તેની ધરપકડ કરવામાં આવી હતી. નિકોલસની ધરપકડ બાદ હવે સવાલો ઉઠી રહ્યા છે કે શું તે ફરીથી કેનેડાની ટીમનો ભાગ બની શકશે કે નહીં? નોર્થ અમેરિકા કપમાં તેની રમવાની તક ઘટી ગઈ છે. આ ટુર્નામેન્ટ ૧૮મી એપ્રિલથી શરૂ થશે. નિકોલસ કિર્ટન એક ડાબોડી ઓલરાઉન્ડર છે જે સારી બેટિંગની સાથે સારી બોલિંગ પણ કરી શકે છે.

# યુનુસ સાથેની બેઠકમાં મોદીએ હિન્દુઓની સુરક્ષાનો મુદ્દો ઉઠાવ્યો

## વડાપ્રધાન મોદી અને બાંગ્લાદેશ સરકારના વચગાળાના સલાહકાર મોહમ્મદ યુનુસ વચ્ચે દ્વિપક્ષીય ચર્ચા થઈ

। (એજન્સી) થાઈલેન્ડ, તા.૪ ।

થાઈલેન્ડમાં યોજાયેલી BIMSTEC સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બાંગ્લાદેશ સરકારના વચગાળાના સલાહકાર મોહમ્મદ યુનુસ વચ્ચે દ્વિપક્ષીય ચર્ચા થઈ હતી. આ ચર્ચા દરમિયાન વડાપ્રધાન મોદીએ બાંગ્લાદેશમાં હિન્દુઓની સુરક્ષા પ્રત્યે ચિંતા વ્યક્ત કરી હતી. તેમજ બાંગ્લાદેશની વચગાળાની સરકાર આ મામલે યોગ્ય જવાબદારી નિભાવશે તેવી અપેક્ષા પણ વ્યક્ત કરી છે. કેન્દ્ર સરકારના વિદેશ સચિવ વિક્રમ મિસ્રીએ આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, બાંગ્લાદેશમાં હિન્દુઓ સહિત લઘુમતીઓના જે હાલ છે, તે મુદ્દાને



વડાપ્રધાન મોદીએ યુનુસ સમક્ષ ઉઠાવ્યો છે. ચિંતા વ્યક્ત કરતાં પીએમ મોદીએ અપેક્ષા વ્યક્ત કરી છે કે, બાંગ્લાદેશની સરકાર આ મામલે યોગ્ય કામગીરી કરતાં સારી રીતે જવાબદારી નિભાવશે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન મોદીએ લોકતાંત્રિક, સ્થાયી, શાંતિપૂર્ણ, પ્રગતિશીલ અને વધુ સમાવેશી બાંગ્લાદેશ માટે ભારતના સમર્થનની પ્રતિબદ્ધતા દર્શાવી છે. બાંગ્લાદેશ સાથે વધુ સકારાત્મક અને નિર્ણાયક સંબંધ સ્થાપિત કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી. મિસ્રીએ જણાવ્યું હતું કે, આ વાતચીત દરમિયાન યુનુસે શેખ હસીનાનો મુદ્દો ઉઠાવ્યો હતો. પરંતુ વડાપ્રધાન મોદીએ કંઈ પણ કહેવું યોગ્ય ન હોવાનું જણાવી આ વાત ટાળી હતી. મોદીએ કહ્યું કે, આ પ્રકારના નિવેદનોથી દૂર રહેવુ જોઈએ. જેનાથી કારણ વિનાના દ્વિપક્ષીય સંબંધ ખરાબ થઈ શકે છે. યુનુસ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે વાત કરતાં ભારતની નબળાઈઓ ગણાવી વિવાદમાં મુકાયા હતા. યુનુસે ચીનને બાંગ્લાદેશમાં રોકાણ કરવા આમંત્રણ આપતાં કહ્યું કે, બાંગ્લાદેશમાં બિઝનેસ કરવા માટે વિશાળ તકો છે. આ ક્ષેત્રમાં દરિયાનું એક માત્ર ગાર્જિયન ઢાકા છે. જ્યારે ભારતના પૂર્વોત્તર રાજ્યો તો ચારેબાજુથી ભૂ-વિસ્તારથી ઘેરાયેલા છે. તેની નજીક દરિયાઈ માર્ગ નથી. એક માત્ર બાંગ્લાદેશ પાસે દરિયાઈ માર્ગ હોવાથી અમારે ત્યાં રોકાણ કરો. ગત વર્ષે બાંગ્લાદેશમાં શેખ હસીનાના સત્તાપલટા બાદ હિન્દુઓ સહિત લઘુમતીઓ પર હુમલાનું પ્રમાણ વધ્યું હતું. ભારત સહિત વિશ્વના દેશોએ આ મામલે ચિંતા વ્યક્ત કરી બાંગ્લાદેશની વચગાળાની સરકારને વખોડી હતી.

### કેન્દ્રએ કેસ ચલાવવાની મંજૂરી આપી

# કેરળના મુખ્યમંત્રીની પુત્રી પર કરોડોની છેતરપિંડીનો આરોપ

## કેન્દ્રએ ભ્રષ્ટાચારના એક મામલે કેરળના મુખ્યમંત્રી પિનારાઈ વિજયનની પુત્રી વિરુદ્ધ કેસ ચલાવવાની મંજૂરી આપી દીધી છે

। (એજન્સી) થિરૂવનંતપૂરમ્, તા.૪ ।

કેરળમાં વામ લોકતાંત્રિત મોર્ચા (LDF) સરકારને મોટો ઝટકો લાગ્યો છે. કેન્દ્રએ ભ્રષ્ટાચારના એક મામલે કેરળના મુખ્યમંત્રી પિનારાઈ વિજયનની પુત્રી વિરુદ્ધ કેસ ચલાવવાની મંજૂરી આપી દીધી છે. કેન્દ્રીય કોર્પોરેટ મામલાના મંત્રાલયે આ મંજૂરી આપી દીધી. તેમની પુત્રી વીના ટી પર કોચીન મિનરલ્સ એન્ડ રુટાઈલ લિમિટેડ (CMRL) થી ગેરકાયદેસર આરોપ લાગ્યા છે. રિપોર્ટ અનુસાર ગંભીર છેતરપિંડી તપાસ ઓફિસ (SFIO) એ કોચ્ચિમાં સ્પેશિયલ કોર્ટ સમક્ષ પોતાની ચાર્જશીટ રજૂ કરી. SFIO અનુસાર વીના અને તેમની ફર્મ 'એક્સાલોજિક સોલ્યૂશન્સ' એ ઝસ્ઈન્ થી ૨.૭૩ કરોડ



રૂપિયા લીધા છે. જ્યારે તેના બદલામાં તેમણે કોઈ આઈટી સર્વિસ આપી નથી. SFIO એ કહ્યું કે બંને સંસ્થાઓની વચ્ચે એક ઔપચારિક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા પરંતુ જે ચૂકવણી કરવામાં આવી તે ગેરકાયદેસર અને ખોટી હતી. SFIO એ પોતાની ૧૬૦ પાનાની ફરિયાદમાં વીના, CMRL ના મેનેજિંગ ડાયરેક્ટર શશિધરણ કાર્થા અને ૨૫ અન્યને આરોપી બનાવ્યા છે. આરોપ છે કે આ રૂપિયા CMRL અને તેની સહાયક કંપની એમ્પાવર ઈન્ડિયા કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા મોકલવામાં આવ્યા. SFIO એ નિષ્કર્ષ તરીકે કહ્યું કે વીનાએ કંપનીના ફંડનો ખોટો ઉપયોગ કર્યો છે. આ મામલો પહેલી વખત ૮ ઓગસ્ટ ૨૦૨૩એ સામે આવ્યો હતો. જ્યારે એ જણાવવામાં આવ્યું હતું કે વીના ટી ની ફર્મએ ૨૦૧૭થી ૨૦૨૦ની વચ્ચે CMRL થી ૧.૭૨ કરોડ રૂપિયા લીધા હતા જ્યારે તેણે કોઈ સર્વિસ આપી નથી. રિપોર્ટના જવાબમાં કેન્દ્ર સરકારે SFIO એ આદેશ આપ્યો છે કે તે આ મામલે હવે ઊંડાઈથી તપાસ કરે.


### અમેરિકન કર્મચારીઓને ડોનાલ્ડ ટ્રમ્પનું વિચિત્ર ફરમાન

# 'ચીનીઓ સાથે રોમાન્સ કે ઈલુ ઈલુ ના કરતાં': ડોનાલ્ડ ટ્રમ્પ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।



હાલ આખી દુનિયા અમેરિકન ટેરિફ વોરની ચર્ચામાં મશગૂલ છે ત્યારે ટ્રમ્પ સરકારે ચીનમાં રહેલાં યુએસ મિશનોમાં કામ કરતાં કર્મચારીઓને એક ગુપ્ત આદેશમાં ચીનના સ્થાનિક નાગરિકો સાથે રોમાન્સ કે ખાનગી સંબંધો ન રાખવાનો આદેશ આપ્યો છે. જો કે, આ આદેશ ચીનની બહાર તહેનાત અમેરિકન કર્મચારીઓ પર લાગુ પડશે નહીં. જે લોકો અગાઉથી જ ચીની નાગરિકો સાથે સંબંધો ધરાવતાં હોય તેમણે આ પ્રતિબંધમાંથી છૂટ મેળવવા માટે અરજી કરવી પડશે. સરકારી આદર પેશ અનુસાર અમેરિકન સરકારી કર્મચારીને આવો કોઈ સંબંધ ખતમ કરવાની અથવા તેમનો હોદ્દો છોડવાની ફરજ પણ પાડી શકાશે. ટ્રમ્પ સરકારે આ નીતિને જાહેર કરી નથી પણ જાન્યુઆરીમાં જ અમેરિકન કર્મચારીઓને આ અંગે સૂચિત કરી દેવામાં આવ્યા હતા. યુએસ અને ચીન વચ્ચ વધતી જતી તંગદિલીનું આ પ્રતિબિંબ છે. હાલ ચીન અને અમેરિકા વચ્ચે વેપાર, ટેકનોલોજી અને દુનિયા પર પોતાના પ્રભાવ વધારવા માટે હોડ ચાલી રહી છે. આ સંજોગોમાં જાસૂસી પ્રવૃત્તિને વેગ ન મળે તે માટે અમેરિકન સરકારે આ સાવચેતીનું પગલું ભર્યું છે. શીત યુદ્ધ દરમ્યાન સોવિયેટ સંઘ નિયંત્રિત પ્રદેશોમાં પણ આવાં જ પ્રતિબંધો લાગુ પાડવામાં આવ્યા હતા. હવે આ નવા પ્રતિબંધને એક મહત્વપૂર્ણ પરિવર્તન તરીકે જોવામાં આવી રહ્યા છે.શીત યુદ્ધ દરમ્યાન અમેરિકન સરકારે જાસૂસી અને વ્યક્તિગત સંબંધોના માધ્યમથી સંવેદનશીલ માહિતી દુશ્મનોના હાથમાં ન જાય તે માટે રાજદૂતાવાસના કર્મચારીઓ પર કડક નિયમો લાગુ કર્યા હતા. ૧૯૯૧માં સોવિયેટ સંઘનું વિઘટન થવાને પગલે આ નિયમોમાં ઢીલ મુકવામાં આવી હતી. પણ હાલ મુકવામાં આવેલાં આ પ્રતિબંધમાંથી સંકેત મળે છ.



થાઇલેન્ડના બેંગકોક ખાતે નેપાળના વડાપ્રધાન કેપી શર્મા ઓલીએ દ્વિપક્ષીય બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી.

### કોલા-કોકોનટ સાથે પ્રતિબંધિત નોર્થ સેન્ટિનેલ ટાપુ પર ગયેલાં અમેરિકન પ્રવાસીની ધરપકડ

। (એજન્સી) પોર્ટ બ્લેર, તા.૪ ।

આંદામાન-નિકોબાર દ્વિપસમૂહ પર આવેલાં પ્રતિબંધિત નોર્થ સેન્ટીનેલ ટાપુ પર જઈ જેમના અસ્તિત્વ પર જોખમ છે તેવા સેન્ટીનેલીઝ આદિવાસીઓનો સંપર્ક કરવાનો પ્રયાસ કરનાર ૨૪ વર્ષના અમેરિકન પ્રવાસી યુવાન મિખાઈલા વિક્ટરોવીચ પોલ્યાકોવની સીઆઈડીએ ૩૧ માર્ચે ધરપકડ કરી હતી. પોલીસે જણાવ્યું હતું કે આ અમેરિકન યુવાન કોઈ મંજૂરી વિના જ નોર્થ સેન્ટિનેલ ટાપુ પર પ્રવેશ્યો હતો. સેન્ટિનેલિઝ આદિવાસીઓ દુનિયાના છેલ્લા પ્રિ-નિયોલિથિક આદિવાસીઓ ગણાય છે જેઓ સભ્ય સમાજના સંપર્કમાં નથી. પોલીસે જણાવ્યું હતું કે આ યુવાન ૨૬ માર્ચે પોર્ટ બ્લેર આવ્યો હતો અને કુમાર દેરા બીચ પરથી નોર્થ સેન્ટિનેલ ટાપુ પર જવા તેની બોટમાં રવાના મધરાતે એક વાગ્યે નાળિયેર અને કોલાના કેન સાથે રવાના થયો હતો. તે નોર્થ સેન્ટિનેલ ટાપુ પર સવારે દસ વાગ્યે પહોંચ્યો હતો. ટાપુ પર જઈ તેણે દૂરબીનથી સમગ્ર વિસ્તારનો સર્વે કર્યો હતો પણ તેને કોઈ આદિવાસી દેખાયો નહોતો.તેણે એક કલાક સુધી બોટમાં રાહ જોયા બાદ પાંચ મિનિટ માટે બીચ પર ઉતર્યો હતો.

### ખેડૂતોના વિરોધની એક અનોખી તસવીર સામે આવી

# તંત્રએ ફરિયાદ ન સાંભળી તો અરજદારે તેણે કરેલી અરજીઓની પૂંછડી બનાવી

## ખેડૂતે આરોપ લગાવ્યો કે તેણે ગ્રામ પંચાયતોને ટ્યુબવેલ ખોદવા માટે ઘણી વખત અરજી કરી હતી પરંતુ વિભાગે કોઈ કાર્યવાહી કરી ન હતી

। (એજન્સી) ભોપાલ, તા.૪ ।

રાજધાની ભોપાલમાંથી કેટલાક ખેડૂતોના વિરોધની એક અનોખી તસવીર સામે આવી છે. અહીંના બિશનખેડી ગામમાં, ખેડૂતોએ પાણીની કટોકટી અને અન્ય ફરિયાદો અંગે કંઈક એવું કર્યું જેનાથી લોકો જોતા રહી ગયા. ખરેખર, બિશનખેડી ગામના કેટલાક ખેડૂતો તેમની ફરિયાદો લઈને ભોપાલ કમિશનર ઓફિસ પહોંચ્યા. આમાંથી એક ખેડૂત ફરિયાદોના ઢગલા લઈને ઘૂંટણિયે રડતો રડતો કમિશનર ઓફિસ પહોંચ્યો. ખેડૂતે આરોપ લગાવ્યો કે તેણે ગ્રામ પંચાયતોને ટ્યુબવેલ ખોદવા માટે ઘણી વખત અરજી કરી હતી પરંતુ વિભાગે કોઈ કાર્યવાહી કરી ન હતી. સિહોર જિલ્લામાં પાણીની કટોકટીએ ગ્રામજનોની મુશ્કેલીઓમાં વધારો કર્યો છે. પાણીની સમસ્યાથી પરેશાન એક ગ્રામજનોએ અનોખી રીતે વહીવટીતંત્ર



સુધી પોતાનો સંદેશ પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે. બિશનખેડીના ખેડૂત બજરંગી નાગર ૧૦૦થી વધુ અરજીઓ લઈને અજીબ રીતે ભોપાલ કમિશનર ઓફિસ પહોંચ્યા. બિશનખેડી ગામના ગ્રામજનો પણ તેમની સાથે હતા. ભોપાલ કમિશનર સંજીવ સિંહને આવેદનપત્ર આપતા ખેડૂતે કહ્યું, "જાહેર આરોગ્ય ઈજનેરી વિભાગે બિશનખેડી ગામના ધાકડ મોહલ્લામાં મુરલીધર બારે પાસે એક ટ્યુબવેલ ખોદવાનો આદેશ આપ્યો છે. આ પછી પણ, સરપંચના પતિ દબાણ કરીને ટ્યુબવેલ ખોદવાની મંજૂરી આપી રહ્યા નથી. ખેડૂતે કહ્યું કે ટ્યુબવેલ ન ખોદવાને કારણે ગામમાં પાણીની કટોકટી છે. ખેડૂતે આરોપ લગાવ્યો કે ખાણકામ વિસ્તારમાં અગાઉ ખોદવામાં આવેલ ટ્યુબવેલ હવે સરપંચના પતિના કબજામાં છે અને ગ્રામજનોને તેનો ઉપયોગ કરવાની મંજૂરી નથી. કમિશનર ઓફિસમાં ફરિયાદ કરતા ખેડૂતે વધુમાં જણાવ્યું હતું કે, "બિશનખેડી ગામની વસ્તી લગભગ ૨ હજાર છે. ગામમાં ૨૦ હેન્ડપંપ છે, પરંતુ તેમાંથી ફક્ત બેથી જ પાણી પુરવઠો કરવામાં આવી રહ્યો છે. બાકીના હેન્ડપંપ સુકાઈ ગયા છે. આ કારણે લોકોને ૨ કિલોમીટર દૂરથી પાણી લાવવું પડે છે. . પાણીની સમસ્યા અંગે મુખ્યમંત્રી હેલ્પલાઈન અને મુખ્યમંત્રીને પણ ફરિયાદો મોકલવામાં આવી છે, પરંતુ હજુ સુધી ફરિયાદનો ઉકેલ આવ્યો નથી. બીજી તરફ, ભોપાલ કમિશનરે ફરિયાદ પર કાર્યવાહી કરવાની ખાતરી આપી છે.

### કેન્દ્રીય કર્મચારીઓ માટે સારા સમાચાર

# પોતાના મોંઘવારી ભથ્થાની સાથે તેનું એરિયર પણ મળી જશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

કેન્દ્રીય કર્મચારીઓ માટે સારા સમાચાર છે. જલદી તેમને પોતાના મોંઘવારી ભથ્થાની સાથે તેનું એરિયર પણ મળી જશે. ૩ મહિનાની બાકી રકમ એક સાથે રિલીઝ કરાશે. અત્રે જણાવવાનું કે કેન્દ્ર સરકારે હાલમાં જ કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું રિવાઈઝ કર્યું છે. આ વખતે તેમના મોંઘવારી ભથ્થામાં ૨ ટકાનો ઉછાળો આવ્યો છે. ૧ જાન્યુઆરી ૨૦૨૫થી તેમનું મોંઘવારી ભથ્થું ૫૩ ટકાથી વધીને ૫૫ ટકા થયું છે. જો કે ૨ ટકાનો વધારો ગત ૭ વર્ષમાં સૌથી ઓછો છે. આ સાથે જ આ વખતે સરકારે તેને માર્ચના અંતમાં મંજૂરી આપી દીધી. આથી તેની ચૂકવણી એપ્રિલમાં થશે. તેનાથી કેન્દ્ર સરકારના લગભગ ૪૮.૬ લાખ કર્મચારીઓ અને ૬૬.૫ લાખ પેન્શનર્સને ફાયદો થશે. સરકાર પર વધારાથી ૬,૬૧૪ કરોડનો વાર્ષિક બોજો પડશે. નવું મોંઘવારી ભથ્થું (DA) તો ૧ જાન્યુઆરી ૨૦૨૫થી લાગૂ થશે પણ ચૂકવણી એપ્રિલમાં થશે. જો કે જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ ૨૦૨૫ની બાકી રકમ પણ કર્મચારીઓને મળશે. જે કર્મચારીઓનો બેઝિક સેલરી ૧૮,૦૦૦ છે તેમને દર મહિને ૩૬૦ રૂપિયાનો ફાયદો થયો છે. આ રીતે જોઈએ તો ત્રણ મહિનાનું તેમનું કુલ એરિયર ૧૦૮૦ થશે. તેની ચૂકવણી પણ એપ્રિલના પગાર સાથે થશે. જ્યારે પેન્શનર્સ કે જેમનો બેઝિક પેન્શન ૯,૦૦૦ હોય તેમને દર મહિને ૧૮૦ નો ફાયદો થયો છે અને ત્રણ મહિનાની બાકી રકમ તરીકે તેમને ૫૪૦ રૂપિયા મળશે. વર્ષમાં બે વખત મોંઘવારી ભથ્થું વધારવામાં આવે છે. એકવાર જાન્યુઆરીમાં અને બીજીવાર જુલાઈમાં. હવે આગામી વધારો જુલાઈ-ડિસેમ્બર ૨૦૨૫માં થશે. જેની જાહેરાત સામાન્ય રીતે ઓક્ટોબર-નવેમ્બર સુધીમાં થશે. ઓલ ઈન્ડિયા કન્ઝ્યૂમર્સ પ્રાઈમ ઈન્ડેક્સ (CPI-IW) મુજબ જાન્યુઆરી ૨૦૨૫થી DA/DR 2% વધ્યું છે. ડિસેમ્બર ૨૦૨૪માં AICPI-IW નો નંબર ૧૪૩.૭ અંક પર રહ્યું હતું. જેનાથી DA ની ગણતરી ૫૫.૯૮% પર પહોંચી હતી. પરંતુ સરકારી નિયમો મુજબ ડેસિમલ બાદની સંખ્યાને મોંઘવારી થ્થા સાથે જોડાતો નથી એટલે તે ૫૫% સુધી રાખવામાં આવ્યું. ગત કેટલાક વર્ષોમાં મોંઘવારી ભથ્થું ૩ કે ૪ ટકાના દરે વધ્યું છે. પરંતુ ૭૮ મહિના (સાડા ૬ વર્ષ)માં પહેલીવાર એવું બન્યું છે કે હ્રછ માં ફક્ત ૨%નો વધારો કરવામાં આવ્યો.

# તંત્રી લેખ...

## PPFના છ કરોડ રોકાણકારોને મોટી રાહત

કેન્દ્ર સરકારે ગઈકાલે પીપીએફ એકાઉન્ટ હોલ્ડર્સ માટે મોટી રાહત જાહેર કરી છે. નાણા મંત્રી નિર્મલા સીતારમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ શેર કરતાં જણાવ્યું છે કે, પીપીએફ ખાતામાં નોમિની અપડેશન માટે હવે કોઈ ચાર્જ ચૂકવવો પડશે નહીં. તદ્દન મફતમાં આ સેવાનો લાભ લઈ શકાશે. નાણા મંત્રીની આ જાહેરાતથી દેશના આશરે ૬ કરોડથી વધુ લોકોને લાભ થશે. સરકારે નોટિફિકેશન મારફત પીપીએફ ખાતામાં નોમિની ઉમેરવાના નિયમોમાં ફેરફાર કર્યો હોવાનું જણાવ્યું હતું. નાણા મંત્રી નિર્મલા સીતારમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર આ અંગે જણાવ્યું હતું કે, પીપીએફ એકાઉન્ટમાં નોમિનીની વિગતો અપડેટ કરવા માટે અમુક નાણાકીય સંસ્થાઓ પાસેથી ચાર્જ વસૂલવામાં આવી રહ્યો હતો. જે હવે તદ્દન ફ્રી કરવામાં આવ્યો છે. સરકારે બીજી એપ્રિલના રોજ નોટિફિકેશન જાહેર કરી સ્પષ્ટતા કરી હતી કે, પીપીએફ એકાઉન્ટમાં નોમિની અપડેશન પર લાગુ તમામ ચાર્જ દૂર કરવામાં આવ્યા છે. સરકારી બચત સંવર્ધન સામાન્ય નિયમ ૨૦૧૮માં આ મહત્ત્વનો ફેરફાર કરવામાં આવ્યો છે. જે મુજબ, સરકાર દ્વારા સંચાલિત સ્મોલ સેવિંગ્સ સ્કીમ્સ માટે નોમિની રદ કરવા તેમજ તેમાં ફેરફાર કરવા માટે ચાર્જ પેટે રૂ. ૫૦ વસૂલવામાં આવતા હતા. પીપીએફમાં નોમિની અપડેશન મફત કરવાની સાથે બૅંકિંગ સુધારા બિલ ૨૦૨૫ હેઠળ બૅંકોના સેવિંગ્સ એકાઉન્ટ, કરન્ટ એકાઉન્ટ, લોકર, એફડીના ખાતેદારોની જેમ પીપીએફ ખાતેદારો પણ ચાર નોમિની સામેલ કરી શકશે. પીપીએફમાં મોટાભાગે પ્રોફેશનલ્સ રોકાણ કરે છે.

## નીતિ આયોગ દ્વારા 'સ્થાનિક વિકાસ આયોજનમાં જળવાયુ અનુકૂલનને મુખ્ય પ્રવાહમાં લાવવા' વિષય પર રાષ્ટ્રીય કાર્યશાળાનું આયોજન

નીતિ આયોગે 'સ્થાનિક વિકાસ આયોજનમાં આબોહવા અનુકૂલનને મુખ્ય પ્રવાહમાં લાવવા' વિષય પર એક રાષ્ટ્રીય કાર્યશાળાનું આયોજન કર્યું હતું, જેમાં નીતિ નિર્માતાઓ, જળવાયુ વિશેષજ્ઞો, નાગરિક સમાજ સંગઠનો અને વિકાસ પ્રેક્ટિશનરોને પંચાયત વિકાસ યોજનાઓમાં આબોહવા સ્થિતિસ્થાપકતાને એકીકૃત કરવા માટે અસરકારક વ્યૂહરચનાઓનું અન્વેષણ કરવા માટે એકત્ર કરવામાં આવ્યા હતા. આ કાર્યશાળામાં ગ્રામ પંચાયતોને આબોહવા પડકારોનો અસરકારક રીતે સામનો કરવા માટે સાધનો, જ્ઞાન અને સંસાધનોથી સજ્જ કરવાની જરૂરિયાત પર ભાર મુક્યો હતો. એ વાત પર પણ મહત્વ આપવામાં આવ્યું હતું કે આબોહવા અનુકૂલનને એકલ પ્રયાસ તરીકે ગણવાને બદલે પંચાયત સ્તરે ક્ષેત્રીય આયોજનના તમામ પાસાઓમાં વણવું જોઈએ. સાથે જ સ્થાનિક રીતે સંબંધિત અનુકૂલન વ્યૂહરચનાઓ વિકસાવવા માટે આબોહવા મોડેલિંગને સમુદાય-સ્તરના જ્ઞાન સાથે જોડવું જોઈએ તે વાત પણ ભારપૂર્વક જણાવવામાં આવી હતી. પંચાયતી રાજ સંસ્થાઓ (PRI) માં જળવાયુ સ્થિતિસ્થાપકતાને સંસ્થાકીય બનાવવા અને સ્થાનિક વિકાસ માળખામાં આબોહવા-પ્રતિભાવશીલ આયોજનને સમાવિષ્ટ કરવા પર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. ચર્ચાઓમાં ભારે હવામાન ઘટનાઓની વધતી જતી આવર્તન અને ગ્રામીણ આજીવિકા, કૃષિ અને પાણીની સુરક્ષા પર તેમની અસરો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

## મંત્રીમંડળે ભારતીય રેલવેમાં ચાર મલ્ટિટ્રેકિંગ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતો પરની મંત્રીમંડળીય સમિતિએ રેલવે મંત્રાલયની ચાર પરિયોજનાઓને મંજૂરી આપી દીધી છે, જેનો કુલ ખર્ચ રૂ. ૧૮,૬૫૮ કરોડ (અંદાજે) છે. ત્રણ રાજ્યો એટલે કે મહારાષ્ટ્ર, ઓરિસ્સા અને છત્તીસગઢમાં ૧૫ જિલ્લાઓને આવરી લેતી આ ચાર યોજનાઓથી ભારતીય રેલવેનાં હાલનાં નેટવર્કમાં આશરે ૧૨૪૭ કિલોમીટરનો વધારો થશે.

આ પ્રોજેક્ટ્સમાં સામેલ છે:

સંબલપુર - જરાપડા ત્રીજી અને ચોથી લાઇન

ઝારસુગુડા – સોસન ત્રીજી અને ચોથી લાઇન

iii. ખર્સિયા - નયા રાયપુર - પરમલકાસા ૫મી અને ૬ઠ્ઠી લાઇન

iv. ગોંદિયા – બલહરશાહ ડબલિંગ

સંવર્ધિત લાઇન ક્ષમતાથી ગતિશીલતામાં સુધારો થશે, જે ભારતીય રેલવે માટે કાર્યદક્ષતા અને સેવાની વિશ્વસનીયતામાં વધારો કરશે. આ મલ્ટિ-ટ્રેકિંગ દરખાસ્તો કામગીરીને સરળ બનાવશે અને ગીચતામાં ઘટાડો કરશે, જે સમગ્ર ભારતીય રેલવેમાં સૌથી વ્યસ્ત વિભાગોને ખૂબ જ જરૂરી માળખાગત વિકાસ પ્રદાન કરશે. આ વિવિધ પ્રોજેક્ટ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીનાં નવા ભારતનાં વિઝનને અનુરૂપ છે, જે આ વિસ્તારનાં લોકોને રોજગારી/સ્વરોજગારીની તકોમાં વધારો કરવા માટે વિસ્તૃત વિકાસનાં માધ્યમથી 'સ્વચ્છ' બનાવશે.

આ પ્રોજેક્ટ્સ મલ્ટિ-મોડલ કનેક્ટિવિટી માટે પીએમ-ગાતી શક્તિ નેશનલ માસ્ટર પ્લાનનું પરિણામ છે, જે સંકલિત આયોજન મારફતે શક્ય બન્યું છે અને લોકો, ચીજવસ્તુઓ અને સેવાઓની અવરજવર માટે સાતત્યપૂર્ણ કનેક્ટિવિટી પ્રદાન કરશે.

આ પ્રોજેક્ટ સાથે ૧૯ નવા સ્ટેશનોનું નિર્માણ કરવામાં આવશે, જે બે મહત્વાકાંક્ષી જિલ્લાઓ (ગડચિરોલી અને રાજનાંદગાંવ)ની કનેક્ટિવિટીમાં વધારો કરશે. મલ્ટિ-ટ્રેકિંગ પ્રોજેક્ટથી આશરે ૩૩૫૦ ગામડાઓ અને આશરે ૪૭.૨૫ લાખની વસતિ વચ્ચે જોડાણ વધશે.

ખરસિયા - નયા રાયપુર – પરમલકાસા બાલોદા બજાર જેવા નવા વિસ્તારોને સીધી કનેક્ટિવિટી પ્રદાન કરશે, જેનાથી આ વિસ્તારમાં સિમેન્ટ પ્લાન્ટ્સ સહિત નવા ઔદ્યોગિક એકમોની સ્થાપનાની સંભાવનાઓ ઊભી થશે.

કૃષિ પેદાશો, ખાતર, કોલસો, લોખંડની કાચી ધાતુ, સ્ટીલ, સિમેન્ટ, ચૂનાના પત્થર વગેરે જેવી ચીજવસ્તુઓના પરિવહન માટેના આ આવશ્યક માર્ગો છે. ક્ષમતા વધારવાનાં કાર્યોને પરિણામે ૮૮.૭૭ એમટીપીએ (મિલિયન ટન પ્રતિ વર્ષ) ની તીવ્રતાનો વધારાનો નૂર પરિવહન થશે. રેલવે પર્યાવરણને અનુકૂળ અને પરિવહનનું ઊર્જાદક્ષ માધ્યમ છે, જે આબોહવાનાં લક્ષ્યાંકો હાંસલ કરવામાં અને દેશનાં પરિવહન ખર્ચને લઘુતમ કરવામાં, ઓઇલની આયાત (૯૫ કરોડ લિટર) ઘટાડવામાં અને કાર્બન ડાયોકસાઇડનું ઉત્સર્જન ઓછું કરવા (૪૭૭ કરોડ કિ.ગ્રા.) એમ બંનેમાં મદદરૂપ થશે, જે ૧૯ કરોડ વૃક્ષોનાં વાવેતરને સમકક્ષ છે.

કુંડલીની જાગરણ એ મારા અનુભવનું ક્ષેત્ર નથી, પણ કળીના પ્રભાવને કારણે સ્વભાવમાં જે પશુતા કે હિંસકતા આવી ગઈ છે

# શિવ જેમ સર્વનાં કલ્યાણની અજવાળી અનૂભૂતિ! એ જ તો સહસ્ત્રારની ફલશ્રુતિ છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**માનવ કાયાની ધુરી એનાં ઉત્તર ધ્રુવ રૂપ સહસ્ત્રાર ચક્ર છે, અને બ્રહ્મરૂંધ્ર બ્રહ્માંડની ચેતના સાથે સંપર્ક સાધી આદાન-પ્રદાનનો પથ નિર્મિત કરે છે. પૃથ્વીના ઉત્તર અને દક્ષિણ ધ્રુવની જેમ માનવ કાયાના પણ બે ધ્રુવ છે, એક સહૂાર ચક્ર અને બીજું મૂલાધાર ચક્ર. જેમ સૂર્યનાં કિરણોની ઊર્જા ઉત્તર ધ્રુવ પર વરસે, અને આખી પૃથ્વી પ્રકાશમાન થઈ એ કેન્દ્ર થકી જરૂરિયાત પ્રમાણે શક્તિ પ્રાપ્ત કરે છે.**

આજે ચૈત્રી નવરાત્રીનો આઠમો દિવસ એટલે કે નવ દુર્ગાનાં આઠમા સ્વરૂપ મહાગૌરીની મહત્તાનું મહિમા ગાન, મહાગૌરીનું સ્વરૂપ એકદમ સૌમ્ય અને શાંત છે, ઉપરાંત કોઈ શસ્ત્ર પણ નથી! એટલે સિદ્ધિ મેળવવા માટે અહિંસા જરૂરી છે, અથવા તો અહિંસા જ સૌથી મોટી સિદ્ધિ છે! કુંડલીની જાગરણ એ મારા અનુભવનું ક્ષેત્ર નથી, પણ કળીના પ્રભાવને કારણે સ્વભાવમાં જે પશુતા કે હિંસકતા આવી ગઈ છે, એ જાય માટે સદગુરુ કૃપા થકી અનૂભૂતિનાં આકાશમાં તત્વતઃ સત્ય પ્રેમ અને કરુણાનાં ભાવો થકી સાધના ચક્રો પ્રમાણેના રંગો મુજબ રંગોળી રચી આલ્હાદક અનૂભૂતિ કરાવી શકે છે, એ વિશે થોડું લખ્યું. પણ એની માટે સદગુરુની આજ્ઞાનું આચરણ ખૂબ જ મહત્વનું છે, અને વાણીનાં મંત્ર જાપને વર્તન સુધી લઈ જઈ આત્મસાત કરવાનાં છે. સદગુરુ દેવની કુંડલીની જાગરણ વિશેનું પુસ્તકમાં લખ્યું હતું, કે માતાનાં ગર્ભમાં ગર્ભ જ્યારે ચાર મહિનાનો થાય ત્યારે પરમશક્તિ દ્વારા એ ગર્ભમાં પ્રવેશે છે, અને મુલાધાર પર કેન્દ્રિત થાય છે. જ્યાં સુધી જન્મ ન થાય ત્યાં સુધી ગર્ભમાં રહેલ શિશુની આ શક્તિ જાગૃત હોય છે, અને એ ઉપર નીચે ફરીને, માતાની શક્તિ સાથે તાલમેલ સાધવા કોશિશ કરે છે. કોઈ કોઈ વાર માતાના આ ચક્રો સાવ નિષ્ક્રિય હોય, અને એ કળી પ્રભાવમાં ન કરવા જેવું કંઈક વર્તન કરે, તો જીવ જન્મીને આ મોહ માયાના બંધનમાં બંધાવું નથી, એવું નક્કી કરે છે, અને માતાને ગર્ભપાત એટલે કે મિસકેરેજ થતું હોય છે, જે કોઈ શારીરિક સંઘર્ષનું કે દુર્ઘટનાનું પરિણામ દેખાય છે. કેવી આશ્ચર્યજનક વાત છે નહીં! કે બ્રહ્મરંધ્રમાંથી જ આપણી અંદર એ શક્તિ આવી હતી, પરંતુ જન્મ લઈને આ મોહ માયાને મમતામાં એવા જકડાઈ ગયાં, કે પછી એનાં જાગરણ વિશે વિચાર્યું જ નહીં! તો આજે આપણે આ બ્રહ્મરંધ્ર પર ટકેલા સહસ્ત્રાર ચક્રની શાસ્ત્રીય રચના જોઈએ!

સહસ્ત્રાર કે જે હજાર-પાંખડીવાળાને યોગ પરંપરાઓમાં તાજ ચક્ર કે સાતમું પ્રાથમિક ચક્ર ગણવામાં આવે છે,જે આછાં જાંબલી રંગનું છે. તેને પંકજા, પૂર્ણ પંકજ, સહસ્ત્રાદલ, શતદલા જેવા ઘણાં નામ છે. સહસ્ત્રારનું વર્ણન કેટલાક મધ્યયુગીન હઠ યોગ ગ્રંથોમાં કરવામાં આવ્યું છે. શિવ સંહિતા જણાવે છે કે તે શરીરની બહાર છે, જ્યારે અન્ય લોકો તેને માથાની ટોચે બ્રહ્મરંધ્ર પર મૂકે છે, જ્યાં આત્મા મૃત્યુ સમયે શરીરને છોડી દે છે. શાસ્ત્રોમાં કહ્યાં મુજબ તે ૧૦૦૦ પાંખડીઓ ધરાવે છે, અને આમ ૫૦ પાંખડીઓ ૨૦ સ્તરોમાં ગોઠવાયેલી હોય છે. સહસ્ત્રારને વિવિધ રંગોની ૧,૦૦૦ પાંખડીઓવાળા કમળના ફૂલ તરીકે વર્ણવવામાં આવે છે. એનો મધ્ય ભાગ સોનેરી છે અને તેની અંદર એક ગોળાકાર ચંદ્ર પ્રદેશ, એક તેજસ્વી ત્રિકોણ સાથે અંકિત છે, જે કાં તો ઉપરની તરફ અથવા નીચે તરફ નિર્દેશ કરી શકે છે. તે શુદ્ધ ચેતના સાથે સંબંધિત સિસ્ટમમાં સૌથી સૂક્ષ્મ ચક્ર હોવાનું કહેવાય છે, અને આ ચક્રમાંથી જ અન્ય તમામ ચક્રો નીકળે છે. જ્યારે યોગી તેમની કુંડલિની ચેતનાની ઊર્જાને આ બિંદુ સુધી લઈ જવા સક્ષમ બને છે, ત્યારે નિર્વિકલ્પ સમાધિની સ્થિતિનો અનુભવ થાય છે.સહસ્ત્રાર માથાના મુગટ સાથે સંબંધિત છે. તે સામાન્ય રીતે ફોન્ટનેલ અને ખોપરીના કોરોનલ અને ધનુષ્યના આંતરછેદ સાથે સંકળાયેલું છે.સહસ્ત્રાર ચક્ર મસ્તિષ્કના મધ્યમાં રહેલું છે, જેને હજાર આરા હોય,શરીરમાં આ સ્થાન સર્વાધિક મહત્વનું છે.

યદેતતદ્ધૃત્યં મનશ્ચૈતત્। સંજ્ઞાનમાજ્ઞાનં વિજ્ઞાનં પ્રજ્ઞાનં મેઘા દ્રષ્ટિ ર્ધૃતિર્મતિર્મનીષા જૂતિઃ સ્મૃતિઃ સંકલ્પઃ ક્તુરસુઃ કામો વશ ઈતિ સર્વાણ્યેવૈતાનિ પ્રજ્ઞાનસ્ય નામધેયાનિ ભવન્ત ॥ આ જે હૃદય છે, તે જ મન પણ છે, યોગ્ય જ્ઞાન, આજ્ઞા કરવાની શક્તિ, જુદી જુદી રીતે જાણવાની શક્તિ, તત્કાળ જાણવાની શક્તિ, બધું ધારણ કરવાની શક્તિ, જોવાની શક્તિ, ધૈર્ય, બુધ્ધિ, મનન શક્તિ, વેગ, સ્મરણ શક્તિ, સંકલ્પ શક્તિ, ઈચ્છા શક્તિ, આ બધી શક્તિઓ અને આ જગતમાં જે કંઈ ચૈતન્યશક્તિ જુદા જુદા નામે પ્રસરે છે, આ તમામ ચૈતન્ય શક્તિ પ્રજ્ઞા સ્વરૂપ પરમાત્મામાંથી જ ઉત્પન્ન થાય છે, એવી સહજ સમજ. સીધીસાદી ભાષામાં કહીએ તો । પીંડે ચ બ્રહ્માંડે । એવી સાક્ષાત અનૂભૂતિ થાય તો સમજવું કે સહસ્ત્રાર ચક્ર સક્રિય થયું છે.

માનવ કાયાની ધુરી એનાં ઉત્તર ધ્રુવ રૂપ સહસ્ત્રાર ચક્ર છે, અને બ્રહ્મરૂંધ્ર બ્રહ્માંડની ચેતના સાથે સંપર્ક સાધી આદાન-પ્રદાનનો પથ નિર્મિત કરે છે. પૃથ્વીના ઉત્તર અને દક્ષિણ ધ્રુવની જેમ માનવ કાયાના પણ બે ધ્રુવ છે, એક સહસ્ત્રાર ચક્ર અને બીજું મૂલાધાર ચક્ર. જેમ સૂર્યનાં કિરણોની ઊર્જા ઉત્તર ધ્રુવ પર વરસે, અને આખી પૃથ્વી પ્રકાશમાન થઈ એ કેન્દ્ર થકી જરૂરિયાત પ્રમાણે શક્તિ પ્રાપ્ત કરે છે. તે જ રીતે બ્રહ્મ ચેતનાનો ચૈતન્ય પ્રવાહ અંતરિક્ષમાંથી સતત પ્રવાહિત થતો રહે છે, જે મનુષ્યના શરીરમાં ઉપર રહેલા આ સહસ્ત્રાર ચક્રમાં ઊતરે છે, અને ત્યાંથી નીચેની તરફ પ્રવાહિત થઈ દક્ષિણ ધ્રુવ રૂપ મૂલાધાર ચક્ર સુધી પહોંચે છે. અધ્યાત્મ વિજ્ઞાન કહે છે, કે મૂલાધાર ચક્રમાંથી ઉપર ઉઠેલી કુંડલિની શક્તિ સહસ્ત્રાર ચક્રમાં જ શિવ એટલે કે આ બ્રહ્માંડીય શક્તિ સાથે સંયોગ કરે છે, જેને આપણે જીવ શિવ મિલન કે બ્રહ્મ સાક્ષાત્કાર કહીએ છીએ. યોગશાસ્ત્ર દર્શાવે છે કે, બન્ને ભ્રમરની વચ્ચે ત્રણ-ત્રણ ઈંચ અંદર મસ્તિષ્કની મધ્યમાં 'મહા વિવર' નામના મહા છિદ્રની ઉપર નાના સરખાં પોલા ભાગમાં જ્યોતિ પુંજ રૂપમાં આ સહસ્ત્રાર રહેલું હોય છે, અને જો આ ચક્ર સક્રિય થયું હોય તો ધ્યાનમાં બ્રહ્મરંધ્ર પાસે મશાલ રૂપે પ્રચંડ પ્રકાશ પુંજ દેખાય છે.

જોવા સાંભળવામાં સારું લાગે પરંતુ આ ચક્ર સુધી ભોગી અને સંસારી જીવ પહોંચી શકે નહીં,એની માટે યોગની આકરી શરતો પાળવાનું શક્ય નથી. પરંતુ પ્રાકૃતિક રીતે આ શક્તિ ખુદ આપણી અંદર પ્રવેશીને મુલાધારમાં જઈ એને જાગૃત કરી ઉપર લાવી શકે! અને એ રીતે જીવ અને શિવનું મિલન શક્ય છે. ભક્તિ સાથે પણ યોગ શબ્દ લાગે છે, અને બસ એ રીતે એટલે કે ભક્તિ યોગ થકી આપણે જીવ શિવનું મિલન કરાવી શકીએ છીએ, કારણ કે ભક્તિમાં ભાવનું પ્રાધાન્ય હોય છે, સાધન કે સાધનાનું હોતું નથી! એટલે જેવા છીએ એવા સદગુરુના ચરણે બેસી જઈએ, અને આપણાથી કંઈ ન થયાનો પસ્તાવો કરી, શુદ્ધ હૃદયથી પ્રાર્થના કરવામાં આવે, તો મા જગત જનની જગદંબા આપણી પ્રાર્થના અવશ્ય સાંભળશે, અને આ અનોખી શક્તિનું જાગરણ આપણામાં રમત રમતમાં થઈ શકે. દરેક સાધના ચક્રના એક એક બીજ મંત્ર છે, પણ બીજ મંત્ર એ તંત્રવિદ્યાનો પ્રયોગ છે, અને એવા કેટલાય મંત્રો છે જેના થકી તંત્ર વિદ્યામાં સિદ્ધિ પ્રાપ્ત થાય છે. પરંતુ સીધા સાદા નામ મંત્ર આગળ ૐ નામનું મુખ્ય બીજ મંત્ર લગાડીને આ કાર્યને અંજામ સુધી લઈ જઈ શકીએ. સિદ્ધિ પ્રાપ્ત થાય કે ન થાય, પરંતુ શુદ્ધિ અવશ્ય થાય છે, અને ભક્તિમાં શુદ્ધિનું જ મહત્વ હોય છે, અને શુદ્ધ હૃદયમાં તો આમ પણ ભગવાનનો વાસ હોય છે, એટલે હૃદય શુદ્ધ થતા પરમાત્મા તત્વની પ્રતીતિ થાય છે, આમ અનાહત ચક્ર સુધી જીવ પહોંચી જાય છે. જીભના બે મહત્વના કામ પર પણ સંયમ આવતા ત્યાં પણ વિશ્રામ અને શાંતિનો અનુભવ થાય છે. સદગુરુ સમાન કોઈ બુદ્ધપુરુષની આજ્ઞાનું અક્ષરશ પાલન કરવાથી, એમનો વરદ હસ્ત આપણને આશીર્વાદ દેવા આપણા માથા પર મુકાય છે, અને એ પરમ સ્પર્શ આપણું સહસ્ત્રાર સક્રિય કરે છે, અને આ રીતે આપણાંમાં એ સાતે ચક્ર જાગૃત થાય, અને જીવ અને શિવનું મિલન થાય. જીવ જીવન મુક્ત દશાનો અનુભવ કરે, નિર્વાણનો અનુભવ કરે છે. આપણે પણ યથા યોગ્ય સમજ દ્વારા ભક્તિનાં એ પરમભાવ સુધી પહોંચી અને ભક્તિ યોગ થકી આ સાતમા અને અંતિમ ચક્રને જાગૃત કરીને સચ્ચિદાનંદ સ્વરૂપે રામને અંતરમાં જન્માવીએ. જય સીયારામ.

ચૈત્રી આઠમું નોરતું । દેવી ભાગવત પુરાણ અનુસાર, નવ સ્વરૂપો અને દશ મહાવિદ્ય આદિશક્તિના તમામ ભાગો અને સ્વરૂપો છે

# યા દેવી સર્વભૂતેષુ મહાગૌરી રૂપેણ સંસ્થિતા નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ !!



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**દેવી મહાગૌરીને ગાયન અને સંગીત ગમે છે અને તે સફેદ વૃષભ એટલે કે બળદ પર સવાર છે. માતાનો જમણો હાથ અભય મુદ્રામાં છે, ડાબા હાથમાં શિવનું પ્રતીક ડમરુ છે અને નીચેના હાથમાં માતા અભય આપી રહી છે અને એક હાથમાં માતાના ત્રિશુલને શણગારી રહી છે.**

આજે ચૈત્રી નવરાત્રીનો આઠમો દિવસ છે અને આ દિવસે મા દુર્ગાના આઠમા સ્વરૂપ મહાગૌરીની પૂજા કરવાનો નિયમ છે. મા દુર્ગાની આઠમી શક્તિ મૂળ ઘરનું પ્રતિનિધિત્વ કરે છે અને તેમની પૂજા કરવાથી સોમ ચક્ર જાગૃત થાય છે. દેવી ભાગવત પુરાણ અનુસાર, નવ સ્વરૂપો અને દશ મહાવિદ્ય આદિશક્તિના તમામ ભાગો અને સ્વરૂપો છે,પરંતુ મહાગૌરી હંમેશા મહાદેવ સાથે અર્ધાંગિનીના રૂપમાં રહે છે. તેમની શક્તિ અવિશ્વસનીય અને હંમેશા ફળદાયી છે. મહાગૌરીની કૃપાથી તમામ પરેશાનીઓ દૂર થાય છે અને દરેક અશક્ય કાર્ય પૂર્ણ થાય છે. કેટલાક ઘરોમાં, મહાઅષ્ટમી તિથિ પર કન્યા પૂજા કરવામાં આવે છે, પરંતુ કેટલાક ઘરોમાં કન્યાની પૂજા મહાનવમી તિથિ પર કરવામાં આવે છે.

આજે ચૈત્ર સુદ આઠમને શનિવાર એટલે કે આજે ચૈત્રી નવરાત્રીનો આઠમો દિવસછે.ચૈત્રી નવરાત્રીના આઠમા દિવસે માતાના આઠમા સ્વરૂપ મા મહાગૌરીની પૂજા કરવામાં આવે છે. નવરાત્રી દરમિયાન માતાના નવ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે. નવરાત્રિનો આઠમો દિવસ ખૂબ જ મહત્વ ધરાવે છે આ દિવસે કન્યા પૂજા પણ કરવામાં આવે છે. માં મહાગૌરીનો રંગ ખૂબ જ ગોરો છે. તેણીને ચાર હાથ છે અને માતા બળદ પર સવારી કરે છે. માતાનો સ્વભાવ શાંત હોય છે.માતા મહા ગૌરી પૂજાવિધિ: ચૈત્રી નવરાત્રિના આઠમા દિવસે બ્રહ્મમુહૂર્તમાં ઊઠી ને સ્નાન કર્યા પછી સ્વચ્છ વસ્ત્રો પહેરીને માતા ના મંત્રનો જાપ કરતાં ધ્યાન કરવું. આ પછી પૂજા સ્થાન પર હંમેશની જેમ ગંગાજળનો છંટકાવ કરો અને પાંચ દેશી ઘીનો દીવો પ્રગટાવો. ત્યારબાદ મા મહા ગૌરીની પૂજા શરૂ કરતા પહેલા માતાના કલ્યાણકારી મંત્ર ઓમ દેવી મહાગૌરી નમઃ મંત્રનો જાપ કરો. આ પછી માતાને પૂજાની સામગ્રી જેમ કે ધૂપ, દીપ, ફૂલ, ફળની રોલી, અક્ષત વગેરે ચઢાવો. મહાગૌરીની પૂજામાં સફેદ ફૂલ ચઢાવો અને નારિયેળ કે નાળિયેરથી બનેલી વસ્તુઓ અર્પણ કરો. કેટલાક લોકો નવમી અને કેટલાક અષ્ટમી તિથિ પર કન્યાની પૂજા કરે છે. માતાની પૂજામાં ભક્તોએ ગુલાબી રંગના વસ્ત્રો પહેરવા જોઈએ.શા માટે છે ગૌર વર્ણ:નવરાત્રીના આઠમા દિવસે મા મહાગૌરીની પૂજા કરવામાં આવે છે. તેમની તપસ્યાથી તેમને ગૌર વર્ણ પ્રાપ્ત થયું હતું. તેણીના જન્મ સમયે તેણીની ઉંમર આઠ વર્ષની હતી. તેથી જ નવરાત્રિના આઠમા દિવસે તેમની પૂજા કરવામાં આવે છે. તેમના ભક્તો માટે આ અન્નપૂર્ણા સ્વરૂપ છે. તે સંપત્તિ, વૈભવ અને સુખ અને શાંતિની પ્રમુખ દેવી છે. આ દિવસે દુર્ગા સપ્તશતીના મધ્યમ ચરિત્રનો પાઠ કરવો વિશેષ ફળદાયી માનવામાં આવે છે. બીજી તરફ જે લોકો આખી નવરાત્રિમાં ઉપવાસ નથી રાખતા તેઓ માત્ર પાડવો અને અષ્ટમી તિથિના જ ઉપવાસ કરે છે અને નવમી તિથિએ કન્યાની પૂજા કરીને ઉપવાસનું ફળ મેળવે છે. કેવો છે મહાગૌરીનો સ્વભાવઃ લૌકિક સ્વરૂપે તેમનું રૂપ ખૂબ જ તેજસ્વી,કોમળ,સફેદ અને વસ્ત્રો માં સફેદ છે. દેવીના એક હાથમાં ત્રિશૂળ અને બીજા હાથ માં ડમરુ છે. દેવી મહાગૌરીને ગાયન અને સંગીત ગમે છે અને તે સફેદ વૃષભ એટલે કે બળદ પર સવાર છે. માતાનો જમણો હાથ અભય મુદ્રામાં છે, ડાબા હાથમાં શિવનું પ્રતીક ડમરુ છે અને નીચેના હાથમાં માતા અભય આપી રહી છે અને એક હાથમાં માતાના ત્રિશુલને શણગારી રહી છે. ડમરુ હોવાથી મહાગૌરીને શિવ પણ કહેવામાં આવે છે. માતાનું કાલ રાત્રી સ્વરૂપ જેટલું ઉગ્ર છે એટલું જ મહાગૌરીનું સ્વરૂપ શાંત અને દૃશ્યમાન છે. અષ્ટમી તિથિ એ તેની પૂજા કરવાથી તમામ મનોકામનાઓ પૂર્ણ થાય છે. મહાગૌરીની કથાઃ શિવપુરાણ અનુસાર, મહાગૌરીને આઠ વર્ષની ઉંમરે તેમના પાછલા જન્મની ઘટનાઓ વિશે જાણ થઈ હતી. તેણે આ ઉંમરથી જ ભગવાન શિવને પોતાના પતિ તરીકે સ્વીકારી લીધા હતા અને શિવને પતિ તરીકે મેળવવા માટે તપસ્યા પણ કરી હતી અને તેનો વર્ણ સૂર્ય પ્રકાશના કાણે ગૌર થઈ ગયો હતો તેથી તેથી તે મહાગૌરીથી પૂજાયા.અષ્ટમી તિથિ પર મહા ગૌરીની પૂજા કરવાનો નિયમ છે. આ દિવસે દુર્ગા સપ્તશતીના મધ્યમ ચરિત્રનો પાઠ કરવો વિશેષ ફળદાયી છે. જે લોકો નવ દિવસ સુધી વ્રત રાખી શકતા નથી તેઓને પ્રથમ અને આઠમા દિવસે ઉપવાસ કરવાથી નવ દિવસનું ફળ મળે છે.દેવી ભાગવત પુરાણ અનુસાર, મહાગૌરીનો વર્ણ ગૌર છે અને તેના વસ્ત્રો અને આભૂષણો પણ સફેદ રંગના છે.માતાનું વાહન વૃષભ એટલે કે બળદ છે,જે ભગવાન શિવનું વાહન પણ છે. માતાનો જમણો હાથ અભયમુદ્રામાં છે અને નીચેના હાથમાં દુર્ગાની શક્તિનું પ્રતીક ત્રિશૂલ છે. મહાગૌરીના ઉપરના હાથમાં શિવનું પ્રતીક ડમરુ છે. ડમરુ ધારણ કરવાને કારણે માતાને શિવ તરીકે પણ ઓળખવામાં આવે છે. માતાનો નીચેનો હાથ સિંદૂરમાં છે માતા શાંત મુદ્રામાં જોવા મળે છે. દેવીના આ સ્વરૂપને પ્રાર્થના કરતાં દેવતા ઓ અને ઋષિઓ કહે છે. દેવીનું વાહન ક્યું છેઃહિંદુ ધર્મનાં પૌરાણિક શાસ્ત્રોમાં દર્શાવ્યા પ્રમાણે મહાગૌરીએ નવદુર્ગાનું આઠમું સ્વરૂપ છે. તેમને ચાર ભુજા ઓ છે,તેમણે એક હાથમાં ત્રિશૂળ અને બીજા હાથમાં ડમરું ધારણ કરેલું છે. ત્રીજો અને ચોથો હાથ અભયમુદ્રા અને વરદમુદ્રામાં છે.તેમનું વાહન વૃષભ છે એટલે 'વૃષારુઢા' તરીકે પણ ઓળખાય છે.નવરાત્રિના આઠમા દિવસે નવ દુર્ગાનાં આ સ્વરૂપનું પૂજન અર્ચન કરાય છે. દેવીનો વર્ણ ગૌર છે, વસ્ત્ર આભૂષણ શ્વેત છે એટલે 'શ્વેતાંબરધરા' તરીકે પણ ઓળખાય છે.

નવરાત્રિના આઠમા નોરતે માતા આદ્યા શક્તિના મહાગૌરી સ્વરુપ ની પૂજા કરવામાં આવે છે. શિવપુરાણ મુજબ,મહાગૌરીને આઠ વર્ષની ઉંમરમાં જ પોતાના પૂર્વ જન્મની ઘટનાઓનો આભાસ થઈ ગયો હતો.માટે તેમને આઠ વર્ષની ઉંમરથી જ ભગવાન શિવને પતિ રુપ માં મેળવવા માટે તપસ્યા શરુ કરી દીધી હતી,માટે અષ્ટમી ના દિવસે મહાગૌરીનું પૂજન કરવાનું વિધાન છે.આ દિવસે માની પૂજામાં દુર્ગાસપ્ત સતીના મધ્યચરિત્રનો પાઠ કરવાથી વિશેષ ફળદાયી હોય છે.

મહાગૌરીની પૂજા કરતી વખતે જ્યાં સુધી થઈ શકે ગુલાબી રંગ ના વસ્ત્રો પહેરવા જોઈએ. મહાગૌરી ગૃહસ્થ આશ્રમની દેવી છે અને ગુલાબી રંગ પ્રેમનો પ્રતિક છે.એક પરિવારને પ્રેમના તાંતણા થી બાંધી રાખે છે,માટે આજે ગુલાબી રંગના કપડા પહેરવા શુભ રહેશે.પૂજા પછી કુંવારી કન્યાઓને ભોજન કરાવવું અને તેમનું પૂજન કરવાથી વિશેષ કૃપા પ્રાપ્ત થાય છે મહાગૌરી માતા અન્નપૂર્ણા સ્વરુપ પણ છે. માટે કન્યાઓને ભોજન કરાવી તેમનું પૂજન સન્માન કરવાથી ધન, વૈભવ અને સુખ-શાંતિ મળે છે.

મા શક્તિના સ્વરુપની પૂજા કરવા માટે નારિયેળ, હલવો, પુરી અને શાકનો ભોગ ધરાવવામાં આવે છે. આજના દિવસે કાળા ચણાનો પ્રવાસ વિશેષરુપે બનાવાય છે.

મા મહાગૌરીને શિવા પણ કહેવા માં આવે છે. તેમના એક હાથમાં દુર્ગા શક્તિનું પ્રતિક ત્રિશૂળ હોય છે તો બીજા હાથમાં શિવનું પ્રતિક ડમરુ હોય છે. પોતાના સંસારિક રુપમાં મહાગૌરી ઉજ્વલ કોમળ,શ્વેત વર્ણી તથા શ્વેત વસ્ત્રધારી અને ચતુર્ભુજા છે. મહાગૌરીને ગાયન અને સંગીત ઘણાં પસંદ છે. તેઓ સફેદ વૃષભ એટલે કે બળદ પર સવાર રહે છે. તેમના તમામ આભૂષણો વગેરે પણ શ્વેત છે. મહામારીની ઉપાસનાથી પૂર્વસંચિત પાપ નષ્ટ થઈ જાય છે. મા દુર્ગાનું આઠમુ સ્વરૂપ એટલે મહાગૌરી. પૂજાના આઠમા દિવસે મહાગૌરીની ઉપાસના થાય છે. મહાગૌરીની શક્તિ અમોઘ અને સદાય ફળ દેવાવાળી છે. તેમની ઉપાસનાથી ભક્તોનાં પાપો દૂર થાય છે. ભક્ત બધા જ પ્રકારે પવિત્ર અને અક્ષય પુણ્યનો અધિકારી બને છે. મહાગૌરીનો વર્ણ પૂર્ણતઃ ગૌર છે. આ ગૌરતાની ઉપમા શંખ, ચંદ્ર અને કુંદના ફુલ સાથે કરવામાં આવે છે. મહાગૌરીનાં વસ્ત્ર અને આભૂષણ પણ શ્વેત છે. મહાગૌરીની ચાર ભુજાઓ છે. મહાગૌરીનું વાહન વૃષભ છે. મહાગૌરીના ઉપર તરફના ડાબા હાથમાં અભય મુદ્રા અને નીચેના હાથમાં ત્રિશૂળ છે. મહાગૌરીના ઉપરના જમણા હાથમાં ડમરું અને નીચેનો હાથ વરદાન મુદ્રામાં છે. તેમની મુખ મુદ્રા અત્યંત શાંત છે.મહાગૌરીએ શિવને પ્રાપ્તકરવા ઘોર તપશ્ચર્યા કરી હતી. કઠોર તપશ્ચર્યાને કારણે મહાગૌરીનું શરીર કાળું પડી ગયું હતું. મા મહા ગૌરીનું ધ્યાન, સ્મરણ, પૂજન, આરાધન ભક્તો માટે કલ્યાણ કારી છે. મહાગૌરીની કૃપાથી અલૌકિક સિદ્ધિઓની પ્રાપ્તિથાય છે. મહાગૌરી ભક્તો નાં કષ્ટ દૂર કરે છે.મહાગૌરીનીઉપાસનાથી આર્તજનોના અકામ પણ થઈ જાય છે.

સંધ્યાકાળનો સમય પૂજા માટે શ્રેષ્ઠ ગણવામાં આવે છે.એકસો આઠ દીવા પ્રગટાવીને કરવામાં આવે છે પૂજાઆ દિવસે દિવસે સૂવું નિષેધ માનવામાં આવે છેપાઠ કરતી સમયે અન્ય સાથે વાત કરવાથી પૂજા થાય છે ખંડિત ઘરમાં અખંડ જ્યોત રાખો તો ઘરને એકલું ન રાખો. આ દિવસે શક્ય હોય તો વ્રત રાખો નહીં તો એક જગ્યાએ બેસીને ફળાહાર કરો. આ દિવસે નખ કાપવા નિષેધ ગણવામાં આવ્યા છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી આજે ચૈત્રી આઠમ એટલે આઠમું નોરતું મા શક્તિની ઉપાસના આરાધના કરતાં કરતાં આઠ દિવસ પસાર થઈ ગયા. આવતી કાલે મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામચંદ્રજીનો જન્મ દિવસ દેશભરમાં રામનવમી તરીકે ઉત્સાહ ઉમંગભેર ઉજવાશે.ત્યારે આજે આઠમની પલ્લી નૈવેદ્ય આપ સૌને મનોવાંચ્છિત ફળ આપે તેવી શુભકામના પાઠવું છું આજે બસ અહીં અટકીએ અસ્તુ.

### ફરી એક વખત જોવા મળશે મિહિર અને તુલસી

# સ્મૃતિ-અમર સાથે બનાવશો 'ક્યુંકી'ની સિરીઝ

## હાલ એક્તા કપૂર કે એની ટીમ તરફથી કોઈ જાહેરાત કરવામાં આવી નથી

એકતા કપૂર ૨૦૦૦ના દાયકામાં બનાવેલી તેની ટીવી સિરિયલથી ખાસ જાણીતી થઈ હતી. તે જે પણ ચેનલ પર પોતાની સિરીયલ શરૂ કરતી તે ટોપ રેટિંગમાં પહોંચી જતી હતી. ખાસ તો તેની 'ક્યુંકી સાસ ભી કભી બહુ થી' અને 'કહાની ઘર ઘર કી' સિરયલ ખુબ લોકપ્રિય થઈ હતી. આ સિરીયલોના ટાઈટલ સોંગથી ઘર ઘર ગૂંજી ઉઠતાં હતાં. લોકો શુક્રવાર રાતથી સોમવાર સાંજનો સમય મુશ્કેલીથી પસાર કરતાં હતાં. હવે એકતા કપૂર એ દોરની યાદી તાજી કરીને એ જ ફ્લેવરની એક નવી સિરીઝ શરૂ કરવા જઈ રહી છે. તેની ૨૦૦૦થી ૨૦૦૮માં આવેલી સૌથી લોકપ્રિય સિરીયલ 'ક્યુંકી સાસ ભી કભી બહુ થી'ની ઓજી કાસ્ટ સ્મૃતિ ઈરાની અને અમર ઉપાધ્યાય સાથે એક સિરીઝ બનાવવા જઈ રહી છે. તેમાં ફરી એક વખત મિહિર અને તુલસી વિરાણી જોવા મળશે. મૂળ સિરીયલનો છેલ્લો એપિસોડ નવેમ્બર ૨૦૦૮માં ટેલિકાસ્ટ થયો હતો. ત્યારે હવે આ સિરીયલ પરથી બનેલી સિરીઝનું કામ પૂર જોશથી શરૂ થઈ ગયું છે. મહત્વની વાત છે કે દેશના



પૂર્વ મહિલા અને બાળ વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાની ફરી એક વખત તુલસી વીરાણીના રોલમાં જોવા મળશે. આ સિરીઝનો પહેલો સીન, જે રીતે ક્યુંકી..માં જે રીતે તુલસી પરિવારના દરેક સભ્યનો પરિચય કરાવતી હતી એ જ રીતે શરૂ થશે. જ્યાં મૂળ સિરીયલ શૂટ થઈ હતી, ત્યાં જ આ સિરીઝ પણ શૂટ કરવામાં આવશે.આ જ કારણથી અમર ઉપાધ્યાયે તેની ચાલુ સિરીયલ 'ડોરી'માંથી પણ વિદાય લઈ લીધી છે. હાલ એક્તા કપૂર કે એની ટીમ તરફથી કોઈ જાહેરાત કરવામાં આવી નથી, તેઓ જૂન ૨૦૨૫માં આ અંગે જાહેરાત કરે તેવી શક્યતા છે. થોડાં વકત પહેલાં સ્મૃતિ ઈરાની સાથે એકતા કપૂરે એક તસવીર ઈન્સ્ટાગ્રામ પર શેર કરી હતી. જેમાં તેણે ભારતની તુલસીને યાદ કરી હતી.

### ટ્રેલરે ફિલ્મ પ્રત્યે ચાહકોનો ઉત્સાહ વધારી દીધો છે

# હોરર ફિલ્મ 'છોરી ૨'નું ૧૧મીએ પ્રીમિયર

નુસરત ભરૂચાની આગામી ફિલ્મ 'છોરી ૨' એ ૨૦૨૧ની હોરર ફિલ્મ છોરીની બહુપ્રતીક્ષિત સિક્વલ છે. આ નવો પ્રકરણ આપણને લોકકથાઓની ભયાનકતા, જાદુઈ આતંક અને અજાણી શક્તિઓ સામે લડતી માતાની અતૂટ ભાવનામાં વધુ ઊંડાણમાં લઈ જાય છે. આ ફિલ્મનું ટ્રેલર ગઈકાલે રિલીઝ થયું હતું, જેને જોયા પછી ચાહકોના હોશ ઉડી ગયા હતા.'છોરી ૨' ના ટ્રેલરે ફિલ્મ પ્રત્યે ચાહકોનો ઉત્સાહ વધારી દીધો છે. છોરી ૨ નું એક્સક્લુઝિવ પ્રીમિયર ૧૧ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ ભારત અને વિશ્વભરના




૨૪૦ થી વધુ દેશો અને પ્રદેશોમાં પ્રાઈમ વિડિયો પર થશે.'છોરી ૨' નું ટ્રેલર ખૂબ જ સરસ છે. અજાણી ભૂગર્ભ ગુફાઓમાં સેટ થયેલ, 'છોરી ૨'નું ટ્રેલર દર્શકોને સાક્ષીની ભૂતિયા દુનિયામાં પાછું લઈ જાય છે, જે હવે વધુ અંધકારમય, ઘાતક અને ડરામણી છે. તેણી પોતાની પુત્રી ઈશાનીનો જીવ બચાવવા માટે દુષ્ટ જાદુઈ શક્તિઓ સામે લડે છે ત્યારે ભૂતિયા ધાર્મિક વિધિઓ, ભૂતિયા વ્યક્તિઓ અને અસ્વસ્થ લોકકથાઓ એક ભયાનક વાતાવરણ બનાવે છે. છોરી ૨'નું ટ્રેલર દર્શકોને સાક્ષીની ભૂતિયા દુનિયામાં પાછું લઈ જાય છે, જે હવે વધુ અંધકારમય, ઘાતક અને ડરામણી છે સોહા અલી ખાનનું 'દાસી મા'નું રહસ્યમય પાત્ર મુશ્કેલીમાં વધારો કરે છે. ટ્રેલરમાં ડર પાછળ છુપાયેલી ભાવનાત્મક જીવનટી-સિરીઝ, એબન્ડેન્ટિયા એન્ટરટેઈનમેન્ટ, સાયક અને ટેમરિસ્ક લેન પ્રોડક્શનની આ હોરર ફિલ્મનું દિગ્દર્શન વિશાલ ફુરિયા દ્વારા કરવામાં આવ્યું છે અને તેમાં નુસરત ભરૂચા સાક્ષીની ભૂમિકામાં પરત ફરી છે. તેમની સાથે સોહા અલી ખાને ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.

### સલમાન ખાનની 'સિકંદર' ફિલ્મ તાજેતરમાં રિલીઝ થઈ છે

# અભિનેતા સલમાન ખાન શોલેની ફિલ્મ રીમેક બનાવશે તેવી શક્યતા




### તેને કહ્યું, "ખરેખર તો મેં, મારા પિતા ઉપરાંત હંમેશા ધરમજીને ફોલો કર્યા છે, હું તેમને તેમના દિકરાઓ કરતાં પણ વધારે ફોલો કરું છું"

સલમાન ખાનની 'સિકંદર' તાજેતરમાં રિલીઝ થઈ છે, ત્યારે તે ચર્ચામાં છે. તાજેતરમાં તેણે ધર્મેન્દ્ર પ્રત્યે પોતાની લાગણી રજૂ કરતા તેમની ફિલ્મોની રીમેક બનાવવાની પણ ઈચ્છા વ્યક્ત કરી છે. તેમાં શોલે, સીતા ઔર ગીતા અને ચાચા ભતીજા જેવી ફિલ્મનો સમાવેશ થાય છે. સલમાન ખાને ધર્મેન્દ્ર પ્રત્યે લાગણી વ્યક્ત કરતા કહ્યું કે તેઓ એક સૌથી અદભુત વ્યક્તિ છે. સલમાને કહ્યું, "ખરેખર તો મેં, મારા પિતા ઉપરાંત હંમેશા ધરમજીને ફોલો કર્યા છે. હું તેમને તેમના દિકરાઓ કરતાં પણ વધારે ફોલો કરું છું.''સલમાને ધર્મેન્દ્રની ફિલ્મની રીમેક અંગે વાત કરતા કહ્યું, "એમની ૩-૪ ફિલ્મોની હું રીમેક બનાવીશ. એક તો એમની ચાચા ભતીજા હતી, એની રીમેક બનાવીશ. એક સીતા ઔર ગીતાની બનાવીશ પછી શોલેની રીમેક તો બિલકુલ બનાવીશ. એમની એક ફિલ્મ આવી તી રામ બલરામ, ઘણી બધી ફિલ્મો છે. મેં એમની બધી જ ફિલ્મો જોઈ છે.''સલમાનની સિકંદર ૩૦ માર્ચે રિલીઝ થઈ છે, જોકે આ ફિલ્મને વિવેચકો અને ઓડિયન્સનો મિશ્ર પ્રતિસાદ મળી રહ્યો છે. આ ફિલ્મમાં સલમાન સાથે રશ્મિકા મંદાના, સત્યરાજ, શર્મન જોશી, કાજલ અગ્રવાલ અને પ્રતીક બબ્બર પણ છે.

# હું બોલ્ડ સીન નહીં કરું : અભિનેત્રીએ રાજને રોકડું પરખાવી દીધું

## પદ્મિની કોલ્હાપુરેએ પોતાની કારકિર્દીમાં રાજેશ ખન્ના, મિથુન ચક્રવર્તી અને ઋષિ કપૂર સહિત દરેક મોટા સ્ટાર સાથે કામ કર્યું છે

રાજ કપૂરની ફિલ્મો કરવી એ લોકોનું સ્વપ્ન હતું. ખાસ કરીને એક્ટ્રેસ તેમની સાથે કામ કરવા માટે તરસી જતી હતી. ઝીનત અમાને પોતે રાજ કપૂર સાથે ફિલ્મ મેળવવા માટે ખૂબ જ પ્રયાસ કર્યા હતા. પરંતુ એક ટોચની એક્ટ્રેસે રાજ કપૂરની બ્લોકબસ્ટર ફિલ્મને ઠુકરાવી દીધી હતી.૧૯૮૨માં રાજ કપૂર એક એવી ફિલ્મ લઈને આવ્યા જેણે સિનેમાઘરોમાં આવતાની સાથે જ ધૂમ મચાવી દીધી. ફિલ્મની લીડ એક્ટ્રેસની ખૂબસૂરતી જોઈને લોકો દંગ રહી ગયા. છતાં, શૂટિંગ પછી પણ રાજ કપૂર આ એક્ટ્રેસને ફિલ્મમાંથી દૂર કરવા માંગતા હતા. પણ કેમ? રાજ કપૂરની તે બ્લોકબસ્ટર ફિલ્મનું નામ 'પ્રેમ રોગ' છે. આજે પણ લોકો ૧૯૮૨માં સિનેમાઘરોમાં આવતાની સાથે જ આ ફિલ્મે બોક્સ ઓફિસ પર જે તહેલકો મચાવી દીધો હતો તેના વિશે વાત કરે છે. મંદાકિનીએ આ ફિલ્મથી ડેબ્યૂ કર્યું હતું. પણ રાજ કપૂર આ ફિલ્મમાં પદ્મિની કોલ્હાપુરેને લેવા માંગતા હતા. ફિલ્મના શૂટિંગ પછી પણ તે હિરોઈન બદલવા માટે પદ્મિનીને કાસ્ટ કરવા માંગતા હતા. પરંતુ




એક્ટ્રેસે ફિલ્મમાં કામ કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો.આ ફિલ્મમાં ગંગાનું પાત્ર ભજવીને મંદાકિનીએ ઈતિહાસ રચ્યો હતો. આ ફિલ્ર પમમાં તેણે ઘણા બોલ્ડ સીન પણ આપ્યા હતા. ફિલ્મમાં તેની સુંદરતા જોઈને લોકો પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. આ એક્ટ્રેસે પોતાના અભિનયથી લોકોના દિલ એટલા જીતી લીધા કે નવી એક્ટ્રેસ હોવા છતાં તે રાતોરાત સ્ટાર બની ગઈ.બહુ ઓછા લોકો જાણે છે કે રાજ કપૂર આ ફિલ્મમાં એક્ટ્રેસ પદ્મિનીને સાઈન કરવા માંગતા હતા. પરંતુ પદ્મિની કોલ્હાપુરેએ આ ફિલ્મમાં કામ કરવાનો ઈનકાર કરી દીધો હતો. જોકે તેણે એમ પણ કહ્યું હતું કે તે બોલ્ડ સીન કરી શકતી નથી. પદ્મિની કોલ્હાપુરેએ પોતાની કારકિર્દીમાં રાજેશ ખન્ના, મિથુન ચક્રવર્તી અને ઋષિ કપૂર સહિત દરેક મોટા સ્ટાર સાથે કામ કર્યું છે. આ એક્ટ્રેસે ખૂબ જ નાની ઉંમરે ફિલ્મ જગતમાં પ્રવેશ કર્યો હતો. રાજ કપૂરની ફિલ્મોથી તેને એક અલગ ઓળખ મળી.પદ્મિનીએ પોતાની આખી કારકિર્દીમાં ક્યારેય ઈન્ટીમેટ સીન આપ્યા નથી. ૧૯૮૨ની બ્લોકબસ્ટર ફિલ્મ 'પ્રેમ રોગ'માં તેણે એક એવી છોકરીનો રોલ અદા કર્યો હતો જે ખૂબ જ માસૂમ દેખાતી હતી. જ્યારે રામ તેરી ગંગા મૈલીમાં તેનો રોલ ઘણો બોલ્ડ હતો.રાજ કપૂર તેમને ૧૯૮૫ ફિલ્મ રામ તેરી ગંગા મૈલી માટે પણ કાસ્ટ કરવા માંગતા હતા. આ ફિલ્મ એક અલગ પ્રકારનો એક્સપેરિમેન્ટ હતો. આ ફિલ્મ માટે રાજ કપૂરે પદ્મિનીને મળવા બોલાવી અને આખી કહાની કહી. પરંતુ પદ્મિનીએ આ ફિલ્મમાં કામ કરવાનો ઈનકાર કરી દીધો હતો.

### ટેરેન્સ લુઈસે રિયાલિટી શોનો પર્દાફાશ કર્યો

# સ્ટેજ પર કાયમ નાટક થતા હોવાનો કોરિયોગ્રાફર ટેરેન્સ લુઈસનો ખુલાસો

## ટેરેન્સને અભિનેત્રીઓને સ્ટેજ પર આવવામાં મદદ કરતા બતાવવામાં આવે છે

જાણીતા મનોરંજન કોરિયોગ્રાફર ટેરેન્સ લુઈસે તાજેતરમાં કેટલાક ચોંકાવનારા ખુલાસા કર્યા છે. ઘણા રિયાલિટી શોને જજ કરી ચૂકેલા ટેરેન્સે રિયાલિટી શો વિશે ઘણું બધું જણાવ્યું. તેમણે કહ્યું કે રિયાલિટી શોમાં ક્ષણો કેવી રીતે લખાયેલી હોય છે અને એમ પણ કહ્યું કે તેમને ક્ષણો બનાવવાનું કહેવામાં આવે છે. ઈન્ટરવ્યુ દરમિયાન, ટેરેન્સને દીપિકા પાદુકોણ સાથેનો તેમનો ફોટો બતાવવામાં આવ્યો, જ્યારે અભિનેત્રી એક રિયાલિટી શોમાં પહોંચી હતી.ટેરેન્સ લુઈસને દીપિકા પાદુકોણ સાથે ડાન્સ કરતો તેમનો ફોટો બતાવવામાં આવ્યો. ફોટો જોયા પછી, કોરિયોગ્રાફરે કહ્યું કે આ ફોટો 'ડાન્સ ઈન્ડિયા ડાન્સ લિટલ માસ્ટર્સ'નો છે. તેમણે જણાવ્યું કે દીપિકા ડાન્સ રિયાલિટી શોમાં ચેન્નાઈ એક્સપ્રેસના પ્રમોશન માટે આવી હતી.આ ઉપરાંત, ટેરેન્સ લુઈસે શેર કર્યું, 'આ અમારી ઈચ્છાઓ નથી.' ઘણા લોકો વિચારે છે કે આપણે નૃત્ય કરવા માંગીએ છીએ પણ આપણને એક ક્ષણ બનાવવાનું કહેવામાં આવે છે. તો જ્યારે તમે કહો છો કે 'બધું સ્ક્રિપ્ટેડ છે.' હા, તે સ્ક્રિપ્ટેડ છે. મહેમાનો અને સ્પર્ધકો સાથેની વાતચીત સ્ક્રિપ્ટેડ હોય છે. નૃત્ય સ્ક્રિપ્ટેડ નથી. નિર્ણય લખાયેલો નથી. આ પ્રામાણિક અને સાચું છે. પ્રતિભા લખાયેલી નથી અને ટિપ્પણીઓ લખેલી



નથી પણ બાકીનું બધું લખેલું છે, જ્યાં સુધી તે ટેલિવિઝન પર સારી દેખાય છે અને પ્રોમો બનાવે છે.વધુમાં, ટેરેન્સે ખુલાસો કર્યો કે તેમને સ્ટેજ પર એક મોટી ક્ષણ બનાવવાનું કહેવામાં આવ્યું હતું અને તેથી તેમણે દીપિકાને પસંદ કરી. ટેરેન્સે જણાવ્યું કે દીપિકાને ડાન્સ વિશે ખબર નહોતી અને તેણે તે તરત જ કરવું પડ્યું. તેમણે વાત કરી કે તેમને તૈયારી અને રિહર્સલ કરવાનું કેટલું ગમે છે.ઘણી વખત રિયાલિટી શોમાં, ટેરેન્સને અભિનેત્રીઓને સ્ટેજ પર આવવામાં મદદ કરતા બતાવવામાં આવે છે. જ્યારે આ વિશે પૂછવામાં આવ્યું ત્યારે કોરિયોગ્રાફરે કહ્યું કે તે સંપૂર્ણપણે સ્ક્રિપ્ટેડ' હતું. "હું ક્યારેય એવું નહીં કરું,'' ટેરેન્સે કહ્યું. ૮ વર્ષના ન્યાયાધીશ તરીકેના કાર્યકાળમાં મેં ક્યારેય કોઈને ફોન કરીને 'પ્લીઝ મેડમ' કહ્યું નથી. તેમણે ઈન્ડિયા'ઝ બેસ્ટ ડાન્સરની સર્જનાત્મકતા વિશે વાત કરી અને કહ્યું કે તેઓ ટીઆરપી માટે દ્રશ્યો બનાવવામાં આવે છે.ટેરેન્સે કહ્યું કે તે ક્ષણ બનાવવાના ક્રિએટિવ ડિરેક્ટરના વિચાર પર વિશ્વાસ કરી શકતો ન હતો. જોકે, પાછળથી તેમણે ખુલાસો કર્યો કે તેમને આ સમયગાળા દરમિયાન નિર્માતાઓને મળેલા ઉચ્ચ રેટિંગ બતાવવામાં આવ્યા હતા. ટેરેન્સે કહ્યું, 'આ કહેવું ખૂબ જ દુઃખદ છે પણ દર્શકોની સંખ્યામાં સૌથી મોટો વધારો ત્યારે થયો જ્યારે અમે આટલી બધી મજા કરી રહ્યા હતા.'

### ગાયક હોવા ઉપરાંત, હંસરાજ ભાજપ માંથી સાંસદ પણ રહી ચૂક્યા છે

# હંસરાજ હંસના પત્ની રેશમ કૌરનું હાર્ટ એટેકથી અવસાન થયું



## ૧૮ એપ્રિલ ૧૯૮૪ના રોજ રેશમ સાથે લગ્ન કર્યા, તેમને બે બાળકો છે, મોટા દીકરાનું નામ યુવરાજ હંસ અને નાના દીકરાનું નામ નવરાજ હંસ છે

ભારતીય જનતા પાર્ટીના ભૂતપૂર્વ સાંસદ અને પ્રખ્યાત સૂફી ગાયક હંસરાજ હંસના પત્ની રેશમ કૌરનું નિધન થયું છે. તે લાંબા સમયથી બીમાર હતી. તેમણે ૬૦ વર્ષની ઉંમરે જલંધરની ટાગોર હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા. તેમના પરિવારમાં તેમના પતિ અને બે પુત્રો - યુવરાજ હંસ અને નવરાજ હંસ છે. રેશમના ભાઈ પરમજીત સિંહે જણાવ્યું કે તેના અંતિમ સંસ્કાર આજે સફીપુર ગામમાં કરવામાં આવ્યા હતા.મળતી માહિતી મુજબ, સૂફી ગાયક હંસરાજ હંસની પત્ની રેશમ કૌર જાલંધરની ટાગોર હોસ્પિટલમાં સારવાર હેઠળ હતી. તેમને હૃદય સંબંધિત સમસ્યાઓ હતી. રેશમના ભાઈ પરમજીત સિંહે કહ્યું, 'મારી બહેને બપોરે લગભગ ૨ વાગ્યે ટાગોર હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા.' બહેનનું હૃદયરોગના હુમલાથી અવસાન થયું. તેમણે જણાવ્યું કે તેઓ છેલ્લા ૫ દિવસથી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. આ સમય દરમિયાન, હંસરાજ અને તેનો પુત્ર પરિવારના અન્ય સભ્યો સાથે જલંધરમાં હાજર હતા.હંસરાજ હંસે ૧૮ એપ્રિલ ૧૯૮૪ના રોજ રેશમ સાથે લગ્ન કર્યા. તેમને બે બાળકો છે. મોટા દીકરાનું નામ યુવરાજ હંસ અને નાના દીકરાનું નામ નવરાજ હંસ છે.ગાયક હોવા ઉપરાંત, હંસરાજ ભાજપમાંથી સાંસદ પણ રહી ચૂક્યા છે. તેઓ ૨૦૧૬ માં ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા. ભાજપે દિલ્હીથી હંસરાજ હંસને ટિકિટ આપી હતી, જેના પર તેઓ જીત્યા હતા. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે, હંસરાજને ભાજપે પંજાબના ફરીદકોટથી ટિકિટ આપી હતી, પરંતુ તેમને હારનો સામનો કરવો પડ્યો હતો.પદ્મશ્રીથી સન્માનિત હંસરાજ હંસના વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, તેમની પાસે 'તેરા મેરા પ્યાર', 'તેરી ઈશ્ક મોહબ્બત', 'ઈક કુડી મેનુ રાંઝે સે ફકીર કર ગયી' જેવા ગીતો છે. હંસરાજે ફિલ્મ ઉદ્યોગ માટે ગીતો પણ ગાયા છે. તેમણે બોબી દેઓલ-રાની મુખર્જી અભિનીત ફિલ્મ 'બિચ્છુ', 'જોડી નંબર ૧', 'નાયક', 'બ્લેક એન્ડ વ્હાઈટ', 'પટિયાલા હાઉસ' તેમજ કાર્તિક આર્યનની ફિલ્મ 'સોનુ કે ટીટુ કી સ્વીટી'માં ગીતો ગાયા છે

# પોતાની શરતે ફિલ્મોમાં કામ કરતી અભિનેત્રીને હવે કમાણીના ફાંફાં

## ચિત્રાંગદા સિંહ ઘણા સમયથી ગાયબ, હવે અભિનેત્રી નેટફ્લિક્સની વેબ સિરીઝ 'ખાકી: ધ બેંગાલ ચેપ્ટર' સાથે ઓટીટી પર ડેબ્યૂ કરી રહી છે



બોલિવૂડ એક્ટ્રેસ ચિત્રાંગદા સિંહે ૨૦૦૫માં ક્રાઈમ-ડ્રામા ફિલ્મ 'હજારોં ખ્વાઈશેં ઐસી'થી પોતાની એક્ટિંગ કરિયરની શરૂઆત કરી હતી. તેમણે પોતાના કરિયરમાં તમામ પ્રકારના રોલ ભજવ્યા. ઘણીવાર તે પોતાની શરતો પર કામ કરતી હતી. પછી તે અચાનક આ ગ્લેમરસ દુનિયામાંથી ગાયબ થઈ ગઈ. હવે એક્ટ્રેસ ઓટીટી પર પોતાનું નસીબ અજમાવી રહી છેબોલિવૂડ એક્ટ્રેસ ચિત્રાંગદા સિંહ ઘણા સમયથી ગાયબ છે. પરંતુ આ વખતે તે ફરીથી ચર્ચામાં આવી છે. તે ઘણા સમયથી ફિલ્મી દુનિયાથી દૂર છે. પરંતુ હવે તે નેટફ્લિક્સની વેબ સિરીઝ 'ખાકી: ધ બેંગાલ ચેપ્ટર' સાથે ઓટીટી પર ડેબ્યૂ કરી રહી છે. એક્ટ્રેસએ જણાવ્યું છે કે તે આટલું ઓછું કેમ કામ કરે છે. તે આટલી ઓછી ફિલ્મોમાં જોવા મળે છે તેનું કારણ શું છે?તેણે પોતાની પહેલી જ ફિલ્મ 'હજારોં ખ્વાઈશેં ઐસી' માં ગીતા રાવનો રોલ કરીને લોકોને આશ્ચર્યચકિત કર્યા અને તેમના દિલ જીતી લીધા. ચિત્રાંગદા સિંહ ભાગ્યે જ પડદા પર જોવા મળે છે. તે કહે છે કે તે પોતાની ઈચ્છા મુજબ કામ કરવા માંગે છે. આ દિવસોમાં તે તેની ડેબ્યૂ વેબ સિરીઝ 'ખાકી: ધ બેંગાલ ચેપ્ટર' માટે સમાચારમાં છે. તેણે તાજેતરના ઈન્ટરવ્યુમાં, તેણે ખુલાસો કર્યો છે કે તેણી શા માટે આટલી ઓછી ફિલ્મોમાં જોવા મળે છેતાજેતરમાં ચિત્રાંગદા સિંહે એક ઈન્ટરવ્યુ આપ્યો હતો. આ ઈન્ટરવ્યુમાં તેણે જણાવ્યું કે તે લાંબા સમયથી કામ કરી રહી નથી કારણ કે તેને ફક્ત એક જ પ્રકારનું કામ મળી રહ્યું છે, જે તે કરવા માંગતી નથી. તે જે પ્રકારની એક્ટિંગ કરવા માંગે છે તે તેને ઓફર કરવામાં નથી આવી રહી.ચિત્રાંગદા સિંહે કહ્યું, 'એવું બને છે કે તમે જે કરવા માંગતા નથી, તે વધુ થાય છે.' પણ હવે મારી બે વધુ ફિલ્મો (હાઉસફુલ ૫ અને રાત અકેલી હૈ ૨) રિલીઝ થવા જઈ રહી છે, તો પ્લીઝ તે ફિલ્મો જુઓ અને મને સપોર્ટ કરો, કેમ કે હાલમાં મારી પાસે થોડું કામ આવી રહ્યું છે જો તમે અમારા કામને જોતા રહેશો તો અમારા ભવિષ્ય માટે પણ સારું રહેશે.હવે તે ઓટીટી પર પોતાનો જાદુ બતાવશેચિત્રાંગદા સિંહે અત્યાર સુધીના કરિયરમાં તમામ પ્રકારના પાત્રો ભજવ્યા છે. તેણે પોતાના દરેક પાત્રથી ફેન્સના દિલ પણ જીતી લીધા છે. હવે ઓટીટી પર તેના કરિયરની શરૂઆત 'ખાકી: ધ બેંગાલ ચેપ્ટર'થી શરૂ થઈ છે, જે તેની પહેલી સીરીઝ છે.ચિત્રાંગદા સિંહે કહ્યું કે, 'હું ખરેખર નીરજ પાંડે સાથે કામ કરવા માંગતી હતી, તેથી વર્ષની શરૂઆતમાં જ એવું બન્યું.' આ સિવાય મારી બે ફિલ્મો હજુ રિલીઝ થવાની બાકી છે.

# અમદાવાદ મંડળની ત્રણ પેસેન્જર ટ્રેનોના આગમન-પ્રસ્થાનના સમયમાં ફેરફાર

। અમદાવાદ, તા.૪ ।

પશ્ચિમ રેલવે દ્વારા ટ્રેનોની સમયબદ્ધતાને વધુ ઉત્તમ બનાવવાના ઉદ્દેશથી મહેસાણા-પાટણ પૈસેન્જર, પાટણ-મહેસાણા પૈસેન્જર, અને પાટણ-સાબરમતી ડેમૂ ટ્રેનોના આગમન-પ્રસ્થાનના સમયમાં ૧૦ એપ્રિલ ૨૦૨૫ થી ફેરફાર કરવામાં આવ્યા છે. જેની વિગતો નીચે પ્રમાણે છે :

૧. ટ્રેન નંબર ૫૯૪૮૩ મહેસાણા-પાટણ પૈસેન્જર, મહેસાણા થી ૧૨:૧૦ કલાકને બદલે ૧૨:૩૦ કલાકે ઉપડશે તથા ૧૨:૪૨ કલાકે ધીનોજ, ૧૨:૪૯ કલાકે સેલાવી, ૧૨:૫૬ કલાકે રણુજ, ૧૩:૦૨ કલાકે સંખઈ તથા ૧૩:૨૦ કલાકે પાટણ પહોંચશે.

૨. ટ્રેન નંબર ૫૯૪૭૬ પાટણ-મહેસાણા પૈસેન્જર, પાટણ થી ૧૬:૪૦ કલાકને બદલે ૧૬:૨૫ કલાકે ઉપડશે તથા ૧૬:૩૧ કલાકે સંખઈ, ૧૬:૩૭ કલાકે રણુજ, ૧૬:૪૬ કલાકે સેલાવી, ૧૬:૫૩ કલાકે ધીનોજ તથા ૧૭:૧૫ કલાકે મહેસાણા પહોંચશે.

૩. ટ્રેન નંબર ૭૯૪૩૬ પાટણ-સાબરમતી ડેમૂ પાટણ થી ૧૨:૩૦ કલાકને બદલે ૧૨:૧૦ કલાકે ઉપડશે તથા ૧૨:૧૬ કલાકે સંખઈ, ૧૨:૨૨ કલાકે રણુજ, ૧૨:૩૦ કલાકે સેલાવી, ૧૨:૩૯ કલાકે ધીનોજ ૧૩:૦૦ કલાકે મહેસાણા ૧૩.૧૯ કલાકે આંબલિયાસણ, ૧૩:૩૦ કલાકે ડાંગરવા, ૧૩:૩૮ કલાકે ઝુલાસણ, ૧૩:૫૪ કલાકે કલોલ તથા ૧૪.૪૫ કલાકે સાબરમતી પહોંચશે. આ ટ્રેનનો કલોલ અને સાબરમતી વચ્ચે આગમન-પ્રસ્થાનનો સમય યથાવત રહેશે.

યાત્રીઓને જણાવવામાં આવે છે કે ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને યાત્રા કરે. ટ્રેનોના રોકાણ, માર્ગ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને **www.enquiry.indianrail.gov.in** પર જઈને અવલોકન કરી શકે છે.

# ઝાલોદ પોલિસ દ્વારા રામ જન્મોત્સવ અંગે હિંદુ સંગઠનો સાથે મીટીંગ યોજી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૪ ।

ઝાલોદ પોલીસ દ્વારા ૦૩-૦૪-૨૦૨૫ ગુરુવારના રોજ સાંજે ચાર વાગે ડી.વાય.એસ.પી પટેલ અને પી.આઈ રાઠવાની અધ્યક્ષતા હેઠળ હિન્દુ સંગઠનો સાથે મીટીંગ યોજી હતી. પોલિસ દ્વારા હિન્દુ સંગઠનો સાથે રામયાત્રાના રૂટ અંગે ચર્ચા, યાત્રા દરમ્યાન જે ડી.જે રામયાત્રા સાથે નીકળશે તે કોઈ વિસ્તારમાં કોઈને નડતર ન હોય તે રીતે ચાલતું હોય તેવું ડી.જે વાપરવા, કોઈના ધર્મ વિશે માઈક દ્વારા ટિપ્પણી ન કરવી, કોઈ હથિયાર સાથે ન રાખવા, કોઈ પણ નશાનુ સેવન ન કરવું, ધાર્મિક ભાવના દુભાય તેવા કોઈ પણ કાર્ય ન કરવા સૂચના આપવામાં આવી હતી.

સાથે સાથે પોલિસ દ્વારા રામયાત્રા માટે ફૂટમાર્ચ પણ નગરમાં યોજવામાં આવેલ હતું. ફૂટમાર્ચ દરમ્યાન યાત્રામાં આવતા રૂટ અંગે નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેમજ રૂટ દરમ્યાન આવતા રામયાત્રામાં નડતર હોય તેવા લોકોને જરૂરી સૂચના પણ આપવામાં આવી હતી. ઝાલોદ પોલિસ દ્વારા રામયાત્રા ડ્રોન કેમેરા, મોબાઈલ કેમેરા તેમજ વિડિયો શૂટિંગ, બોડી કેમેરા, ધાબા ઉપરથી દૂરબીન થી નિરીક્ષણ, એસ.આર.પી વ્યવસ્થા સાથે પોલિસ દ્વારા રામયાત્રા માટે જરૂરી તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

# આદિવાસી સમાજમાં રહેલા કુરીવાજો દૂર કરવા યોજાયું આદિવાસી ભીલ સમાજ સંમેલન




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૪ ।

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં મુકામે આદિવાસી સમાજના ભગવાન ગોવિંદ ગુરુ કંબોઈ ધામ ખાતે આજે ધારાસભ્ય મહેશ ભુરીયાના અધ્યક્ષ સ્થાને આદિવાસી ભીલ સમાજ સંમેલન યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં સમાજના આગેવાનો અલગ અલગ પાર્ટીના હોદેદારો હાજર રહ્યા હતા. આદિવાસી સમાજમાં વર્ષો થી ચાલી આવતા કુરિવાજો દૂર કરવા માટે આદિવાસી સમાજ દ્વારા છેલ્લા કેટલાય વર્ષોથી અનેક મીટિંગ કરવામાં આવી રહ્યા છે અને હાલ અનેક નિયમો પણ બનાવવામાં આવ્યા છે.જેમાં ખાસ કરીને સમાજનું દૂષણ આવું 3D (દહેજ, દારૂ અને ડીજે) દૂર કરવા ખાસ મુહિમ ચાલવામાં આવી રહી છે. જેમાં આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદ, મહીસાગર અને પંચમહાલ જિલ્લાના આદિવાસી સમાજના લગ્નમાં થતા ખોટા ખર્ચા અટકાવવા અને ઘટાડવા માટે જરૂરી નિયમો બનાવવામાં આવ્યા. દહેજ બિલ્કુલ નહીં લેવું. લગ્ન ખર્ચ તેમજ દાપું કેટલું કરવુ. તેમજ કન્યાના ઘરેણાંમાં ૨ ટોલા સોનું અને ૫૦૦ ગ્રામ ચાંદીના દાગીના આપવા. તેમજ કન્યાદાન અને રોકડ રકમ તેમજ ચાંદલા વિધિ, મામેરા, ભોજન વ્યવસ્થા જે બાબતે નિયમો બનાવાયા. તેમજ ડીજે બંધ કરી આદિવાસી સંસ્કૃતિ મુજબ ઢોલ શરણાઈ વાજીત્ર વગાડવા. તેમજ ગામ ખર્ચ, ભાંગજેડીયાનો ખર્ચ નક્કી કરાયું સહિત હાલના સંમેલનમાં ૩૪ જેટલા નિયમો સમાજના લોકો સામે પ્રસ્તાવ મુકવામાં આવ્યા. આદિવાસી સમાજના આ મીટિંગ અને સંમેલન અનેક હદે સફળ થઈ રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. જેમાં અનેક લોકો પોતાના દીકરા દીકરીના લગન સમાજના નવા નિયમો મુજબ કરાવવા માટે તૈયાર થયા છે. અને આદિવાસી સમાજ દ્વારા સમાજના લગ્નમાં ખોટા ખર્ચા દૂર કરવા માટે સમૂહ લગ્નનુ પણ આયોજન કરવામાં આવ્યું

# સ્વપ્નમાં ધારેલું ઘર હવે હકીકત બન્યું: વડોદરાની ગૃહિણી જ્યોતિ પરમારનું PMAY યાત્રા વિજયમય

। (માહિતી) વડોદરા, તા.૪ ।

વર્ષો સુધી ભાડાની ચિંતા સહન કર્યા બાદ, વડોદરાની એક સામાન્ય મધ્યમવર્ગીય મહિલાએ પોતાના સપનાનું ઘર પ્રાપ્ત કર્યું છે—અને તે પણ સરકારી સહાયથી. પ્રધાનમંત્રી આવાસ યોજના **(PMAY)** અંતર્ગત મળેલા આ આશ્રયથી જ્યોતિ ગુલાબસિંહ પરમારનું જીવન બદલાઈ ગયું છે. ભાડાના મકાનની ભીતર કટોકટીથી હવે પોતાના મકાનની શાંતિ અને ગૌરવ સુધીની તેમની સફર એ દ્રઢ ઈચ્છાશક્તિ અને સરકારી સહાયના સુંદર સમન્વયની સાક્ષી છે.

૩૬ વર્ષીય જ્યોતિ પરમાર છેલ્લા આઠ વર્ષથી વડોદરાના સુભાનપુરા વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેતી હતી. એક ખાનગી લેબમાં ટેકનિશિયન તરીકે કાર્યરત પતિ સાથે જીવન ચલાવતી પરમાર દંપતી માટે પોતાનું ઘર હજી સુધી એક અધૂરું સપનું હતું. પરંતુ ૨૦૨૨માં, મિત્રમંડળના સંકેત બાદ જ્યોતિબહેને **PMAY** હેઠળ અરજી કરી અને દરેક તબક્કા પાર કરતાં ૨૦૨૫માં પોતાના નામે ઘર મેળવ્યું.

"જ્યારે મારું નામ ડ્રોમાં આવ્યું, ત્યારે એ ક્ષણ અવિશ્વશનીય હતી. દુશ્મન સુખમાં ન રહે એવાં દિવસો હતા, જ્યારે દર મહિને ભાડું ભરવું પણ પડકાર સમાન લાગતું. આજે હું ગર્વથી કહી શકું છું કે મારે પોતાનું ઘર છે—મારું સ્વપ્ર પૂરું થયું છે," તેમ જ્યોતિબહેને ઉમેર્યું.

વધુમાં જણાવ્યુ હતું કે, ઘર મેળવવા માટે પોતાના દસ વર્ષના સંઘર્ષથી કમાવેલા પ્રોવિ-ડન્ટ ફંડનો ઉપયોગ કર્યો હતો અને બેંક લોનની મદદ પણ લીધી. તેમનો આખો પરિવાર હવે નવા ઘરમાં વસવાટ કરીને એક નવી આશાની સાથે જીવન જીવતો થયો છે. પ્રધાનમંત્રી આવાસ યોજના— ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલી



મહત્વકાંક્ષી યોજના—એ માત્ર લાભાર્થીઓને મુળભૂત સુવિધાઓ સાથે પાંખો આપવાનો પ્રયાસ કર્યો છે. **PMAY**–શહેરી અને ગ્રામીણ વિભાગોમાં વહેંચાયેલી આ યોજના આવાસ મુદ્દે દેશભરના લાખો પરિવારો માટે આશાની કિરણ બની છે. ખાસ કરીને મહિલાના નામે ઘર નોંધાવાનું જોર લિંગ સમાનતા અને નાણાકીય સશક્તિકરણ તરફ સરકારી ભેટ દર્શાવે છે.

જ્યોતિબહેને ઉમેર્યું કે, "અમે હવે ભાડાના મકાનમાંથી મુક્ત થઈ ગયા છીએ. બાળકો માટે યોગ્ય અભ્યાસનું વાતાવરણ છે, તેમને રમવા માટે ઓટલો કે રસ્તો શોધવો નથી પડતો—સોસાયટી માં જ વિશાળ મેદાન અને ગાર્ડન છે. શાળા, હોસ્પિટલ જેવી સુવિધાઓ નજીકમાં છે. સૌથી મોટી ખુશી એ છે કે હવે ઘર મારું છે, મારી ઓળખ હવે વધુ મજબૂત છે."

આ કેસ માત્ર એક પરિવારમાં પરિવર્તન લાવવાનું ઉદાહરણ નથી, પણ એ પુરાવો છે કે સરકારે યોગ્ય રીતે અમલમાં મૂકેલી યોજનાઓ સામાન્ય નાગરિકના જીવનમાં શું બદલાવ લાવી શકે છે. જ્યોતિબહેનના શબ્દોમાં કહેવું હોય તોઃ "સરકારનો આભાર કે આજે મારું એક ઓળખ ધરાવતું પોતાનું ઘર છે—અને એ માત્ર ઈંટ-સિમેન્ટ નહીં, પણ મારી જાતની જીત છે."

# ઝાલોદ નગરના ચોકલેટ (બાળક પ્રેમી) ASIની PSI તરીકે બઢતી સાથે બદલી



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૪ ।

ઝાલોદ નગરમાં **ASI** તરીકે ફરજ નિભાવતા નિસરતા રેખાબેન માનસીંગભાઈ અરવલ્લી જિલ્લામા **PSI** તરીકે પ્રમોશન સાથે બદલી થયેલ છે. સ્વભાવે હસમુખા અને મિત્ર તરીકે દરેક લોકો સાથે હળીમળીને રહેનાર તેમજ પોતાના સરળ સ્વભાવ થી જાણીતા અને બાળકોમાં પ્રિય, રેખાબેન સદાય ખિસ્સામાં ચોકલેટ રાખે અને જ્યાં બાળકો મળે તેમને વહેંચતા રહે એટલે બાળકોના માસી તરીકે હુલામણા. બાળકો પણ રેખાબેનને દેખે એટલે તુરંત તેમની પાસે ચોકલેટ લેવા દોડી પડતાં. નગરમાં સહુની સેવામાં પોલિસ તરીકે તૈયાર એવા રેખાબેનની બઢતી સાથે પ્રમોશન મળતા નગરના લોકોએ તેમને શુભેચ્છાઓ પણ આપી હતી.

# ઝાલોદ તાલુકાના માંડલીખૂંટા ગામે અગમ્ય કારણોસર બે પ્રેમી પંખીડાઓએ જીવન ટૂંકાવ્યુ

## છોકરાના લગ્ન નક્કી થઈ જતાં ખેતરમા જઈ લીમડાની ડાળે લટકી બંને યુગલે જીવન ટૂંકાવ્યુ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૪ ।

ઝાલોદ તાલુકાના માંડલીખૂંટા ગામે અલગ અલગ ફળિયામાં રહેતા બે પ્રેમી પંખીડાઓએ બંનેના એક બીજા સાથે લગ્ન નહીં થાય તેવું લાગતા અંદાજીત ઉમર ૨૧ વર્ષીય યુવક અને અંદાજીત ૧૯ વર્ષીય યુવતીએ વહેલી સવારે ઉઠી એક ખેતરમા ચાલ્યા ગયા હતા તેવું સાંભળવા મળેલ છે.

ખેતરમા જઈ આ બંને પ્રેમી પંખીડાએ એક ઝાડ પર ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યુ હોવાની પ્રાથમિક જાણકારી મળેલ છે. સાંભળ્યા મળ્યા મુજબ યુવકના અન્ય જગ્યાએ લગ્ન નક્કી થઈ ગયેલ હતા અને ટૂંક દિવસોમા યુવકના લગ્ન આવી રહેલ હતા. પરંતુ આ બંને પ્રેમી પંખીડાઓએ એક બીજા સાથે રહેવાનો નિર્ણય કર્યો હોય તેવું લાગી રહેલ હતું તેથી બંને પ્રેમી યુગલે આજરોજ વહેલી સવારે પોતાનું જીવન ટૂંકાવ્યુ હતું.

આ બંને યુગલ પોતાના ઘરે વહેલી સવારે ન જોવાતા બંનેના પરિવારજનો એ શોધખોળ આદરી હતી અને અંદાજીત આ ઘટના પોલિસને સવારે ૯ વાગે ખબર પડતાં બંને યુગલને ઝાડ પર થી નીચે ઉતારી બંને યુગલને ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે પી.એમ માટે લાવવામાં આવેલ હતા. આ સમગ્ર ઘટના હાલ સાંભળવા મળેલ મુજબ જ છે સાચી હકીકત પોલિસ તપાસ બાદ જ ખ્યાલ આવી શકે તેમ છે.

# રાજપીપળાની શ્રી સી.પી. ડિગ્રી કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશનના વિદ્યાર્થીએ રાજ્યકક્ષાની વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લઈ કોલેજનું ગૌરવ વધાર્યું

। (માહિતી) રાજપીપળા, તા.૪ ।

નર્મદા જિલ્લાના વડામથક રાજપીપલા સ્થિત શ્રી સી.પી.ડિગ્રી કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશનના વિદ્યાર્થી અભિષેક સોલંકીએ રાજ્યકક્ષાની વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લઈ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સન્માનિત થઈ નર્મદા જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

ઉચ્ચ શિક્ષણ વિભાગ ગુજરાત રાજ્યના "સેવ કલ્ચર અને સેવ ભારત" ફાઉન્ડેશનના ઉપક્રમે ગુજરાત સાંસ્કૃતિક વકૃત્વ સ્પર્ધા વર્ષ-૨૦૨૫ અંતર્ગત દક્ષિણ ગુજરાત વિભાગયી વીર નર્મદ યુનિવર્સિટી સુરત ખાતે વકૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં રાજપીપલાની શ્રી સી.પી.ડિગ્રી કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશનના વિદ્યાર્થી શ્રી અભિષેક સોલંકીએ "ચારિત્ર નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ" વિષય પર વક્તવ્ય આપી સ્પર્ધામાં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. જે બદલ રૂપિયા ૭૦૦૦નો રોકડ પુરસ્કાર મેળવી રાજ્ય કક્ષાની સ્પર્ધામાં તા.૨૮મી માર્ચે ગાંધીનગર ખાતે વક્તવ્ય પ્રસ્તુત કર્યું હતું. ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા દરમિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા શ્રી અભિષેક સોલંકીને સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રાદેશિક વેશભૂષામાં પણ મુખ્યમંત્રીશ્રી





સાથે તમામ પ્રતિસ્પર્ધીઓ સાથે ચર્ચા અને ભોજન સત્રમાં ઉચ્ચ વિચાર ગોષ્ઠી સાથે આદાન પ્રદાન કરી કોલેજ અને નર્મદા જિલ્લાનું ગૌરવ વધાર્યું હતું.

# સુરત ખાતે યુનિફોર્મ સિવિલ કોડ સમિતિના સભ્યોએ જિલ્લાના પ્રબુદ્ધ નાગરિકો, અગ્રણીઓ અને વહીવટીતંત્ર સાથે બેઠક યોજી

। (માહિતી) સુરત, તા.૪ ।

રાજ્યમાં યુનિફોર્મ સિવિલ કોડ **(UCC)** લાગુ કરતા પહેલા લોકોના મંતવ્યો અને સલાહ, સૂચન જાણવા માટે નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રીમતી રંજના પ્રકાશ દેસાઈના અધ્યક્ષસ્થાને રચાયેલી રાજ્યની યુનિફોર્મ સિવિલ કોડની કમિટી આજે સુરત ખાતે આવી પહોંચી હતી. ગુજરાતમાં સમાન સિવિલ કાયદાની આવશ્યકતા ચકાસવા અને કાયદાનો મુસદ્દો તૈયાર કરવા માટે



બનેલી આ કમિટીના ચેરપર્સનશ્રી રંજના દેસાઈ અને કમિટીના સભ્યોએ જિલ્લા કલેકટર કચેરીના સભાખંડમાં જિલ્લાના પ્રબુદ્ધ નાગરિકો, સામાજિક અગ્રણીઓ, વિવિધ સામાજિક-ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, કોલેજના આચાર્યો, રાષ્ટ્રીય એવોર્ડ વિજેતાઓ, કાયદા નિષ્ણાંતો અને સામાજિક કાર્યકરો સાથે બેઠક યોજી હતી અને તેમના અભિપ્રાયો, મંતવ્યો અને સૂચનો રૂબરૂ મેળવ્યાં હતાં. સમાન નાગરિક સંહિતા અંગે રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત કરાયેલી સમિતિના સભ્ય અને નિવૃત્ત **IAS** શ્રી સી.એલ.મીનાએ બેઠકમાં સૌને આવકારી જણાવ્યું કે, ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા લાગુ કરવાની જરૂરિયાતનું મૂલ્યાંકન કરવા માટે નિવૃત્ત ન્યાયમૂર્તિ શ્રી રંજના પ્રકાશ દેસાઈની અધ્યક્ષતામાં આ સમિતિની રચના કરવામાં આવી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

### મેષ (અ,લ,ઇ) :

આજના દિવસે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. તમારા પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે.

### વૃષભ (બ,વ,ઉ) :

આજે ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં હજી પણ વધારો થશે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે કશુંક સારૂં કરશે. આજે પ્રેમ જીવન ખૂબ જ સુંદર રીતે ખીલશે. બિઝનેસમેન્સ માટે સારો દિવસ.

### મિથુન (ક,છ,ઘ) :

આજે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે તમારા સગા તમારી આર્થિક મદદ કરે. બાળકો તમને ઘરના કામમાં મદદ કરશે. તમારી બારીમાં ફૂલો મૂકી તમારો પ્રેમ દર્શાવો. તમે જો વગદાર લોકો સાથે રહેશો તો તમે તમારી કારકિર્દીમાં હરણફાળ ભરી શકશો.

### કર્ક (ડ,હ) :

આજે હાલની ઘટનાઓને કારણે તમારૂં મગજ ને ઠેસ પહોંચી છે. આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ધ્યાન તથા યોગ લાભકારક સાબિત થશે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમારા સંતાનો માટે યોજનાઓ ઘડવા માટે અદભુત દિવસ. તમે એક જગ્યાએ ઊભા હશો અને પ્રેમ તમને બીજા જ વિશ્વમાં ખેંચી જશે.

### સિંહ (મ,ટ) :

આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશે જે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. આજે તમને ધન સંબંધી કોઈ સમસ્યા આવી શકે છે જે ને ઉકેલવા માટે તમે પોતાના પિતા અથવા પિતાતુલ્ય માણસ થી સલાહ લઈ શકો છો તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે.

### કન્યા (પ,ઠ,ણ) :

આજે માનસિક ભય તમને હતોત્સાહ કરી શકે છે. હકારાત્મક રીતે વિચારવું તથા ઉજળી બાજુ તરફ જોવું એ આ ભયને કિનારે રાખશે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે.

### તુલા (ર,ત) :

આજના દિવસે તમારી ઈચ્છાઓ પૂરી કરવા માટે અંગત સંબંધોનો દુરૂપયોગ તમારી પત્નીને ગુસ્સો અપ ાવશે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે.

### વૃશ્ચિક (ન,ય) :

આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું. બાળકોને લઈને કેટલીક નિરાશાઓ થશે, કેમ કે તેઓ પોતાની કારકિર્દી પર ધ્યાન આપવાને બદલે અન્ય પ્રવૃત્તિઓ પાછળ વધુ સમય વેડફી રહ્યા છે.

### ધન (ભ,ધ,ફ) :

આજે કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો-પણ એ બાબત સત્યથી સદંતર વેગળી છે-તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જયારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો?

### મકર (ખ,જ) :

આજે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિક પણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. જે લોકો ની અત્યાર સુધી પગાર નથી આવી તે લોકો પૈસા માટે પરેશાન રહી શકે છે અને પોતાના મિત્રોથી ઉધાર માંગી શકે છે.

### કુંભ (ગ,શ,સ) :

આજે તબિયતના પગલે જરાક દરકારની જરૂર છે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. ઘરના મોરચે મુશ્કેલીઓનો ચરૂ ઉકળી રહ્યો છે આથી તમે જે બોલો છો તે અંગે સાવચેતી રાખજો. પ્રવાસને કારણે રૉમેન્ટિક સંબંધોને વંગ મળશે. તમારા એક સારા કામને કારણે, કામના સ્થળે તમારા શત્રુઓ આજે તમારા મિત્ર બની શકે છે.

### મીન (દ,ચ,ઝ,થ) :

આજે તમે પરિસ્થિતિને સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે.તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું જ છે. હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. વિવિધ સ્થળેથી આર્થિક લાભ મળી રહેશે. તમારા મિત્રો તથા સંબંધીઓને તમારી આર્થિક બાબતોનું સંચાલન ન સોંપતા, નહીંતર તમારૂં બજૅટ વેરવિખેર થઈ જશે.






થાઈલેન્ડના બેંગકોકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વાટ ફ્રા ચેતુફોન વિમોન માંગખાલારામ રાજવરમહાવિહાનની મુલાકાત લીધી જે વાટ ફો મંદિર તરીકે પ્રખ્યાત છે.

### ન્યૂઝ બ્રિફ

## બ્રેકઅપનો અર્થ એ નથી કે રેપનો કેસ બનેઃ સુપ્રીમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

લગ્નનું વચન આપીને શારીરિક સંબંધ બાંધવાના નામે નોંધાતા બળાત્કારના કેસોની વધતી સંખ્યા પર સુપ્રીમ કોર્ટે ચિંતા વ્યક્ત કરી છે. કોર્ટે કહ્યું કે એવી સ્થિતિ ઊભી થઈ છે કે જે સંબંધો લગ્નના તબક્કા સુધી પહોંચી શકતા નથી તેમાં કેસ નોંધાઈ રહ્યા છે. આવું થવું ખોટું છે. જસ્ટિસ એમએમ સુંદરેશ અને જસ્ટિસ રાજેશ બિંદલની બેન્ચે કહ્યું કે બ્રેકઅપનો અર્થ એ નથી કે રેપ કેસ બની જાય. સમાજમાં હવે મૂલ્યો જે રીતે બદલાઈ રહ્યા છે. આપણે સમજવું પડશે કે સંબંધ તૂટવાથી રેપનો કેસ ન બનવો જોઈએ. રેપ કેસને રદ કરવા માટે અરજી કરનાર વ્યક્તિની અરજી પર સુનાવણી કરતી વખતે કોર્ટે આ ટિપ્પણી કરી હતી.કેસની વિગતો એવી છે કે, લગ્ન ન થતાં મહિલાએ તેના મંગેતર વિરુદ્ધ બળાત્કારનો કેસ દાખલ કર્યો હતો. મહિલાએ દાવો કર્યો હતો કે લગ્નનું ખોટું વચન આપીને યુવકે શારીરિક સંબંધ બાંધ્યા હતા. આ કેસની સુનાવણી કરતી વખતે બેન્ચે મહિલાને કહ્યું કે, 'જો તમે આટલા નિર્દોષ હોત તો તમે અમારી પાસે ન આવ્યા હોત.' તમે પુખ્ત વયના હતા. એવું ન કહી શકાય કે કોઈએ તમને લગ્નનું વચન આપીને મૂર્ખ બનાવ્યા. જો અમે તમારી સાથે સહમત હોઈએ તો કોલેજમાં છોકરા અને છોકરી વચ્ચેનો સંબંધ સજાપાત્ર બનશે.

## ગોવામાં રસ્તા પર રાંધવા, ભીખ માંગવા, બીચ પર મસાજ કરાવા પર પ્રતિબંધ

। (એજન્સી) પણજી, તા.૪ ।

ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે શુક્રવારે એક મોટી જાહેરાત કરી છે. મુખ્યમંત્રીએ જાહેરાત કરી કે જો ગોવામાં પ્રવેશ કરતી વખતે પ્રવાસી વાહનોમાં સ્ટોક કરેલા ગેસ સિલિન્ડર જેવી વસ્તુઓ મળી આવશે, તો રાજ્યની સરહદ પર યોગ્ય દંડ લાદવામાં આવશે અને તેમનો સામાન પણ જપ્ત કરવામાં આવશે. આ ઉપરાંત, જો કોઈ ગોવામાં ખુલ્લામાં રસોઈ રાંધતા જોવા મળશે, તો પોલીસ તેમને તેમનુ વાહન જપ્ત કરવા સહિત અટકાયતી પગલાં લેશે અને દંડ પણ ફટકારશે. સીએમ પ્રમોદ સાવંતે એવી પણ માહિતી આપી હતી કે ભીખ માંગવી, બીચ પર મસાજ કરવા જેવી પ્રવૃત્તિઓ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવામાં આવશે. ગોવામાં ખુલ્લી જગ્યાઓમાં ફરતા માલિશ કરનારાઓ, પ્રવાસીઓને હેરાન કરતા ભિખારીઓ અને પ્રવાસન ક્ષેત્રમાં કામ કરતા એજન્ટને પણ પોલીસ કસ્ટડીમાં લેવામાં આવશે.

### થાઈલેન્ડ સરકારે રામાયણ આધારિત પોસ્ટ સ્ટેમ્પ ઈશ્યુ કરી

# ભારત-થાઈલેન્ડના કરારઃ વેપાર, સલામતી અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં આદાન-પ્રદાન થશે

**ભારતના ઉત્તરપૂર્વી રાજ્યો-થાઈલેન્ડ વચ્ચે પ્રવાસન, સાંસ્કૃતિક-શિક્ષણક્ષેત્રે સહકાર પર ભાર મૂકવામાં આવ્યો છે**

। (એજન્સી) બેંગકોક, તા.૪ ।



ભારત અને થાઈલેન્ડના સંબંધોને વધારે સઘન બનાવવાના હેતુથી બંને વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીના કરાર થયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને થાઈલેન્ડના વડાપ્રધાન પેટોંગતાર્ન શિનાવાત્રા વચ્ચે મંત્રણા બાદ બંને દેશ વચ્ચે વિવિધ ક્ષેત્રમાં સહકાર વધારવા સંમત થયા હતા. આ પ્રસંગે વેપાર, સલામતી અને સાંસ્કૃતિક ક્ષેત્રમાં આદાન-પ્રદાન થકી સમૃદ્ધિનો માર્ગ મોકળો કરવાનો નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.બેંગકોક ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંયુક્ત પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, વિવિધ ક્ષેત્રમાં દ્વિપક્ષી કરાર માટે બંને દેશ વચ્ચે સઘન વાટાઘાટો થઈ છે. ભારતના ઉત્તરપૂર્વી રાજ્યો અને થાઈલેન્ડ વચ્ચે પ્રવાસન, સાંસ્કૃતિક અને શિક્ષણક્ષેત્રે સહકાર પર ભાર મૂકવામાં આવ્યો છે. વેપાર અને રોકાણ વધારવા મોદી અને શિવાનાત્રા વચ્ચે વાત થઈ હતી. બંને દેશના વડાએ ઈન્ડો-પેસિફિક વિસ્તારમાં મુક્ત, સર્વસમાવેશી અને ન્યાયી પદ્ધતિ મજબૂત બનાવવા અને વિસ્તારવાદના બદલે વિકાસવાદને પ્રોત્સાહન આપવા સંમતિ દર્શાવી હતી. મોદીએ જણાવ્યુ હતું કે, ભારતની 'એક્ટ ઈસ્ટ' પોલિસી અંતર્ગત થાઈલેન્ડ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આજે બંને દેશે પોતાના સંબંધોને વધારે ગાઢ બનાવતા વ્યૂહાત્મક ભાગીદારીનો નિર્ણય લીધો છે. બંને દેશની સલામતી એજન્સીઓ વચ્ચે વ્યૂહાત્મક સંવાદ હાથ ધરવા પણ વાતચીત થઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાતને યાદગાર બનાવતાં થાઈલેન્ડ સરકારે ૧૮મી સદીની રામાયણના ભીંતચિત્રો આધારિત વિશેષ પોસ્ટ સ્ટેમ્પ ઈશ્યૂ કરી હતી. આ સાથે શિવાનાત્રાએ વડાપ્રધાન મોદીને ત્રિપિટિકા ભેટમાં આપી હતી.નરેન્દ્ર મોદી થાઈલેન્ડમાંઃ દરિયાઈ વિસ્તારમાં સહકાર વધારવાના કરાર માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત થાઈલેન્ડ, બાંગ્લાદેશ, શ્રીલંકા, નેપાળ, મ્યાનમાર અને ભુતાનના નેતાઓએ આ સમિટમાં ભાગ લીધો છે. થાઈલેન્ડના વડાપ્રધાન શિનાવાત્રા દ્વારા આયોજિત ભોજન સમારંભમાં વડાપ્રધાન મોદીની બાજુમાં બાંગ્લાદેશના મુખ્ય સલાહકાર મોહંમદ યુનુસ બેઠા હતા. બીજી બાજુ નેપાળના પીએમ કે પી શર્મા ઓલી હતા.બે ઓફ બંગાલ ઈનિશિએટિવ ફોર મલ્ટિ સેકટોરલ ટેકનિકલ એન્ડ ઈકોનોમિક કોઓપરેશન સમિટમાં ભાગ લેવા વડાપ્રધાન મોદી બે દિવસના થાઈલેન્ડ પ્રવાસે ગયા છે. ગાર્ડ ઓફ ઓનર અને થાઈ રામાયણની પ્રસ્તુતિ સાથે મોદીનું સ્વાગત થયુ હતું. શુક્રવારે મોદી અને યુનુસ વચ્ચે મુલાકાત થવાની સંભાવના છે. બાંગ્લાદેશમાં લઘુમતિ હિન્દુઓ પર અત્યાચારના મામલે ભારત સાથે કથળી રહેલા સંબંધો વચ્ચે યુનુસે ચીનના ખોળે માથુ મૂક્યું છે. ભારતને સીધો પડકાર ફેંકતા તેમણે ચીનને પોતાના દરિયાઈ વિસ્તાર સોંપવાની ઓફર કરી છે. યુનુસની ચીન મુલાકાત બાદ વડાપ્રધાન મોદી સાથે બેઠક પર સમગ્ર વિશ્વની નજર છે.

### પીએમ રામેશ્વરમ-તંબારામ (ચેન્નાઈ)ની નવી ટ્રેન સેવાને લીલી ઝંડી આપશે

# રામનવમીના પ્રસંગે વડાપ્રધાન મોદી તમિલનાડુની મુલાકાત લેશે અને રામેશ્વરમને મુખ્ય ભૂમિ સાથે જોડતાં નવા પમ્બન રેલ બ્રીજનું ઉદઘાટન કરશે

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી તમિલનાડુમાં રૂ. ૮,૩૦૦ કરોડથી વધારેનાં મૂલ્યની વિવિધ રેલ અને રોડ પરિયોજનાઓનો શિલાન્યાસ કરશે અને દેશને સમર્પિત કરશે**

। નવી દિલ્હી, તા.૪ ।

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૬ એપ્રિલનાં રોજ તમિલનાડુની મુલાકાત લેશે. રામનવમીના પ્રસંગે બપોરે ૧૨ વાગ્યાની આસપાસ તેઓ નવા પમ્બન રેલ બ્રિજ - ભારતના પ્રથમ વર્ટિકલ લિફ્ટ સી બ્રિજનું ઉદ્ઘાટન કરશે અને રોડ બ્રિજ પરથી ટ્રેન અને એક જહાજને લીલી ઝંડી આપશે અને પુલની કામગીરીના સાક્ષી બનશે.

ત્યારબાદ બપોરે ૧૨:૪૫ વાગ્યે તેઓ રામેશ્વરમમાં રામનાથસ્વામી મંદિરમાં દર્શન અને પૂજા-અર્ચના કરશે. રામેશ્વરમમાં બપોરે લગભગ ૧:૩૦ વાગ્યે તેઓ તમિલનાડુમાં રૂ. ૮,૩૦૦ કરોડથી વધુના મૂલ્યના વિવિધ રેલ અને રોડ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરશે અને દેશને સમર્પિત કરશે. તેઓ આ પ્રસંગે જનમેદનીને સંબોધન પણ કરશે. પ્રધાનમંત્રી ન્યૂ પમ્બન રેલ બ્રિજનું ઉદઘાટન કરશે અને રામેશ્વરમ-તંબારામ (ચેન્નાઈ)ની નવી ટ્રેન સેવાને લીલી ઝંડી આપશે. આ પુલ ઊંડું સાંસ્કૃતિક મહત્વ ધરાવે છે. રામાયણ અનુસાર રામ સેતુના નિર્માણની શરૂઆત રામેશ્વરમ નજીક ધનુષકોડીથી કરવામાં આવી હતી.

રામેશ્વરમને મુખ્ય ભૂમિ સાથે જોડતો આ પુલ વૈશ્વિક ફલક પર ભારતીય ઈજનેરીની એક નોંધપાત્ર સિદ્ધિ છે. તે ૫૫૦ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બનાવવામાં આવ્યું છે. તેની લંબાઈ ૨.૦૮ કિ.મી.ની છે, જેમાં ૯૯ સ્પાન અને ૭૨.૫ મીટર વર્ટિકલ લિફ્ટ સ્પાન છે, જે ૧૭ મીટરની ઊંચાઈ સુધી વધે છે, જે જહાજોની સરળ અવરજવરની સુવિધા આપે છે અને સાથે સાથે અવિરત ટ્રેન સંચાલનને સુનિશ્ચિત કરે છે. સ્ટેનલેસ સ્ટીલ મજબૂતીકરણ, ઉચ્ચ-ગ્રેડ રક્ષણાત્મક પેઈન્ટ અને સંપૂર્ણપણે વેલ્ડેડ સાંધાઓ સાથે બાંધવામાં આવેલો આ પુલ ટકાઉપણામાં વધારો કરે છે અને જાળવણીની જરૂરિયાતો ઘટાડે છે. તે ભવિષ્યની માંગને સમાવવા માટે ડ્યુઅલ રેલ ટ્રેક માટે બનાવવામાં આવ્યું છે. એક ખાસ પોલિસેલોક્સેન કોટિંગ તેને કાટ સામે રક્ષણ આપે છે, જે કઠોર દરિયાઈ વાતાવરણમાં દીર્ધાયુષ્યને સુનિશ્ચિત કરે છે.

પ્રધાનમંત્રી તમિલનાડુમાં રૂ. ૮,૩૦૦ કરોડથી વધારેનાં મૂલ્યનાં વિવિધ રેલવે અને રોડ પ્રોજેક્ટનું ભૂમિપૂજન કરશે અને દેશને સમર્પિત કરશે. આ પ્રોજેક્ટ્સમાં રાષ્ટ્રીય રાજમાર્ગ – ૪૦નાં ૨૮ કિલોમીટરની લંબાઈ ધરાવતાં વલાજાપેટ–રાનીપેટ સેક્શનનું ફોર-લેનિંગ કરવા માટે અને રાષ્ટ્રીય રાજમાર્ગ – ૩૩૨નાં ૨૯ કિલોમીટરની લંબાઈ ધરાવતા વિલુપ્પુરમ-પુડુચેરી વિભાગને સમર્પિત કરવાનો સમાવેશ થાય છે. ૫૭ કિલોમીટરની લંબાઈ ધરાવતો પુન્દિયાંકુપ્પમ–રાષ્ટ્રીય રાજમાર્ગ – ૩૨નો સત્તનાથપુરમ વિભાગ અને રાષ્ટ્રીય રાજમાર્ગ – ૩૬નો ૪૮ કિલોમીટરની લંબાઈ ધરાવતો ચોલાપુરમ– તંજાવુર સેક્શન. આ ધોરીમાર્ગો ઘણાં યાત્રાધામો અને પ્રવાસન સ્થળોને જોડશે, શહેરો વચ્ચેનું અંતર ઘટાડશે તથા પોર્ટ પર મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, બંદરો સુધી ઝડપથી પ્રવેશ મેળવવા સક્ષમ બનાવશે તેમજ સ્થાનિક ખેડૂતોને કૃષિ ઉત્પાદનોને નજીકનાં બજારોમાં લઈ જવા માટે સક્ષમ બનાવશે તથા સ્થાનિક ચર્મ અને લઘુ ઉદ્યોગોની આર્થિક પ્રવૃત્તિને વેગ આપશે.

### ગર્ભાવસ્થા એ બળાત્કાર થયાનો નક્કર પુરાવો નથીઃ દિલ્હી હાઈકોર્ટ

# સંબંધ પરાણે બંધાયો હોવાનું DNA રિપોર્ટથી સાબિત ના થાયઃ હાઈકોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

ડીએનએ રિપોર્ટથી માત્ર પિતૃત્વ પુરવાર થાય છે, સંબંધ બાધવા માટેની સહમતિનો અભાવ નહીં તેવું નિરીક્ષણ કરતાં દિલ્હી હાઈકોર્ટે બળાત્કારના આરોપમાં ૧૦ વર્ષની જેલની સજા પામેલા શખ્સને મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. આ કેસની સુનાવણી દરમિયાન જસ્ટિસ અમિત મહાજને જણાવ્યું હતું કે, ડીએનએ રિપોર્ટથી ભલે એ પુરવાર થયું હોય કે, મહિલાની કોખે જન્મેલું બાળક આરોપીનું છે, પરંતુ જ્યાં સુધી સંબંધ સહમતિથી બંધાયો હોવાનું પુરવાર ના થાય તો તેવા સંજોગોમાં બળાત્કાર થયો હોવાનું સાબિત કરવા માટે ગર્ભાવસ્થા એ નક્કર પુરાવો ના ગણાય. કેસની વિગતો અનુસાર, એક મહિલા દ્વારા તેની પડોશમાં રહેતાં શખ્સ પર લુડો રમવા પોતાના ઘરે બોલાવી વારંવાર બળાત્કાર કરવાનો આરોપ મુકાયો હતો. તેની ફરિયાદને પગલે જાન્યુઆરી, ૨૦૧૮માં શખ્સ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી, અને ડિસેમ્બર, ૨૦૨૨માં ટ્રાયલ કોર્ટે તેને દોષિત જાહેર કર્યો હતો. જોકે મહિલા સાથેના તેના સંબંધો સહમતિથી બંધાયા હોવાના આધારે તેણે ટ્રાયલ કોર્ટના ચુકાદાને પડકાર્યો હતો. આ કેસની સાથે સંકળાયેલા સંજોગોએ ફરિયાદીના કેસને અત્યંત અસંભવ બનાવી દીધો છે.

### કેન્દ્ર સરકાર પ્રોફેશનલ એન્જિનિયર બિલ લાવશે

# હવેથી ડોક્ટરો તેમજ વકીલોની જેમ એન્જિનિયરોનું પણ રજીસ્ટ્રેશન થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।



ભારતમાં ડોક્ટરો, વકીલો અને સીએની જેમ એન્જિનિયરોનું પણ રજીસ્ટ્રેશન થશે. કેન્દ્ર સરકારે ઈજનેરો માટે આર્કિટેક્ચર, લો અને ફાર્મસી કાઉન્સિલ જેવી સર્વોચ્ચ નિયમનકારી સંસ્થા બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે. સરકાર પ્રોફેશનલ એન્જિનિયર્સ બિલ-૨૦૨૫ લાવવાની તૈયારી કરી રહી છે. ઈન્ડિયન પ્રોફેશનલ એન્જિનિયર્સ કાઉન્સિલ (આઈપીઈસી) ની રચના કરવામાં આવશે, જે ભારતમાં એન્જિનિયરોને વ્યાવસાયિક દરજ્જો આપવા માટે કામ કરશે. પ્રોફેશનલ એન્જિનિયર્સ કાઉન્સિલ એન્જિનિયરોની નોંધણી, દેખરેખ અને નિયમનનું કામ કરશે. ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (એઆઈસીટીઈ) એ આ આઈપીઈસીને ઔપચારિક બનાવવા માટે એક ડ્રાફ્ટ બિલ બહાર પાડ્યું છે અને ૧૦ એપ્રિલ સુધીમાં આ દરખાસ્ત પર જાહેર પ્રતિસાદ માંગ્યો છે. એઆઈસીટીઈના ઉપપ્રમુખ ડૉ. અભય જેરે કહે છે કે ભારતમાં એન્જિનિયરો માટે આ પ્રથમ કેન્દ્રિયકૃત નોંધણી પ્રણાલી છે. આનાથી રજિસ્ટર્ડ એન્જિનિયરોને સારી કારકિર્દી માટે તાલીમ અને કૌશલ્ય વિકાસ કાર્યક્રમોની તકો પણ મળશે.ભારતમાં આર્કિટેક્ટ, વકીલો અને ફાર્માસિસ્ટથી વિપરીત એન્જિનિયરોને વ્યાવસાયિક રીતે પ્રેક્ટિસ કરવા માટે નોંધણીની જરૂર નથી. જોકે, એન્જિનિયરિંગ ક્ષેત્રના ઝડપી વિસ્તરણ અને નિયંત્રિત ગુણવત્તા ધોરણોની વધતી માંગ સાથે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપી) ૨૦૨૦ માં એન્જિનિયરિંગ વ્યાવસાયિકો માટે એક સ્વતંત્ર સંસ્થા બનાવવાની ભલામણ કરવામાં આવી હતી. વધુ સારા કૌશલ્ય વિકાસ, જવાબદારી અને નૈતિક ધોરણો સુનિશ્ચિત કરવા માટે, કેન્દ્ર સરકારે IPEC ની સ્થાપના તરફ પગલાં લીધાં છે.

## ચાલુ ગાડીએ રીલ બનાવતી યુવતીનું માથું જ કપાઈ ગયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

છત્તીસગઢના રાયપુરમાં બીજી એપ્રિલ સાંજે ભયાનક અકસ્માત થયો હતો. જેમાં પૂરપાટ ઝડપે સ્કૂટી ચલાવી રહેલી ૧૮ વર્ષીય આલિયા ખાન ડિવાઈડર સાથે અથડાવાથી તેનું માથું ધડથી અલગ થઈ ગયું હતું. અકસ્માત એટલો ભયાનક હતો કે, તેનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. વળી, સ્કૂટી પર સવાર બે અન્ય સગીર છોકરીઓ ગંભીર રૂપે ઈજાગ્રસ્ત થઈ હતી.

પશ્ચિમ રેલવે- રાજકોટ ડિવિઝન
સુધારો
વોટર વેન્ડીંગ મશીન ના કોન્ટ્રાક્ટ ના ઈ - ઓકશન કેટલોગ સં : E-CTG-4-2025 જે તારીખ: 28.03.25 ના ન્યૂઝપેપરમા છપાયેલ તેમાં કોન્ટ્રાક્ટનો સમયગાળો 5 વર્ષ + સંતોષકારક કામગીરી પર 1 વખત 03 વર્ષનું નવીકરણ અને બધા લોટની ઈ - ઓકશનનો સમય 15.30 કલાકનો રહેશે
188-A
અમને લાઈક કરો: facebook.com/WesternRly

## વિશેષ

### ૫ એપ્રિલ - નેશનલ મેરિટાઇમ ડે (રાષ્ટ્રીય દરિયાઈ દિવસ)

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિરાસત ભી વિકાસ ભી'ના ધ્યેયને 'નેશનલ મેરિટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ' સાકાર કરશે

। (માહિતી) ગાંધીનગર ।

ગુજરાતના અમદાવાદ જિલ્લામાં આવેલું લોથલ સિંધુ ખીણની સંસ્કૃતિના મુખ્ય વેપાર કેન્દ્રની સાથે સાથે ભારતની સમુદ્ર શક્તિ અને સમૃદ્ધિનું પ્રતીક પણ હતું. આ ઐતિહાસિક સિંધુ સંસ્કૃતિના ઈતિહાસના સાક્ષી સમા લોથલમાં ભારતના ભવ્ય દરિયાઈ વારસાને દર્શાવતું 'નેશનલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સ' (NMHC) નિર્માણ પામી રહ્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે પાંચ પ્રણો આપ્યાં છે, તેમાંનું એક પ્રણ પ્રાચીન વિરાસતોનું સંવર્ધન કરવાનું છે, જે 'નેશનલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સ'ના નિર્માણ થકી સાકાર થવા જઈ રહ્યું છે. પાંચ હજાર વર્ષ પહેલાં ભારત કેવી સભ્યતા ધરાવતું રાષ્ટ્ર હતું, કેવી રીતે વૈશ્વિક વ્યાપાર કરાતો હતો, તેનું જીવંત નિદર્શન આ હેરિટેજ કૉમ્પ્લેક્સમાં કરવામાં આવશે. 'નેશનલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સ'માં ઈતિહાસ, શિક્ષણ, સંશોધન અને મનોરંજનનો સુભગ સમન્વય સર્જાશે. લોથલ પાંચેક હજાર વર્ષ પહેલાં માત્ર એક બંદર જ નહોતું, પરંતુ અહીં દરિયાઈ જહાજો પણ બનતાં હતાં, એ જ્વલંત ઈતિહાસ અહીં ફરી જીવંત થશે. આધુનિક ટેક્નોલોજી થકી ભવ્ય દરિયાઈ પ્રાચીન વારસાની અનુભૂતિ કરાવવામાં આવશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદષ્ટિના કારણે આ અતિપ્રાચીન સ્થળનો ફરી વિકાસ શક્ય બન્યો છે. ગુજરાતની પ્રાચીન ધરોહરનું મહત્ત્વનું સ્થળ લોથલ એક મોટા પરિવર્તનનું સાક્ષી બનવા જઈ રહ્યું છે. આમ, ગુજરાતના સમૃદ્ધ પ્રાચીન સામુદ્રિક વારસાની વિરાસતને આધુનિક યુગના આયામો સાથે જોડીને નિર્માણ થઇ રહેલું આ મ્યુઝિયમ 'વિરાસત ભી વિકાસ ભી'ના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ધ્યેયને સાકાર કરશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય દ્વારા ગુજરાતના લોથલ ખાતે 'નેશનલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સ'નું નિર્માણ થઈ રહ્યું છે. ભારત દેશના મેરિટાઈમ ઈતિહાસ અને ટેક્નોક્રાફ્ટના મિશ્રણ સાથે તૈયાર થનારું આ હેરિટેજ કૉમ્પ્લેક્સ લોકો માટે એક પ્રવાસન સ્થળ ઉપરાંત અભ્યાસ માટેનું કેન્દ્ર બનશે. નેશનલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સ એક નવા આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવશે અને વિશ્વના અન્ય આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમોની સમકક્ષ તેની સારસંભાળ લેવામાં આવશે.

આ પ્રોજેક્ટ સમગ્ર ભાલ પ્રદેશની અર્થવ્યવસ્થા વિકસાવવામાં પણ મદદરૂપ સાબિત થશે. જેના પરિણામ સ્વરૂપે હજારો લોકો માટે રોજગારીની અનેક તકો અહીં સર્જાશે તેમજ સંખ્યાબંધ કુટીર ઉદ્યોગોના વિકાસની પણ અનેક રાહ ખુલશે. નેશનલ મેરિટાઈમ દિવસ લઈને કેન્દ્રીય પોર્ટ, શિપિંગ એન્ડ વોટરવેઝ મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું હતું કે, "ભારતનો દરિયાઈ વારસો એ સ્થિતિસ્થાપકતા, નવીનતા અને વૈશ્વિક જોડાણનો વારસો છે. નેશનલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સ એ માત્ર આપણા દરિયાઈ વારસાને સન્માનિત નથી કરતું, પણ તે એક એવી દીવાદાંડી સમાન છે, જે જ્ઞાન, ઈનોવેશન અને રાષ્ટ્રીય ગૌરવ સાથે ભવિષ્યની પેઢીઓનું માર્ગદર્શન કરશે. આ સંકુલ દ્વારા આપણે આપણી સમૃદ્ધ પરંપરાઓને જાળવીને દેશને એક ઉજ્જવળ અને પ્રગતિશીલ દરિયાઈ ભવિષ્ય તરફ લઈ જઈ રહ્યા છીએ."

તેમણે વધુમાં ઉમેર્યું કે, આપણે રાષ્ટ્રીય દરિયાઈ દિવસ ૨૦૨૫ની ઉજવણી કરવા જઈ રહ્યા છીએ ત્યારે MoPSW ભારતના દરિયાઈ માળખાને મજબૂત બનાવવા, ટકાઉપણાને પ્રોત્સાહન આપવા અને વૈશ્વિક ભાગીદારી વધારવા માટે સમર્પિત છે. NMHC એ વારસો અને પ્રગતિ બંને પ્રત્યે ભારતના અતૂટ સમર્પણનું પ્રતીક છે, જે ભારતના મજબૂત દરિયાઈ ભવિષ્યને આકાર આપીને 'વિકાસ ભી, વિરાસત ભી'ની ભાવનાને સાકાર કરે છે. NMHC વિશ્વભરના વિદ્વાનો, ઈતિહાસકારો અને મુલાકાતીઓ માટે એક એવા કેન્દ્ર તરીકે સેવા આપશે, જે તેમને ભારતની સમૃદ્ધ દરિયાઈ પરંપરાઓ અને પ્રગતિની એક અનોખી ઝલક આપશે. તેમાં અત્યાધુનિક સંગ્રહાલયો, વારસા સંરક્ષણ માટેની પહેલો, ઈન્ટરેક્ટિવ ડિજિટલ ડિસ્પ્લે અને દરિયાઈ સંશોધન અને ઈનોવેશન માટે આંતરરાષ્ટ્રીય સહયોગ પ્લેટફૉર્મનો સમાવેશ થશે. કેન્દ્રીય મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું હતું કે, "ભારતનો દરિયાઈ વારસો એ અપાર ગૌરવ અને પ્રેરણાનો સ્રોત છે. નેશનલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સ દ્વારા આપણે ફક્ત આપણાં ભવ્ય વારસાનું સંરક્ષણ નથી કરી રહ્યા, પરંતુ ભવિષ્યની પેઢીઓ માટે જ્ઞાન અને પ્રેરણા મેળવવા માટેનું એક માધ્યમ પણ બનાવી રહ્યા છીએ. આ પ્રોજેક્ટ પ્રગતિશીલ દરિયાઈ ભવિષ્ય તરફ આગળ વધતા તેના સાંસ્કૃતિક મૂળિયાને જાળવવાની ભારતની અતૂટ પ્રતિબદ્ધતાનો પુરાવો બનશે."

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરેલા 'કેચ ધ રેઈન'ના આહવાનને સાકાર કરવા ગુજરાતમાં 'કેચ ધ રેઈન- સુજલામ સુફલામ જળ અભિયાન 2.0'નો મહેસાણાથી પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ




સુજલામ સુફલામ જળ અભિયાનથી સાત વર્ષમાં ૧ લાખ ૭ હજારથી વધુ કામો દ્વારા જળસંગ્રહ ક્ષમતામાં ૧ લાખ ૧૯ હજાર લાખ ઘન ફૂટ વધારો થયો છે. ૧૯૯.૬૦ લાખ માનવદિન રોજગારી ઊભી થઈ છે.

## ન્યુઝ બોક્ષ

### બાળ લગ્ન અટકાવવાના આશયથી હેલ્પલાઈન નંબર જાહેર કરાયો

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૪ ।

અક્ષય તૃતીયા એટલે કે અખાત્રીજના દિવસને લગ્ન માટે શ્રેષ્ઠ મુહૂર્ત માનવામાં આવે છે. મોટા પ્રમાણમાં વિવિધ સમાજના લગ્ન યોજાતા હોય છે. ત્યારે બાળ લગ્ન અટકાવવાના આશયથી સુરેન્દ્રનગર જિલ્લા બાળલગ્ન પ્રતિબંધક કચેરી દ્વારા હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો છે. ખાસ તો બાળ લગ્ન ન થાય તે માટે માતા પિતા ઉપરાંત સમૂહ લગ્નના આયોજકો, સામાજિક આગેવાન, ગોર મહારાજ, લગ્ન કરાવનાર કાજી, રસોઈયા, મંડપ ડેકોરેશન કરનાર, ફોટોગ્રાફર, લગ્ન કરાવનાર વર અને કન્યા પક્ષના બંને પરિવારોએ બાળલગ્ન ન થાય તેની વિશેષ કાળજી રાખવી આવશ્યક છે. બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬ મુજબ છોકરીના લગ્ન ૧૮ વર્ષ પહેલા અને છોકરાના લગ્ન ૨૧ વર્ષ પહેલા થાય એ સજાપાત્ર ગુનો અને સામાજિક દુષણ પણ છે. બાળલગ્નના કારણે દીકરા-દીકરીઓના આરોગ્ય પર ઘણી જ વિપરીત અસર થાય છે.

### દાહોદ જિલ્લામાંથી નકલી નોટોનું કૌભાંડ ઝડપાયું

। (એજન્સી) દાહોદ, તા.૪ ।

દાહોદ જિલ્લામાંથી નકલી નોટોનું કૌભાંડ ઝડપાયું. નકલી નોટ કૌભાંડમાં રાજસ્થાનની બાસવાડા ન્ઝ્ અને ઝાલોદ અને સંજેલી પોલીસે સંયુક્ત તપાસ હાથ ધરી હતી. કૌભાંડની સંયુકતપણે તપાસ કરતા રાજસ્થાન પોલીસે ઝાલોદ અને સંજેલીમાંથી બે ઈસમોને ધરપકડ કરી. પોલીસે બાતમીના આધારે દરોડા પાડી ૧૦૦,૨૦૦,૫૦૦ના દરની ૧.૩૯ લાખની નોટો સહિત બે પ્રિન્ટર અને એક લેપટોપ કબજે કર્યા. પ્રાપ્ત માહિતી મુજબ રાજસ્થાનની બાંસવાડા પોલીસ નકલી ચલણી નોટના કૌભાંડની તપાસ કરતી હતી અને તેના તાર ગુજરાતના દાહોદમાં નીકળ્યા. બાસવાડાની આનંદપુરી પોલીસને બાતમી મળી હતી કે નકલી ચલણી નોટોનો મોટાપાયે કારોબાર થઈ રહ્યો છે. બજારમાં નકલી ચલણી નોટો ફરતાં અનેક આર્થિક વ્યવહારો પર સંકટ ઘેરાઈ શકે છે. દેશના અર્થતંત્રને મોટું નુકસાન પંહોચાડના નકલી નોટાના કૌભાંડનો પર્દાફાશ કરવા બાસવાડા પોલીસે પોતાના બાતમીદારો સક્રિય કર્યા. પોલીસને માહિતી મળી કે ગુજરાતના દાહોદમાંથી નકલી ચલણી નોટો રાજસ્થાનના બાસવાડામાં ઘુસાડવાના પ્રયાસ થઈ રહ્યા છે.

## ૧૮મી ઓલ ઈન્ડિયા પોલીસ

# શૂટિંગ સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપમાં ગુજરાત પોલીસની શૂટિંગ ટીમે ત્રણ બ્રોન્ઝ મેડલ જીત્યા

### ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયે બંને અધિકારીઓને અભિનંદન પાઠવ્યા

। ગાંધીનગર, તા.૪ ।

ગુજરાત પોલીસની શૂટિંગ ટીમે ૧૮મી ઓલ ઈન્ડિયા પોલીસ શૂટિંગ સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપ-૨૦૨૪માં શાનદાર પ્રદર્શન કરીને ત્રણ બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યા છે. આ ચેમ્પિયનશિપ તા.૨૪થી ૨૯ માર્ચ, ૨૦૨૫ દરમિયાન ઈન્દોર ખાતે યોજાઈ હતી.

આ સ્પર્ધામાં ગુજરાત પોલીસના બે અધિકારીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. પીઆઈ લજ્જા ગોસ્વામીએ ૩૦૦ મીટર ૩ પોઝિશન રાઈફલ વ્યક્તિગત અને ૫૦ મીટર ૩ પોઝિશન રાઈફલ વ્યક્તિગત સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. તેમજ પીએસઆઈ સિયા જે. તોમરે ૩૦૦ મીટર પ્રોન રાઈફલ વ્યક્તિગત સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે. આ ઉત્કૃષ્ટ સિદ્ધિ



બદલ રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયે બંને અધિકારીઓને અભિનંદન પાઠવ્યા છે. તેમણે જણાવ્યું કે, આ સિદ્ધિ ગુજરાત પોલીસની પ્રતિભા અને સમર્પણનું પ્રતીક છે, જે રાજ્યનું ગૌરવ વધારે છે.

## અમદાવાદમાં વક્ફ બિલનો વિરોધ, ૫૦ લોકોની અટકાયત

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

વક્ફ સુધારા બિલ ૨૦૨૫ને લોકસભામાં મંજૂરી મળ્યા બાદ આખરે મોડી રાતે લાંબી ચર્ચા બાદ રાજ્યસભામાં પણ પાસ કરી દેવામાં આવ્યું હતું. ત્યારે અમદાવાદમાં વક્ફ બિલને લઈને લોકોનો વિરોધ જોવા મળી રહ્યો છે. અહીં શુક્રવારની નમાજ બાદ મોટાપાયે વિરોધ પ્રદર્શન જોવા મળ્યું હતું. પ્રદર્શનકારીઓએ આ બિલ વિરૂદ્ધ પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. પોલીસે કડક વલણ અપનાવતાં ૫૦થી વધુ લોકોની અટકાયત કરી લીધી છે. પ્રદર્શન દરમિયાન તણાવભર્યો માહોલ જોવા મળ્યો હતો, પરંતુ પોલીસે સ્થિતિને કાબૂમાં રાખી હતી. તો બીજી તરફ પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં અને રાંચીમાં પણ વક્ફ બિલનો વિરોધ જોવા મળ્યો છે. અહીં પણ લોકો રસ્તા પર ઉતરી આવ્યા અને વક્ફ બિલ પાછું ખેંચી લેવા નારેબાજી કરતા જોવા મળ્યા હતા. તો બીજી તરફ રાંચીમાં પણ અલ્પસંખ્યક સમુદાય (મુસ્લિમ)એ સંસદના બંને સદનો દ્વારા મંજૂર વક્ફ બિલમાં સંશોધનના વિરોધમાં જોરદાર વિરોધ પ્રદર્શન યોજ્યું હતું.

## ઈફ્કો પ્લાન્ટનના કાર્યક્રમમાં સહભાગી થશે

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આવશે ગુજરાત

### અમિત શાહ ઈફ્કોના બીજ અનુસંધાન કેન્દ્ર એટલે કે ઈફ્કો પ્લાન્ટમાં સીડ રિસર્ચ સેન્ટરનું પણ ઉદ્ઘાટન કરશે

। અમદાવાદ, તા.૪ ।

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. ગુજરાતના પ્રવાસ દરમિયાન વિવિધ કાર્યક્રમો કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના અધ્યક્ષતામાં યોજાશે. આવતીકાલે મોડી રાત્રે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અમદાવાદ એરપોર્ટ ખાતે પહોંચશે. અમદાવાદ એરપોર્ટથી અમિત શાહ તેમના નિવાસસ્થાન અમદાવાદના થલતેજ ખાતે તેમના નિવાસસ્થાને રાત્રિ રોકાણ કરશે. જેથી તેમના આગમનને લઈને અત્યારથી તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. રવિવારે એટલે કે ૬ એપ્રિલના એક દિવસના ગુજરાત પ્રવાસ દરમિયાન કલોલના ઈફકો પ્લાન્ટની ૫૦ વર્ષની ઉજવણી કાર્યક્રમમાં સહભાગી થવાના છે. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ ગુજરાતના માત્ર ૧ દિવસીય પ્રવાસમાં ૧૦ વાગે ઈન્ડિયન ફાર્મર ફર્ટિલાઈઝર કો-ઓપરેટિવ સેક્ટર અંતર્ગત આયોજિત કલોલ સ્થિત ઈફકો પ્લાન્ટની ૫૦ વર્ષની ઉજવણી કાર્યક્રમમાં સહભાગી થશે. ઈફકોના પ્રથમ યુરિયા પ્લાન્ટના સુવર્ણ જયંતી મહોત્સવ સમારોહ ઉપરાંત ઈફકોના બીજ અનુસંધાન કેન્દ્ર એટલે કે ઈફકો પ્લાન્ટમાં સીડ રિસર્ચ સેન્ટરનું પણ ઉદ્ઘાટન કરશે. ઈફકો ખાતે આયોજિત સમારોહમાં રાજ્યભરના ખેડૂતોની ઉપસ્થિતિમાં ઈફકોના પ્લાન્ટમાં સુવર્ણ જયંતી સમારોહનું આયોજન થઈ રહ્યું છે.

## અમદાવાદ કમિશનરનો આદેશ

# દરેક PI માટે રાતના ૧૨ વાગ્યા સુધી પોલીસ સ્ટેશનમાં હાજરી ફરજિયાત

### દરરોજ મુલાકાત અર્થે આવતા નાગરિકોને બપોરે ૪થી ૬ દરમિયાન મુલાકાત કરવી પડશે જો પોલીસ સ્ટેશનમાં ગેરહાજર રહેતા PI સામે કાર્યવાહી થશે

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

અમદાવાદ શહેર પોલીસ સામે પોલીસ કમિશનર જી.એસ.મલિક દ્વારા કડક આદેશ અપાયો છે. જેમાં અમદાવાદ શહેરના તમામ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એ રાત્રે ૧૨ વાગ્યા સુધી પોતાના પોલીસ મથકની હદમાં હાજર રહેવું પડશે. આ ઉપરાંત દરરોજ મુલાકાત અર્થે આવતા નાગરિકોને બપોરે ૪થી ૬ દરમિયાન મુલાકાત કરવી પડશે. જો પોલીસ સ્ટેશનમાં ગેરહાજર રહેતા PI સામે કાર્યવાહી થશે.

અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ.મલિક દ્વારા કરવામાં આવેલા આદેશ અનુસાર, ખાસ પોલીસ કમિશનર/સંયુક્ત પોલીસ કમિશનર/ અધિક પોલીસ કમિશનર/નાયબ પોલીસ કમિશનર/મદદનીશ પોલીસ કમિશનરે દરરોજ બપોરે ૧૨થી ૪ વાગ્યાની વચ્ચે પોતાની કચેરીમાં આવતા મુલાકાતીઓને કચેરી ખાતે હાજર રહીને તેમની રજુઆત સાંભળવાની રહેશે. મુલાકાતી પોતાની રજુઆત અંગે લેખિતમાં અરજી આપે તો તે અરજી સ્વીકારી તેના ઉપર જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવાની રહેશે. અનિવાર્ય સંજોગોમાં કચેરીમાં તેઓ હાજર ના હોય તો તેઓની કચેરીના રીડર પો.સ.ઈ./અંગત મદદનીશએ અરજદારોને મળી અરજદારની રજુઆત સાંભળવાની રહેશે.

અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા તમામ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટરને કેટલાક આદેશ કરવામાં આવ્યા છે. પોલીસ ઈન્સ્પેકટરે દરરોજ સાંજે ૪થી ૬ વાગ્યા સુધી પોતાના પોલીસ સ્ટેશનમાં હાજર રહીને મુલાકાત માટે આવતા મુલાકાતીઓને મુલાકાત આપી તેઓની રજુઆતો સાંભળવાની રહેશે.

આ ઉપરાંત પોલીસ ઈન્સ્પેક્ટરે દરરોજ સાંજે ૬થી રાત્રે ૯ વાગ્યા દરમિયાન પોતાના વિસ્તારમાં પેટ્રોલિંગ, વાહન ચેકીંગ, ગુન્હેગારોનું ચેકીંગ, નાસતા ફરતા આરોપીઓનું ચેકીંગ, હીસ્ટ્રીશીટરોનું ચેકીંગ જેવી કામગીરી પોલીસ સ્ટેશનથી બહાર નીકળી પોતાના વિસ્તારમાં કરવાની રહેશે.

## વાત્રક નદી પર ગેરકાયદેસર બ્રિજ તોડી પડાયો

# ખેડાનાં રઢુ ગામમાં ખનિજ માફિયાઓનો પર્દાફાશ

। (એજન્સી) ખેડા, તા.૪ ।

ખેડા તાલુકાના રઢુ નજીકથી પસાર થતી વાત્રક નદી પર ભૂમાફિયાઓ દ્વારા ગેરકાયદેસર ૩૦૦ ફૂટ લાંબો પુલ બાંધવામાં આવ્યો હતો, જેના કારણે નદીનો પ્રવાહ અવરોધાઈ ગયો હતો, તેની ફરિયાદો સામે વહીવટીતંત્રે આંખ આડા કાન કર્યા હતા.

જોકે, બુધવારના રોજ કલેક્ટર તરફથી આદેશ મળ્યા બાદ પુલ રાતોરાત તોડી પાડવામાં આવ્યો હતો. ખાણ અને ખનીજ વિભાગ ની દેખરેખ હેઠળ જિલ્લામાં નદીઓમાંથી અનિયંત્રિત રેતી ખનન થઈ રહ્યું છે. ખેડા તાલુકાના રઢુ ગામ નજીકથી પસાર થતી વાત્રક નદીમાંથી જમીન માફિયાઓ લાંબા સમયથી રેતીનું ખોદકામ કરી રહ્યા છે. ભૂ-માફિયાઓ એ નદીનો પ્રવાહ રોકી દીધો હતો અને નદીમાં અવરજવર માટે ૧૫ પાઈપની મદદથી પુલ બનાવ્યો હતો. જેના પરથી ખાણ માફિયાઓના વાહનો નિયમિત પણે પસાર થતા હતા. સ્થાનિક લોકોએ આ અંગે વહીવટીતંત્રને પણ જાણ કરી હતી, પરંતુ કોઈ કાર્યવાહી ન થતાં આખરે રઢુ ગામના સરપંચે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત કરી હતી. થોડા દિવસ અગાઉ જ પુલનું નિર્માણ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

સ્થાનિક અધિકારીએ મામલતદારને સ્થળની મુલાકાત લેવાનો નિર્દેશ આપ્યો હતો અને ખેડા મામલતદાર અને ખાણ અને ખનીજ વિભાગની ટીમે સ્થળની મુલાકાત લીધી અને તેનું નિરીક્ષણ કર્યું અને નદી પર ગેરકાયદેસર પુલ શોધી કાઢ્યો હતો. ઘટનાસ્થળની મુલાકાત લઈને અને રિપોર્ટ મેળવ્યા બાદ કલેક્ટરે તાત્કાલિક ગેરકાયદેસર પુલ તોડી પાડવાનો આદેશ આપ્યો હતો અને બુધવારે રાત્રે પોલીસના સહયોગથી ગેરકાયદેસર પુલ તોડી પાડવામાં આવ્યો હતો.

ખેડા મામલતદાર તરફથી જાણવા મળ્યું છે કે, આ પુલ કોણે બનાવ્યો તે અંગે કોઈ માહિતી નથી. સમગ્ર મામલાની તપાસ ખાણ અને ખનિજ વિભાગને સોંપવામાં આવી છે. ખાણ અને ખનીજ વિભાગની ટીમનો દાવો છે કે તેઓ નિયમિત નિરીક્ષણ કરી રહ્યા છે, પરંતુ જો નિયમિત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું હોય તો વાત્રક નદી પર બનેલા પુલ પર વહીવટીતંત્રનું ધ્યાન કેમ ન ગયું અથવા તે અંગે જાણ હોવા છતાં વહીવટીતંત્રે આંખ આડા કાન કેમ કર્યા તે સૌથી મોટો પ્રશ્ન છે.

સત્યમેવ જયતે
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય



રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ સમાવિષ્ટ ૭૭ લાખ થી
વધુ રેશનકાર્ડ ધારક કુટુંબોની ૩.૭૩ કરોડ
જનસંખ્યાને



PRADHANMANTRI GARIB KALYAN ANNA YOJANA
"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત એપ્રિલ – ૨૦૨૫ માસના ઘઉં અને ચોખાના વિનામૂલ્યે વિતરણની જાણકારી

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. |

એપ્રિલ - ૨૦૨૫ માસનું વિતરણ તારીખ:૩૦/૦૪/૨૦૨૫ સુધી ચાલુ રહેશે.

રાજ્ય સરકારની ખાંડ, મીઠાના રાહતદરે વિતરણ સંબંધિત યોજનાઓની અગત્યની જાણકારી

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિલો.ગ્રા. |
|---|---|---|---|---|
| ૧ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા.<br>૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૧૫ |
| ૨ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૩ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

ઈ-શ્રમ પોર્ટલ પર નોંધાયેલા શ્રમિકો પૈકી "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા" હેઠળ પાત્રતા ધરાવતા શ્રમિકો નજીકની ઝોનલ / મામલતદાર કચેરીનો સંપર્ક કરી, આ યોજનાનો લાભ મેળવી શકે છે.

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પર થી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી કુંવરજીભાઈ બાવળીયા
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઇન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫
તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકાશે